અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 11 જુલાઈ 2026 શનિવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 12

વર્ષ : 18
અંક : 12

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3

સ્પેનના જંગલમાં આગ, 12નાં મોત: કારમાં 4 લોકો જીવતા ભડથું થયા, 19 હજુ પણ ગુમ

4

E20 પેટ્રોલ અને ઘટતી માઈલેજ : સરકારી ગતકડાંથી પ્રજા પરેશાન

6

સીરિઝ જીતીને પણ ઘમંડ ન બતાવ્યો: ઈંગ્લેન્ડના કેપ્ટને ટીમ ઈન્ડિયાના વખાણ કરી ફેન્સના....

7

સેન્સેક્સ 828 પોઈન્ટ વધીને 77,569 પર બંધ: નિફ્ટીમાં 244 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેંક અને રિયલ્ટી શેરોમાં ....


## મોદી ઓસ્ટ્રેલિયાથી ન્યુઝીલેન્ડ પહોંચ્યા

### બંને દેશો FTA ડીલ ફાઈનલ કરશે, વડાપ્રધાન ઓકલેન્ડમાં 40 હજાર ભારતીયોને સંબોધન કરશે

**ઓકલેન્ડ, તા.10**

પીએમ મોદી પોતાની 6 દિવસીય યાત્રાના અંતિમ ચરણમાં ન્યુઝીલેન્ડ પહોંચી ગયા છે. 40 વર્ષ પછી કોઈ ભારતીય પીએમની આ ન્યુઝીલેન્ડ યાત્રા છે. આ પહેલા 1986માં દિવંગત રાજીવ ગાંધી ન્યુઝીલેન્ડના પ્રવાસે ગયા હતા.

પીએમના પ્રવાસની શરૂઆત ન્યુઝીલેન્ડ સરકાર સાથે દ્વિપક્ષીય વાતચીતથી થશે. આ દરમિયાન બંને દેશ FTA કરારને ફાઈનલ કરશે. સાથે જ પીએમ એક બિઝનેસ ઈવેન્ટ અને પછી એક સ્પોર્ટિંગ ઈવેન્ટમાં ભાગ લેશે.

આ પછી પીએમ ઓકલેન્ડમાં 40 હજાર ભારતીયોને પણ સંબોધન કરશે. પીએમના સ્વાગત માટે ભારતીય સમુદાયે 'કિયા ઓરા મોદી' કાર્યક્રમનું આયોજન કર્યું છે.પીએમ મોદી પોતાની 6 દિવસીય યાત્રાના અંતિમ ચરણમાં ન્યુઝીલેન્ડ પહોંચ્યા છે.



પીએમ મોદીએ તેમના ઓસ્ટ્રેલિયા પ્રવાસના ત્રીજા અને છેલ્લા દિવસે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ની મુલાકાત લીધી. આ દરમિયાન તેમની સાથે ઓસ્ટ્રેલિયન પીએમ એન્થની અલ્બેનીઝ અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સ્ટીવ વો પણ હાજર રહ્યા.

MCG માં પીએમ મોદીએ કહ્યુ કે ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ (BBL) એટલે કે ટી-20 લીગની ઓપનિંગ મેચ આ વર્ષે 12 ડિસેમ્બરે ચેન્નઈમાં રમાશે. આ પહેલીવાર બનશે જ્યારે કોઈ વિદેશી ક્રિકેટ લીગની મેચ ભારતમાં રમાશે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પરથી મોદી મેલબર્નથી ન્યુઝીલેન્ડ જવા રવાના થયા છે.

પીએમ મોદી તેમના છ દિવસીય વિદેશ પ્રવાસના અંતિમ તબક્કામાં આજે ન્યુઝીલેન્ડ પહોંચશે. પીએમના પ્રવાસની શરૂઆત ન્યુઝીલેન્ડ સરકાર સાથે દ્વિપક્ષીય વાટાઘાટોથી થશે. આ દરમિયાન બંને દેશો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) કરારને અંતિમ સ્વરૂપ આપશે. ત્યારબાદ પીએમ એક બિઝનેસ ઈવેન્ટ અને સ્પોર્ટિંગ ઈવેન્ટમાં ભાગ લેશે.

ત્યારબાદ ઓકલેન્ડમાં 40 હજાર ભારતીયોને પણ સંબોધિત કરશે. પીએમના સ્વાગત માટે ભારતીય સમુદાયે 'કિયા ઓરા મોદી' કાર્યક્રમનું આયોજન કર્યું છે. ન્યુઝીલેન્ડમાં 40 વર્ષ બાદ કોઈ ભારતીય પીએમની આ મુલાકાત થઈ રહી છે. આ પહેલા 1986માં તત્કાલીન પીએમ રાજીવ ગાંધી ન્યુઝીલેન્ડ ગયા હતા.

### શેખ હસીનાએ કહ્યું- ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછી ફરીશ

## કોર્ટમાં સરેન્ડર કરીશ, હત્યા થઈ જાય તો પણ મંજૂર, દેશની માટી પર મરવા માંગુ છું

**નવી દિલ્હી, તા.10**

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું છે કે તેઓ ડિસેમ્બરમાં ભારતથી બાંગ્લાદેશ પાછા ફરશે અને કોર્ટમાં આત્મસમર્પણ કરશે. તેમણે કહ્યું કે તેમની સાથે અવામી લીગના ઘણા વરિષ્ઠ નેતાઓ પણ બાંગ્લાદેશ પાછા ફરીને આત્મસમર્પણ કરશે.

હસીનાએ કહ્યું કે અવામી લીગના નેતાઓ અને કાર્યકરો પર સતત કાર્યવાહી થઈ રહી છે. તેમના મતે, લગભગ તમામ મોટા નેતાઓ અને કાર્યકરો પર કેસ નોંધવામાં આવ્યા છે અને ઘણા લોકો છુપાઈને રહેવા મજબૂર છે. જોકે, તેમણે પાછા ફરવાની ચોક્કસ તારીખ જણાવી નથી. રોયટર્સને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું,



હસીના 2024માં સરકાર વિરોધી આંદોલન પછી બાંગ્લાદેશ છોડીને ભારત આવી ગયા હતા. ત્યારબાદ તેમને વિદ્યાર્થી આંદોલન પર કાર્યવાહી સંબંધિત કેસમાં મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી. તેઓ આ આરોપોનો ઈનકાર કરતા રહ્યા છે.

શેખ હસીનાએ કહ્યું કે તેમણે બાંગ્લાદેશ પાછા ફરવા અંગે સરકાર સાથે કોઈ વાતચીત કરી નથી. તેમનું કહેવું છે કે લોકશાહી, ચૂંટણી, અવામી લીગના રાજકીય અધિકારો અને ન્યાય જેવા મુદ્દાઓ પર પડદા પાછળ વાતચીત થઈ શકે નહીં. હસીનાએ દાવો કર્યો કે બાંગ્લાદેશ સરકાર તેમને પાછા મોકલવા માટે ભારતને સતત પત્રો લખી રહી છે. તેમણે કહ્યું, 'મને પાછા લાવવાની જરૂર નહીં પડે, હું જાતે જ પાછી ફરીશ.'

જોકે, હસીનાના આ દાવા પર બાંગ્લાદેશ સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. જ્યારે ભારતે પણ હાલમાં કોઈ ટિપ્પણી કરી નથી. આ પહેલા એપ્રિલમાં ભારતે કહ્યું હતું કે તે બાંગ્લાદેશની પ્રત્યાર્પણ વિનંતી પર વિચાર કરી રહ્યું છે અને નવી સરકાર સાથે સંબંધો મજબૂત કરવાની દિશામાં કામ કરી રહ્યું છે.

## સરકારનો આદેશ- પહેલા વંદે માતરમ્ પછી જન-ગણ-મન થશે: બધા રાજ્યોને 5 મહિનામાં બીજી વાર નિર્દેશ

**નવી દિલ્હી, તા.10**

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગાન જન-ગણ-મન અને રાષ્ટ્રગીત વંદે માતરમ્ અંગે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયોને નવી સૂચનાઓ જારી કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે નિયમોમાં પહેલેથી જ નક્કી છે કે કયા કાર્યક્રમોમાં બંનેને ગાવા કે વગાડવા જરૂરી છે.

મંત્રાલયે જણાવ્યું કે જો બંનેની એકસાથે રજૂઆત થાય તો પહેલા વંદે અને પછી જન-ગણ-મન હશે. જે રાજ્યોમાં રાજ્ય ગીત પણ હોય છે, ત્યાં પણ નિર્ધારિત ક્રમનું પાલન કરવું પડશે. 9 જુલાઈએ તમામ રાજ્યો અને મંત્રાલયોને પત્ર મોકલવામાં આવ્યો હતો, જેની માહિતી શુક્રવારે સામે આવી છે.

તમામ રાજ્યોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતના મૂળ શબ્દો, સાચા ઉચ્ચારણ અને નિર્ધારિત રજૂઆતનું સંપૂર્ણ પાલન થાય. બંનેનો અધિકૃત પાઠ અને સાચો ઉચ્ચારણ મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, જેથી કોઈ ભૂલ ન થાય.

આ પહેલા 28 જાન્યુઆરીએ પણ સરકારે તમામ રાજ્યોને આ જ આદેશ આપ્યો હતો. તે મુજબ, તમામ શાળાઓમાં દિવસની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવશે.

વંદે માતરમના સમયે દરેક વ્યક્તિએ ઊભા રહેવું પડશે. રાષ્ટ્રગીતના તમામ 6 અંતરા ગવાશે. તેમનો કુલ સમયગાળો 3.10 મિનિટ છે. પહેલા બે અંતરા ગાવામાં આવતા હતા.

સિનેમા હોલને નવા નિયમોથી દૂર રાખવામાં આવ્યા છે. એટલે કે, સિનેમાઘરોમાં ફિલ્મ શરૂ થતા પહેલા વંદે માતરમ વગાડવું અને ઊભા રહેવું ફરજિયાત રહેશે નહીં.

જો કોઈ ન્યૂઝરીલ કે ડોક્યુમેન્ટરી ફિલ્મના ભાગ રૂપે રાષ્ટ્રગીત વગાડવામાં આવે છે, તો દર્શકોને તે દરમિયાન ઊભા રહેવું જરૂરી રહેશે નહીં.

ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમ્ ને બંકિમચંદ્ર ચેટર્જીએ 7 નવેમ્બર 1875ના રોજ અક્ષય નવમી પર લખ્યું હતું. તે 1882માં પ્રથમ વખત તેમની પત્રિકા બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે છપાયું હતું.

## વિજયે કહ્યું- કરુર ભાગદોડ મારા જીવનનું સૌથી મોટું દર્દ

### ભીડને સંભાળવામાં પોલીસ નિષ્ફળ રહી, DMKએ 41 મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવ્યો

**ચેન્નઈ, તા.10**

તમિલનાડુના મુખ્યમંત્રી અને તમિલગા વેત્રી કડગમ (TVK) ના અધ્યક્ષ સી. જોસેફ વિજય ભાગદોડની ઘટના પછી પહેલીવાર કરૂર પહોંચ્યા. તેમણે કરૂરના એટલાસ ગ્રાઉન્ડમાં ભાગદોડમાં જીવ ગુમાવનારા 41 લોકોના પરિવારજનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો સોંપ્યા હતા. વિજયે જનસભામાં કહ્યું- 2025ની કરૂરની ઘટના મારા જીવનનું સૌથી મોટું દર્દ છે. તેમણે કહ્યું- પોલીસ ભીડને સંભાળવામાં નિષ્ફળ રહી પરંતુ તત્કાલીન DMK સરકારે લોકોના મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો. કરુરમાં 27 સપ્ટેમ્બર 2025ના રોજ TVKની પ્રથમ ચૂંટણી રેલીમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં 41 લોકોના મોત થયા હતા અને 100થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ વર્ષે વિધાનસભા ચૂંટણીમાં TVK પહેલીવાર ચૂંટણી લડવા છતાં સૌથી મોટી પાર્ટી બની. ગઠબંધનના સમર્થનથી પાર્ટીએ સરકાર બનાવી અને વિજય મુખ્યમંત્રી બન્યા. અકસ્માતને યાદ કરતાં વિજય ભાવુક થઈ ગયા. તેમણે કાર્યક્રમની વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા કહ્યું- આ બધાનો જવાબદાર કોણ છે? આદેશ કોણે આપ્યો? શું આટલી મોટી ભીડ માટે પૂરતી પોલીસ વ્યવસ્થા કરવામાં આવી હતી?

મુખ્યમંત્રીએ કહ્યું કે તેમનો 'પીપલ્સ મીટ' કાર્યક્રમ લોકો સાથે



સીધા મળીને તેમની સમસ્યાઓ જાણવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે પેરમ્બલુરમાં પોલીસે ભીડ વધુ હોવાને કારણે કાર્યક્રમ રદ કરવાની સલાહ આપી હતી, પરંતુ કરુરમાં ભારે ભીડ હોવા છતાં આવી કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી.

વિજયે કહ્યું- નામક્કલની સભા પૂરી થયા પછી જ્યારે અમે કરુર આવી રહ્યા હતા, ત્યારે કરુર પોલીસ અમને એલર્ટ કરી શકતી હતી. જો તેમને લાગ્યું હોત કે ભીડ સંભાળવી મુશ્કેલ છે તો તેઓ કાર્યક્રમ રદ કરી શકતા હતા. તેમને પૂરો અધિકાર હતો. પરંતુ તેઓ પોતે અમને કાર્યક્રમ સ્થળ સુધી લઈ ગયા. TVK પ્રમુખે કહ્યું- મેં પોલીસ પર પૂરો ભરોસો કર્યો અને પોલીસ અધિકારીઓનો આભાર પણ માન્યો હતો. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે આટલો મોટો અકસ્માત થશે. મને જોવા આવેલા ઘણા બાળકોનો જીવ ગયો.

તેમણે કહ્યું- જ્યારે પણ મારી તસવીર ટીવી પર આવતી હતી, બાળકો હસીને મને 'વિજય અંકલ' કહેતા હતા. અમે તે નિર્દોષ બાળકોને ગુમાવ્યા, જે ભગવાન જેવા હતા. આ નુકસાન મારા માટે ખૂબ જ અંગત અને પીડાદાયક છે.

વિજયે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની યાદમાં કરુરમાં TVK તરફથી સ્મારક બનાવવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ સ્મારક એટલા માટે બનાવવામાં આવશે, જેથી આવનારી પેઢીઓ આ ઘટનાને યાદ રાખે અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓનો રાજકીય ઉપયોગ ન થાય. વિજયે DMK પર પણ આકરા પ્રહાર કર્યા. તેમણે અગાઉની સરકાર પર ભ્રષ્ટાચાર અને રાજકીય બદલાની ભાવનાથી કામ કરવાનો આરોપ લગાવ્યો અને લોકોને આગામી ચૂંટણીમાં DMKને હરાવવાની અપીલ કરી.

## ઈરાને કહ્યું- ઈઝરાયલ જો હુમલો કરશે તો બચશે નહીં

### ઈઝરાયલી PMએ કહ્યું હતું- ઈરાનને પરમાણુ બોમ્બ નહીં બનાવવા દઈએ, જરૂર પડશે તો એટેક કરીશું

**તેહરાન, તા.10**

ઈરાને ચેતવણી આપી છે કે જો તેના કોઈ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો થશે તો તેનો વળતો જવાબ આપવામાં આવશે અને ઈઝરાયલ તેનાથી બચી શકશે નહીં. સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહમ્મદ બાઘેર જોલગદરે શુક્રવારે આ ચેતવણી આપી હતી. આ પહેલા ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હતું કે ઈઝરાયલ કોઈપણ સંજોગોમાં ઈરાનને પરમાણુ હથિયાર હાંસલ કરવા નહીં દે. તેમણે ઉમેર્યું કે ઈરાન સામેનું યુદ્ધ હજી પૂરું નથી થયું અને જરૂર પડ્યે ફરીથી હુમલો કરી શકાય છે. ઈઝરાયલી વાયુસેનાના એક કાર્યક્રમમાં નેતન્યાહુએ કહ્યું, 'જો અમે કાર્યવાહી ન કરી હોત, તો ઈરાન અત્યાર સુધીમાં પરમાણુ હથિયાર બનાવી ચૂક્યું હોત.' આ સાથે જ ઈઝરાયલી મીડિયામાં દાવો કરવામાં આવ્યો છે કે ઈઝરાયલ ઈરાન પર ફરી હુમલો કરવા માટે તૈયાર છે, પરંતુ તે માત્ર અંતિમ મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. અમેરિકાએ બુશેહર પરમાણુ ઠેકાણા નજીક હુમલો કર્યો: ઈરાનના એક અધિકારીએ જણાવ્યું



કે અમેરિકાએ બુશેહર પરમાણુ ઠેકાણાને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો. જોકે, સુવિધાને કોઈ નુકસાન થયું નથી. ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર મિસાઈલો છોડી: ઈરાને અમેરિકાના હુમલાઓ બાદ જવાબી કાર્યવાહી કરતા બહેરીન, કુવૈત અને જોર્ડનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર મિસાઈલો છોડી. જોકે, આ દેશોએ ઘણી મિસાઈલો અને ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો છે. અમેરિકાએ ઈરાનમાં ચીન-રશિયા સાથે જોડાયેલા પુલ પર હુમલો કર્યો: ઈરાને દાવો કર્યો છે કે અમેરિકાએ ઉત્તરી ઈરાનમાં ચીન અને રશિયા સાથે જોડાયેલા એક વ્યૂહાત્મક રેલવે પુલ પર ક્રુઝ મિસાઈલથી હુમલો કર્યો. ઈરાને તેને યુદ્ધ અપરાધ ગણાવ્યો.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ ટેન્કરોની અવરજવર લગભગ ઠપ: રોઈટર્સ અનુસાર, અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ ફરી વધ્યા બાદ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર ગુરુવારે ઠપ રહી. આનાથી વૈશ્વિક તેલ સપ્લાયને લઈને ચિંતા વધી અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં લગભગ 1% નો વધારો થયો. ઈરાને એક રાતમાં 1 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ મોકલ્યું: અલ જઝીરા અનુસાર, ઈરાને એક જ રાતમાં ઓછામાં ઓછું 1 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ અને ફ્યુઅલ ઓઈલ નિકાસ માટે મોકલી દીધું. અમેરિકાની નૌકાદળની નાકાબંધી ફરીથી લાગુ થવાની આશંકાને કારણે આ પગલું ભરવામાં આવ્યું.ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ ચેતવણી આપી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક સ્તરે તેલનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે અને ઊર્જા સંકટ વધુ લાંબું ખેંચાઈ શકે છે.

## રામમંદિરમાં ચોરી-દાનપેટીમાં આવતું દાન ઘટ્યું, 500ની નોટોમાં મોટો ઘટાડો

### ગણતરી કરનારા 23 કર્મચારીઓના એક સાથે રાજીનામા, SCમાં 13 જુલાઈએ સુનાવણી

**અયોધ્યા, તા.10**

અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરીના મામલે સુપ્રીમ કોર્ટ 13 જુલાઈએ સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ 3 અરજીઓ પર સુનાવણી કરશે. અરજીઓમાં તપાસ CBIને સોંપવા અને વિશેષ SITની રચના કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ, મંદિરમાં દાનના વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અલગ-અલગ વિષયોની સમીક્ષા માટે એક્સપર્ટ કમિટીની રચના કરવાની પણ માંગ કરવામાં આવી છે. આ તરફ, ગણતરી કરનારા 23 કર્મચારીઓએ ગુરુવારે એકસાથે રાજીનામું આપી દીધું છે. તેમનું કહેવું છે કે ચોરીની ઘટના પછી 10-20 રૂપિયાની નોટો વધી ગઈ છે, જેના કારણે ગણતરીમાં વધુ સમય લાગી રહ્યો છે. પહેલા 500 રૂપિયાની નોટોની 70-80 ગડ્ડીઓ બનતી હતી, હવે માંડ 15 ગડ્ડીઓ બની રહી છે. પહેલા કામ બે શિફ્ટમાં થતું હતું, પરંતુ હવે સવારે 9 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી એક જ શિફ્ટ કરી દેવામાં આવી છે. વેતન તે જ છે, જ્યારે કામના કલાકો વધી ગયા છે. હવે બેંક પાસે માત્ર 13 ગણતરી કર્મચારીઓ રહ્યા છે. ચઢાવાની ચોરીથી માતા સીતાનું મોસાળ 'જાનકી મંદિર' પણ દુઃખી છે. શ્રીરામનું સાસરું પાડોશી દેશ નેપાળના જનકપુરમાં છે. મંદિરના મહંત રોશન દાસે ભાસ્કરને જણાવ્યું કે ભગવાન શ્રીરામના કોઈ મંદિરમાં આવી ઘટના ક્યારેય જોઈ નથી કે સાંભળી નથી. મન વ્યથિત છે, તેથી શ્રાવણમાં જનકપુરથી 5-7 લોકો પ્રભુ શ્રીરામના ઘરે અયોધ્યા જશે, સાંત્વના આપશે અને દર્શન કરીને પાછા ફરશે.




# NEET સહિતના પેપરલિક મુદ્દે NSUIનું છાત્ર ગુંજ અભિયાન

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અને NTAને બંધ કરવાની માગ, QR કોડથી શિક્ષણ વ્યવસ્થા સુધારવા સૂચનો મગાવ્યા




**અમદાવાદ, તા.10**

દેશ અને રાજ્યમાં પેપરલિકની ઘટનાઓને લઈને NSUI દ્વારા છાત્ર ગુંજ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા અટલ કલામ સેન્ટર ખાતે છાત્ર ગુંજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં NSUIના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડ અને ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ઈન્દ્રવિજસિંહ ગોહિલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

QR કોડ દ્વારા શિક્ષણમાં કેવા પ્રકારના બદલવા કરી શકાય તેને લઈને સુઝાવ માગવામાં આવ્યા છે. તેમજ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે અને NTAને બેન્ડ કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

થોડા સમય પહેલા NEET પરીક્ષાનું પેપર લીક થતા ફરી પરીક્ષા લેવી પડી હતી. તેમજ તે બાદ પણ અનેક પેપર લીકની ઘટનાઓ સામે આવી છે. જેને ધ્યાનમાં રાખીને NSUI દ્વારા અલગ અલગ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે છાત્ર ગુંજ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યમાં શિક્ષણની સ્થિતિ છે અને તેનાથી વિદ્યાર્થીઓને શું અસર થઈ રહી છે તેની માહિતી માંગવામાં આવી છે. તેમજ શિક્ષણની સ્થિતિ કઈ રીતે સુધારી શકાય તેને લઈને પણ વિદ્યાર્થીઓ પાસેથી સુઝાવ માંગવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અટલ કલામ સેન્ટર ખાતે હાજર રહ્યા હતા. જ્યાં શિક્ષણ મંત્રીના રાજીનામા માટે વિદ્યાર્થીઓ પાસેથી સમર્થન માંગવામાં આવ્યું છે.

છાત્ર ગુંજ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ પાસે સંવાદ કરવામાં આવ્યો હતો. શિક્ષણની વધતી ફી, હોસ્ટેલ અને કેમ્પસની સુવિધાઓ, પરીક્ષા વ્યવસ્થા, સ્કોલરશિપ, પ્લેસમેન્ટ, બેરોજગારી, મહિલા સુરક્ષા, ડિજિટલ સુવિધાઓ તેમજ યુનિવર્સિટી પ્રશાસનની કામગીરી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના સૂચનો અને રજૂઆતોના આધારે સ્થાનિક તેમજ રાજ્ય સ્તરે પ્રશ્નો ઉઠાવવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

NSUIના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષથી દેશ અને ગુજરાતમાં પેપરલીકની ઘટનાઓ બની રહી છે. 10 વર્ષમાં ગુજરાતમાં 22 કરતાં વધુ પેપર લીક થવાની ઘટનાઓ સરકારની કાર્ય પદ્ધતિ પર સવાલ ઊભા કરી રહી છે. તો દેશમાં છેલ્લા 10 વર્ષમાં 89 કરતા વધુ પેપર લીક થયા છે, જેમાં NEETનું પેપર 4 વખત લીક થયું છે. ભારત દેશના એજ્યુકેશન સિસ્ટમ પર સવાલો ઊભા થઈ રહ્યા છે. NEET પેપર લીક થવાથી 21 જેટલા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. છતાં પણ સરકાર દ્વારા હજુ સુધી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવ્યું નથી. આખો દેશ રસ્તા પર ઉતરીને શિક્ષણ મંત્રીના રાજીનામાની અને એજ્યુકેશન સિસ્ટમને બદલવાની માંગ કરી રહ્યો છે.

શિક્ષણનું બજેટ કમજોર થઈ ગયું હોવાના આક્ષેપ સાથે વિનોદ જાખડે જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ જ્યારે અભ્યાસ કરતા હોય ત્યારે તેમના માથે છત અથવા પંખા પડવાની ઘટનાઓ બનતી હોય છે. ભાજપના શાસનમાં આખા દેશમાં એજ્યુકેશન સિસ્ટમ ખરાબ થઈ ગઈ છે. તેમજ શિક્ષાનું બજેટ કમજોર થઈ રહ્યું છે. પેપર માફીઆઓ એટલા બેફામ થઈ ગયા છે કે જાણે સરકાર તેમને પ્રોટેક્શન આપી રહી હોય તેવું લાગી રહ્યું છે.

જેથી ગુજરાત યુનિવર્સિટીમાં છાત્ર ગુંજ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આખા દેશમાં આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવાનો અને તેનો સુઝાવ આપવાનો છે. પેપરલિકની ઘટનાઓના કારણે વિદ્યાર્થીઓ અત્યારે ડિપ્રેશનમાં જતા રહ્યા છે. તેમજ તે લોકોની માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે.

NTA બેન્ડ કરવાની માગ સાથે વિનોદ જાખડ જણાવે છે કે, તેમજ વિદ્યાર્થીઓના પરિવારની પણ માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. કારણ કે વાલીઓએ વ્યાજે પૈસા લઈને, જમીન ગીરવી મૂકીને તેમના દીકરા અને દીકરીઓને અભ્યાસ કરાવ્યો છે. પરંતુ પેપર લીક થયા બાદ પણ સરકારની પકડથી પેપરલીક માફીયાઓ ફરાર છે. ગુજરાતમાં એજ્યુકેશનને પ્રાઈવેટ કરી દેવામાં આવ્યું છે. ગરીબ બાળકો અત્યારે ઓછી ફીમાં અભ્યાસ કરી શકતા નથી. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પણ સમયસર આપવામાં આવતી નથી. ગુજરાત મોડલની વાત કરવામાં આવે છે પરંતુ તેની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. વિદ્યાર્થીઓ ડ્રગ્સના રવાડે ચડી રહ્યા છે. દરેક કોલેજ અને યુનિવર્સિટીઓ પાસે ડ્રગ્સ મળી રહ્યા છે. છતાં પણ સરકાર કોઈ પગલાં લેતા નથી. પેપર લીકમાં કડક કાયદો બનાવવામાં અને NTA સંસ્થાને બંધ કરી દેવી જોઈએ તેવી અમારી માંગણી છે. સડકથી લઈને સાંસદ સુધી વિદ્યાર્થીઓ મુદ્દે અવાજ ઉઠાવવામાં આવશે.

# ટર્ન લેતી DPSની બસમાં ઘુસતા મોપેડ ચાલકનું મોત

## રોડ પર લોહીનો 4 ફૂટનો રેલો વહ્યો, AMCના બેરિકેડિંગથી બસે મોટો વળાંક લેવો પડ્યો, ડ્રાઈવર-કંડકટર બાળકોને મૂકી ફરાર

**અમદાવાદ, તા.10**

શુક્રવારે બપોરે 2:30 વાગ્યાની આસપાસ અમદાવાદના શાસ્ત્રીનગરમાં ટર્ન લઈ રહેલી ડીપીએસ સ્કૂલની બસમાં ઘુસી જતા મોપેડ ચાલક યુવકને ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. અકસ્માત બાદ ડીપીએસ બસના ડ્રાઈવર અને કંડકટર બંને બસ અને બાળકોને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયા હતા.

પલ્લવ ચાર રસ્તા પાસે બપોરના સમયે બોપલ DPS સ્કૂલનો બસ ચાલક બસને વાળતો હતો અને સ્પીડમાં આવતો મોપેડ ચાલક તેમાં ઘુસી ગયો હતો. જેના કારણે બસની નીચે આવી જતા યુવકનું મોત થયું હતું. ત્યાર બાદ ત્રણ-ચાર ફૂટ લાંબો લોહીનો લિસોટો પડી ગયો હતો. ઘટનાની જાણ ટ્રાફિક પોલીસને થતાં બી ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી.

આ અંગે જાણ થતાં ઘટના સ્થળ પર લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. આ બાબતે યુવકની ઓળખ કરવામાં આવતા તેનું નામ યુવરાજ હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. ત્યાર બાદ તેના પરિવારજનોને જાણ કરવાની અને લાશને પીએમ માટે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી હતી.



બસ ચાલક દ્વારા બસને ડાબી તરફ વાળવામાં આવી રહી હતી ત્યારે પાછળના ભાગે એકટીવા ચાલક ફુલ સ્પીડમાં આવ્યો હતો અને વળાંક લીધો ત્યારે અથડાયો હતો. જેથી પાછળનું વ્હીલમાં યુવક આવી જતાં તેના માથા ઉપર ફરી વળ્યું હતું જેના કારણે તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. રોડના વળાંક પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કામ ચાલી રહ્યું હતું અને ત્યાં બેરિકેડિંગ કરવામાં આવેલા હતા જે બેરીકેડિંગ કર્યા હોવાથી બસે મોટો ટર્ન લેવો પડ્યો અને પાછળથી ફૂલ સ્પીડમાં આવતો એકટીવા ચાલક અથડાયો અને અકસ્માત સર્જાયો હતો.

આ અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ પટેલે જણાવ્યું હતું કે, બપોરે 2.30 વાગ્યા આસપાસ શાસ્ત્રીનગર ચાર રસ્તા પહેલા સાઉથ ઢોંસાવાળી ગલી સામે DPS સ્કૂલ બસ અને એક્ટિવા ચાલક વચ્ચે અકસ્માત થયો હતો. એક્ટિવા ચાલકનું નામ યુવરાજ (ઉ.વ.19- 20) હોવાનું જાણવા મળ્યું છે અને સ્થળ પર જ મૃત્યુ થયું છે. આ અંગેની કાર્યવાહી હાલ ચાલુમાં છે.

ડીપીએસ બોપલ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું કે, અમારા વિદ્યાર્થીઓને લઈ જતી એક બસ અને ટુ-વ્હીલર સવાર વચ્ચે થયેલા ટ્રાફિક અકસ્માત વિશે જાણીને અમને ઊંડી ચિંતા થઈ છે. અમારા વિદ્યાર્થીઓની સુરક્ષા એ જ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે, અને અમે વાલીઓ તથા બધાને તાત્કાલિક ખાતરી આપવા માંગીએ છીએ કે બસમાં સવાર તમામ બાળકો સંપૂર્ણપણે સુરક્ષિત અને હેમખેમ છે, અને તેઓને વૈકલ્પિક વાહન દ્વારા ઘરે મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટનામાં સામેલ વાહનની માલિકી અને સંચાલન એક સ્વતંત્ર થર્ડ-પાર્ટી ટ્રાન્સપોર્ટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા કરવામાં આવે છે. અમે સર્વિસ પ્રોવાઈડર પાસેથી વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છીએ અને આ બાબતની તપાસ કરી રહેલા સ્થાનિક સત્તાવાળાઓને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છીએ.

# ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે નવી મેરીટ યાદી જાહેર કરી

- નવા 1880 સહિત 47,360 વિદ્યાર્થીઓનો સમાવેશ,બીજા રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગ 13 જુલાઈ સુધી ચાલશે

**અમદાવાદ, તા.10**

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને ACPCએ નવી મેરિટ યાદી જાહેર કરી છે. તેમજ બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પણ શરૂ કરવામાં આવી છે. નવા અને અગાઉ મળીને કુલ 48,968 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 47,360 વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ રી-શફલિંગમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ખાસ ચેતવણી આપવામાં આવી છે કે નવી બેઠક ફાળવાશે તો પહેલાનો કન્ફર્મ એડમિશન આપોઆપ રદ થઈ જશે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને નવી મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા 3 જુલાઈએ પૂર્ણ થયા બાદ ઈમ્પ્રૂવમેન્ટ પરીક્ષા પાસ કરનારા અને JOSAA દ્વારા IIT તથા NITમાં પ્રવેશ મળતા ખાલી પડેલી બેઠકોને ધ્યાનમાં રાખીને બીજા અને ત્રીજા રાઉન્ડની કાર્યવાહી નક્કી કરવામાં આવી છે. બીજા રાઉન્ડ પહેલાં નવા વિદ્યાર્થીઓ માટે 5 જુલાઈ સુધી રજિસ્ટ્રેશન ખુલ્લું રાખવામાં આવ્યું હતું, જેમાં આશરે 1,711 વિદ્યાર્થીઓએ નવા રજિસ્ટ્રેશન કરાવ્યા હતા. આ તમામ પરિણામોને આધારે હવે સુધારેલુ મેરિટ જાહેર કરવામાં આવ્યું છે અને બીજા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આ વર્ષે પ્રથમ તબક્કામાં એન્જિનિયરિંગ પ્રવેશ માટે કુલ 47,256 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી 45,480 વિદ્યાર્થીઓને મેરિટ આપવામાં આવી હતી. ત્યારબાદ નવા રજિસ્ટ્રેશન અને ઈમ્પ્રૂવમેન્ટ પરીક્ષાના પરિણામો બાદ કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધીને 48,968 થઈ છે. નવા 1,880 વિદ્યાર્થીઓને મેરિટમાં સામેલ કરવામાં આવતા હવે કુલ 47,360 વિદ્યાર્થીઓને મેરિટ આપવામાં આવી છે. નવા ઉમેરાયેલા વિદ્યાર્થીઓમાં GUJCET આધારિત 788, JEE આધારિત 229 અને GUJCET તથા JEE બંનેના 858 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ 2,496 વિદ્યાર્થીઓના મેરિટ માર્ક્સમાં સુધારો નોંધાયો છે, જ્યારે 528 વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા પાસ કરીને મેરિટમાં સામેલ થયા છે.

ઈમ્પ્રૂવમેન્ટ પરીક્ષાના કારણે અનેક વિદ્યાર્થીઓની રેન્કમાં નોંધપાત્ર સુધારો થયો છે, જેમાં 8 વિદ્યાર્થીઓની રેન્ક ટોપ-100માં, 52 વિદ્યાર્થીઓની ટોપ-500માં અને 451 વિદ્યાર્થીઓની ટોપ-5,000માં સુધરી છે. અત્યારે નિયમ અનુસાર સરકારી અને અનુદાનિત સંસ્થાઓની 95 ટકા બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની 50 ટકા બેઠકો GUJCETના આધારે ભરવામાં આવે છે, જ્યારે સરકારી સંસ્થાઓની 5 ટકા બેઠકો JEEના આધારે ફાળવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના લોગ-ઈન દ્વારા અથવા ACPCની વેબસાઈટ પર એપ્લિકેશન નંબર દાખલ કરીને નવી મેરિટ ચકાસી શકે છે.

# AMCમાં ભાડે લેવાતા પ્લોટમાં પોલમ પોલ: કરોડો રૂપિયાની કિંમતના પ્લોટને નજીવા દરે ભાડે લઈને ગેરરીતિ થતી હોવાની શંકા

**અમદાવાદ, તા.10**

શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ભાડે આપવામાં આવતા પ્લોટની નીતિમાં નિયમોનું પાલન થતું નથી અને કેટલાક પ્લોટમાં એસ્ટેટ વિભાગ અને પ્લોટ ભાડે રાખનાર માટે વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવતી હોવાનું ધ્યાને આવતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા કોર્પોરેશનની માલિકીના પ્લોટો ભાડે આપવા અંગેની ચોક્કસ નીતિ બનાવવા માટેની સૂચના આપવામાં આવી છે. કેટલીક જગ્યાએ પ્લોટ બિલ્ડરોને લેબર કોલોની, બે બ્રિજ અને ઓફિસ બનાવવા, ઈન્ડસ્ટ્રીયલ શેડ અને કેટલીક જગ્યાએ ફૂડ કોર્ટ પણ ધમધમતા થઈ ગયા હોવાથી નિયમોનું પાલન થતું નથી. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રીન્યુ માટે મૂકવામાં આવતા નથી અને છ મહિને નીતિ બદલી નાખવામાં આવે છે જેના પગલે તાત્કાલિક ધોરણે ચોક્કસથી નવી નીતિ બનાવીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવા જણાવ્યું છે.



સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાડે આપવાની નીતિ દર છ મહિને બદલાઈ જતી હોવાનું સામે આવ્યું હતું. જ્યારે પ્લોટ ભાડે આપવામાં આવે છે, ત્યારે છ મહિના અથવા એક વર્ષ માટે ભાડે આપવામાં આવે છે, ત્યારબાદ તેને રીન્યુ કરવામાં આવે છે, ત્યારે બદલાવ કરી દેવામાં આવતા હોય છે. ધાર્મિક સિવાય કોઈપણ પ્રકારના પ્લોટ ભાડે આપવા અંગેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ લાવવામાં આવી નથી. એસ્ટેટ વિભાગ દ્વારા બારોબાર પ્લોટ ભાડે આપવામાં આવતા હોય છે અને તેની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત લાવવામાં આવતી નથી જેથી હવેથી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત લાવવા અને ચોક્કસ નીતિ બનાવવા માટે એસ્ટેટ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રિદ્ધેશ રાવલને સૂચના આપવામાં આવી છે. શહેરમાં AMC એસ્ટેટ વિભાગ દ્વારા મ્યુનિ.ની માલિકીના પ્લોટ ભાડે આપવામાં આવતા હોય છે, જેમાં `નિયમોની ઐસી તૈસી' કરીન દેવામાં આવે છે. ગેરરીતિ આચરતા હોવાનું ધ્યાન પર આવ્યું છે. આ પ્રકારે અપાતા મ્યુનિ. પ્લોટોમાં કેટલીક જગ્યાએ ઈન્ડસ્ટ્રીયલ શેડ બનાવી દેવાયા છે અને કેટલીક જગ્યાએ ગેરકાયદે ફુડ કોર્ટ અને ખાણીપીણીનો ધંધો ધમધમતો હોવાનું જોવા મળ્યું છે. 2022થી અમલમાં આવેલી મ્યુનિ. પ્લોટ ભાડે આપવાની પોલિસીમાં બે વખત 6-6 મહિને સુધારા કરાયા હતા અને ત્યારપછી 6 મહિનાનો શબ્દ દૂર કરીને 12 મહિનાનો સુધારો કરાયો હતો અને માર્ચ, 2025માં સુધારો કરીને તા. 16 સપ્ટેમ્બર, 2025થી અમલ કરાયો હતો તેની મુદત માર્ચ, 2026માં પૂરી થઈ છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલે કહ્યું કે સ્ટેન્ડિંગ કમિટીમાં ટોકન દરે કેટલીક સંસ્થાઓને લોકો દ્વારા બેનર અને હોર્ડિંગ્સ લગાવાવાની મંજૂરી તો મેળવી લે છે, પરંતુ તેની ટોકન ફી પણ જમા કરાવતા નથી તેવા દાખલા ધ્યાને આવતાં હવેથી જે કોઇ વ્યક્તિ કે સંસ્થા આવા કામચલાઉ બેનર-હોર્ડિંગ્સ લગાવવાની મંજૂરી લેવા આવે તેનાં નાણાં જમા થયા બાદ જ તેને મંજૂરી આપવામાં આવે તેવી સૂચના અધિકારીઓને આપવામાં આવી છે. તેમજ આવા બોર્ડ-બેનર-હોર્ડિંગમાં સ્ટે.કમિટીનો ઠરાવ નંબર લખવામાં આવે છે તેના બદલે તેના નાણાં જમા થયાની રસીદનો નંબર લખવામાં આવે તેવી પણ સૂચના આપવામાં આવી છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક લોકો મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાડે લઈને તેમાં સિઝનલ ધંધાના નામે પ્રકારની ચીજવસ્તુનાં વેચાણનાં સ્ટોલ બનાવી પેટા ભાડે આપી કમાણી કરતાં હોય છે. એસ્ટેટ ખાતા દ્વારા સીધે સીધા ભાડે આપવામાં આવતાં પ્લોટ અંગે સ્ટેન્ડિંગ કમિટીમાં કોઈ જાણ હોતી નથી. તમામ પ્લોટ કોને કઇ રીતે અને કેટલા ભાડાથી આપવાની નીતિમાં મનફાવે તેમ અર્થઘટન કરી એસ્ટેટ ખાતાનાં કર્મચારી અને અધિકારીઓ દ્વારા શબ્દોનું અર્થઘટન કરી નીતિ બનાવવામાં આવી છે. શહેરનાં કેટલાય પ્લોટ જે તે ઝોન અને વોર્ડનાં એસ્ટેટ કર્મચારીઓ તેમજ કેટલાક કોર્પોરેટરો તેમજ રાજકીય આગેવાનો બારોબાર ભાડે આપી કમાણી કરી લેતાં હોવાનું ભૂતકાળમાં સામે આવ્યું છે. પ્લોટ નજીવા ભાડે લઇ કમાણીનાં ધંધા કરવામાં આવે છે તેમજ 6 મહિનાની મુદત માટે પ્લોટ ભાડે લઈને મુદત પૂરી થાય તે પહેલાં ફરીથી એ જ પ્લોટ ભાડે લઇ કમાણી ચાલુ રાખવાનો ધંધો પણ કેટલાક લોકો કરી રહ્યાં છે. કેટલાક કિસ્સામાં કોર્પોરેટરોની છુપી ભાગીદારી હોવાનાં પણ આક્ષેપ થઈ રહ્યાં છે.

# 'સેક્સ પાવર' વધારવાની આયુર્વેદિક દવા આપી 5000ને ફસાવ્યા: દવાની એડ ને પછી 1 લાખ સુધીની ખંડણીનો ખેલ, અમદાવાદમાં કોલ સેન્ટર ઉભું કર્યું હતું, યુવતી સહિત 7ની ધરપકડ

**અમદાવાદ, તા.10**

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે આજે 10 જુલાઈએ અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં ચાલતા એક કોલ સેન્ટર પર દરોડો પાડીને, સેક્સ્યુઅલ પાવર વધારવાની આયુર્વેદિક દવાના નામે કરોડો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરતું આંતરરાજ્ય રેકેટ ઝડપી પાડ્યું છે.

આ નેટવર્ક દ્વારા આશરે 4000થી 5000 લોકો સાથે છેતરપિંડી આચરી કરોડો પડાવવામાં આવ્યા છે. જેમાં ગ્રાહક દવા ખરીદે લે ત્યારબાદ પોલીસખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને 1 લાખ સુધીની ખંડણી માગતા હતા. આ કેસમાં વસ્ત્રાલ(અમદાવાદ), ઉત્તર પ્રદેશથી મુખ્ય સૂત્રધાર અને યુવતી સહિત 7ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ આરોપીઓની મોડસ ઓપરેન્ડી ચોંકાવનારી હતી. આરોપીઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'શક્તિવર્ધક દવા', '100 ટકા ગેરંટી', 'આયુર્વેદિક સારવાર' અને 'પરફોર્મન્સ વધારવાની દવા' જેવી લોભામણી જાહેરાતો આપતા હતા. જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરનાર ગ્રાહકોને કોલ સેન્ટરના કર્મચારીઓ ડોક્ટર અથવા તબીબી નિષ્ણાત બનીને દવા ખરીદવા માટે સમજાવતા હતા.

જો ગ્રાહક પાર્સલ મેળવીને નાણાં ચૂકવી દે, તો આરોપીઓ તેને ફોન કરીને નકલી પોલીસ અધિકારી કે ડોક્ટર તરીકેની ઓળખ આપતા હતા અને જણાવતા હતા કે તેઓએ પ્રતિબંધિત શક્તિવર્ધક દવા ઓનલાઈન મંગાવી છે.

ત્યારબાદ ગ્રાહકના રહેણાંક વિસ્તારના પોલીસ સ્ટેશન કે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના નામે FIR અને ધરપકડનો ડર બતાવી, કેસ રફેદફે કરવા માટે રૂ. 2000થી લઈને 1 લાખ સુધીની રકમ બળજબરીપૂર્વક પડાવતા હતા. જો કોઈ ગ્રાહક કોઈ કારણસર પાર્સલ ન સ્વીકારે, તો પણ તેને જેલની સજા અને પોલીસ કેસની ધમકી આપીને આ જ રીતે રૂપિયા વસૂલતા હતા.



આરોપીઓ ગ્રાહકો પાસેથી ઓનલાઈન ઓર્ડર મેળવી પોસ્ટ અને કુરિયર મારફતે દવાની ડિલિવરી કરતા હતા. સમગ્ર કારોબાર અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા કોલ સેન્ટર પરથી સંચાલિત થતો હતો, જ્યારે ઉત્તર પ્રદેશના ઈટાવામાં રહેતો દેવેન્દ્રસિંહ રાજાવત આ ગેરકાયદે ધંધાનો મુખ્ય સંચાલક હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

સાયબર ક્રાઈમની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ સોશિયલ મીડિયા પર જાહેરાતો માટે દરરોજ અંદાજે રૂ.30 હજાર જેટલો ખર્ચ કરતા હતા. કમ્પ્યુટર અને ડિજિટલ ડેટાના વિશ્લેષણમાં હજારો લોકોના ડેટાબેઝનો ઉપયોગ કરીને ગ્રાહકોને નિશાન બનાવવામાં આવતા હોવાનું બહાર આવ્યું છે.

તપાસ દરમિયાન મળેલા ડિજિટલ પુરાવાઓના આધારે અત્યાર સુધી દેશભરમાં અંદાજે 4થી 5 હજાર લોકો આ ગેંગના શિકાર બન્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. વિવિધ રાજ્યોમાંથી નોંધાયેલી ફરિયાદોના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ વસ્ત્રાલ ખાતે 15 સીટરનું મોટું કોલ સેન્ટર ચલાવતા હતા, જ્યારે ઉત્તર પ્રદેશના બીધુના ખાતે આવી જ બીજી ટીમ નવું કોલ સેન્ટર શરૂ કરવાની ફિરાકમાં હતા.

આરોપીઓ પાસેથી મોટા પ્રમાણમાં મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે, જેમાં 44 મોબાઈલ ફોન, 23 સીપીયુ, 2 લેપટોપ, 1 મોનિટર, 3 કોલર આઈડી ફોન, 3 પેન ડ્રાઈવ, 5 પાસબુક, 1 ચેક બુક, 1 ક્યૂઆર કોડ, કોલર ટ્રાન્સસ્ક્રિપ્ટ, શક્તિવર્ધક દવાના 2 બોક્સ તેમજ તન્વી એન્ટરપ્રાઈઝિસ, અસ્વાની આયુર્વેદ, ડી આર આયુર્વેદ અને આયુર્શક્તિ આયુર્વેદ નામની પેઢીઓના 5 નકલી રબર સ્ટેમ્પ સામેલ છે.

પકડાયેલા આરોપીઓના વિવિધ બેંકોના 14 બેંક ખાતાઓ મળી આવ્યા છે, જેમાં તપાસ દરમિયાન 5 કરોડ રૂપિયાથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે. આ બેંક ખાતાઓ વિરૂદ્ધ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર અગાઉથી 6 ફરિયાદો નોંધાયેલી છે, જેમાં દિલ્હીની 1, રાજસ્થાનની 2 અને ઉત્તર પ્રદેશની 3 ફરિયાદોનો સમાવેશ થાય છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમ આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે આગળની સઘન તપાસ કરી રહી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, સર્ચ એન્જિન, વેબસાઈટ અથવા અન્ય ઓનલાઈન માધ્યમો પર દર્શાવાતી હેલ્થકેર, શક્તિવર્ધક દવાઓ, આયુર્વેદિક દવાઓ, કોસ્મેટિક તથા બ્યુટી પ્રોડક્ટની આકર્ષક જાહેરાતોથી પ્રભાવિત થઈ પ્રોડક્ટ ખરીદતા પહેલાં તેની વિશ્વસનીયતા અને વેચનારની ઓળખની સંપૂર્ણ ચકાસણી કરવી.

માત્ર લોભામણી ઓફર, ભારે ડિસ્કાઉન્ટ, '100% ગેરંટી', 'ચમત્કારિક પરિણામ' દર્શાવતી જાહેરાતોના આધારે ખરીદી કરવી નહીં. શક્ય હોય ત્યાં સુધી અધિકૃત વેબસાઈટ, અધિકૃત ડીલર અથવા વિશ્વસનીય ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી જ ખરીદી કરવી. કોઈપણ અજાણી વેબસાઈટ, સોશિયલ મીડિયા પેજ અથવા વોટ્સએપ નંબર પર પોતાની વ્યક્તિગત માહિતી, બેંક ખાતાની વિગતો, ડેબિટ/ક્રેડિટ કાર્ડની માહિતી, OTP, CVV, UPI PIN અથવા અન્ય ગોપનીય માહિતી ક્યારેય શેર કરવી નહીં. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે લોકોને સોશિયલ મીડિયા પર આવતી આયુર્વેદિક દવા, સેક્સ પાવર વધારવાની દવા અથવા ચમત્કારિક પરિણામોના દાવા કરતી જાહેરાતોથી સાવચેત રહેવા અપીલ કરી છે. કોઈપણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા તાત્કાલિક 1930 હેલ્પલાઈન નંબર અથવા સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સ્પેનના જંગલમાં આગ, 12નાં મોત: કારમાં 4 લોકો જીવતા ભડથું થયા, 19 હજુ પણ ગુમ

**મેડ્રિડ, તા.10**

સ્પેનના દક્ષિણ ભાગમાં આવેલા અંદાલુસિયામાં શુક્રવારે લાગેલી ભીષણ જંગલની આગમાં 12 લોકોના મોત થયા છે. જ્યારે, 19 લોકો હજુ પણ ગુમ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સ્પેનની સૌથી મોટી જંગલની આગની ઘટનાઓમાંથી એક છે. રોઈટર્સ અનુસાર, એક ગાડીમાં ચાર લોકો જીવતા સળગી ગયા. તેમની કારનું સ્ટીયરિંગ વ્હીલ જમણી બાજુ



હતું, જેના કારણે તેઓ બ્રિટિશ લાગી રહ્યા હતા. જ્યારે, પોતાની કાર છોડીને ભાગવાનો પ્રયાસ કરી રહેલા 7 લોકો પણ મૃત હાલતમાં મળી આવ્યા. અધિકારીઓએ જણાવ્યું કે તેઓ નિર્ધારિત નિકાસ માર્ગને બદલે બીજા રસ્તેથી નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. અંદાલુસિયાની ઈમરજન્સી સર્વિસે શરૂઆતી કોલના આધારે જણાવ્યું કે વીજળીના તૂટેલા વાયરથી આગ લાગી, જે ઝડપથી જંગલમાં ફેલાઈ ગઈ. બીજી તરફ, વીજળી કંપની એન્ડેસાના પ્રવક્તાએ આ દાવાને નકારી કાઢતા કહ્યું કે તપાસમાં જે કેબલની વાત થઈ રહી છે, તેમાં વીજળીનો પ્રવાહ જ નહોતો. તેથી આગના અસલી કારણની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. યુરોપમાં હીટવેવથી જંગલની આગનો ખતરો વધ્યો આ વર્ષે યુરોપમાં સતત પડી રહેલી ભીષણ ગરમી અને હીટવેવે જંગલની આગનો ખતરો ઘણો વધારી દીધો છે. ફ્રાન્સની સિવિલ પ્રોટેક્શન એજન્સીના પ્રમુખ જુલિયન મેરિયને કહ્યું કે 2026નો વાઈલ્ડફાયર સીઝન અસામાન્ય રીતે ઝડપી શરૂઆત સાથે આવ્યો છે.

# રામ મંદિર દાન ચોરી કેસની સુનાવણી CJI સૂર્યકાંત જાતે કરશે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ક્યારે અને ન્યાયાધીશો કોણ હશે

**નવી દિલ્હી, તા.10**

અયોધ્યા રામ મંદિર ચંદા ચોરીનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. રામ મંદિર દાન ચોરી કાંડની CBI તપાસની માંગ કરવામાં આવી રહી છે. રામ મંદિર દાન ઉચાપતની સીબીઆઈ તપાસની માંગણી સાથે અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. સુપ્રીમ આ મામલાની સુનાવણી કરવા તૈયાર થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટ ૧૩ જુલાઈએ આ મામલાની સુનાવણી કરશે. કોર્ટમાં CJI સૂર્યકાંતની બેન્ચ પોતે આ મામલાની સુનાવણી કરશે. નોંધનીય છે કે આ કેસમાં અત્યાર સુધીમાં ઘણા લોકોની ધરપકડ થઈ ચૂકી છે અને તેઓ ન્યાયિક કસ્ટડીમાં છે. આ મામલાની તપાસ હાલ એસઆઈટી કરી રહી છે.

CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચ આ મામલા સાથે જોડાયેલી ત્રણ રિટ અરજીઓ પર સુનાવણી કરશે. પહેલી અરજી નરેન્દ્ર કુમાર ગોસ્વામીએ પોતે દાખલ કરી છે. તેમણે આ કેસની તપાસ સીબીઆઈ એટલે કે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન પાસે કરાવવાની માંગ કરી છે. આ સાથે તેમણે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ના નાણાકીય વ્યવહારોનું કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ CAG પાસે ઓડિટ કરાવવાની પણ માંગ કરી છે. નોંધનીય છે કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ જ અયોધ્યા રામ મંદિરનું સંચાલન કરે છે.

રામ મંદિર દાન ચોરી કેસમાં બીજી અરજી અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવે પોતે દાખલ કરી છે. તેમણે પણ આ દાન ચોરીના કેસમાં CBI તપાસની માંગ કરી છે. જ્યારે ત્રીજી અરજી આરજેડી RJD એટલે કે રાષ્ટ્રીય જનતા દળના સાંસદ સુધાકર સિંહે દાખલ કરી છે. આરજેડી નેતાએ રામ મંદિરના દાનમાં કથિત કૌભાંડને જોતાં મંદિર ટ્રસ્ટના તમામ નાણાકીય રેકોર્ડનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની માંગ કરી છે. આ સાથે તેમણે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ તપાસ કરાવવાની પણ માંગ કરી છે.

# અમેરિકામાં H-1B વિઝાના નિયમો વધુ કડક થઈ શકે છે

## ■ યુનિવર્સિટીઓની છૂટ મર્યાદિત થઈ શકે છે, ગ્રીન કાર્ડ સંબંધિત નવા નિયમો આવવાની શક્યતા

**વોશિંગ્ટન, તા.10**

અમેરિકાનું ટ્રમ્પ પ્રશાસન નવા ઈમિગ્રેશન નિયમોની તૈયારી કરી રહ્યું છે, જેનાથી H-1B વિઝા, રોજગાર આધારિત ગ્રીન કાર્ડ અને વિદ્યાર્થી વિઝાની પ્રક્રિયા પહેલાં કરતાં વધુ કડક થઈ શકે છે.

પ્રસ્તાવિત ફેરફારો લાગુ થવા પર ભારતીય વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને અમેરિકી કંપનીઓ માટે નિયમોનું પાલન કરવું વધુ મુશ્કેલ અને મોંઘું થઈ શકે છે. આ પ્રસ્તાવો અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગ, શ્રમ વિભાગ અને વિદેશ વિભાગના એકીકૃત રેગ્યુલેટરી એજન્ડામાં શામેલ છે. આ માટે ઓગસ્ટમાં ફેરફારનો પ્રસ્તાવ આવી શકે છે.

એચ-1બી: યુનિવર્સિટીઓ અને કેટલીક સંશોધન સંસ્થાઓને મળતી એચ-1બી કેપ છૂટ મર્યાદિત કરી શકાય છે. ઘણા એવા પ્રસ્તાવો છે જેનાથી કંપનીઓનો ખર્ચ વધી શકે છે.

ગ્રીન કાર્ડ: એચ-1બી અને ગ્રીન કાર્ડ માટે લાગુ ન્યૂનતમ વેતન વધારવાનો પ્રસ્તાવ છે. સાથે જ ભરતી નિયમો, અમેરિકી કર્મચારીઓની છટણી સંબંધિત જોગવાઈઓ અને ભેદભાવ વિરોધી ઉપાયોમાં ફેરફારો પ્રસ્તાવિત છે.

વિદ્યાર્થી વિઝા: પ્રસ્તાવ હેઠળ વિદેશી વિદ્યાર્થીઓ માટે હાલની 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ' વ્યવસ્થા સમાપ્ત કરીને નિશ્ચિત અવધિનો




પ્રવાસ નક્કી કરી શકાય છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે આ વર્ષે મે મહિનામાં આ મામલો અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સમક્ષ ઉઠાવ્યો હતો. રુબિયોએ સ્વીકાર્યું હતું કે નવી ઈમિગ્રેશન સિસ્ટમમાં ફેરફાર દરમિયાન કેટલીક મુશ્કેલીઓ અને તણાવ થઈ શકે છે.

જોકે, રુબિયોએ કહ્યું હતું કે અમેરિકા ઈમિગ્રેશન સિસ્ટમને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને લાંબા ગાળે તેનો ફાયદો તમામ પક્ષોને મળશે. રુબિયોએ એમ પણ કહ્યું હતું કે આ પગલું ખાસ કરીને ભારતને નિશાન બનાવીને ઉઠાવવામાં આવ્યું નથી.

તેમના મતે, અમેરિકા છેલ્લા કેટલાક વર્ષોથી મોટા પાયે ગેરકાયદેસર પ્રવાસીઓની સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે. 2 કરોડથી વધુ લોકો ગેરકાયદેસર રીતે અમેરિકામાં દાખલ થયા અને તે જ પડકારનો સામનો કરવા માટે આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તાવિત ફેરફારો લાગુ થવા પર ભારતીય વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને અમેરિકી કંપનીઓ માટે નિયમોનું પાલન કરવું વધુ મુશ્કેલ અને મોંઘું થઈ શકે છે. આ પ્રસ્તાવો અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગ, શ્રમ વિભાગ અને વિદેશ વિભાગના એકીકૃત રેગ્યુલેટરી એજન્ડામાં શામેલ છે. આ માટે ઓગસ્ટમાં ફેરફારનો પ્રસ્તાવ આવી શકે છે. એચ-1બી: યુનિવર્સિટીઓ અને કેટલીક સંશોધન સંસ્થાઓને મળતી એચ-1બી કેપ છૂટ મર્યાદિત કરી શકાય છે. ઘણા એવા પ્રસ્તાવો છે જેનાથી કંપનીઓનો ખર્ચ વધી શકે છે.

# હાઈવે અને પુલો તૂટવાનું કારણ મોદી - ગડકરી વચ્ચેનું ઠંડુ યુદ્ધ?

**મુંબઈ, તા.10**

દર વર્ષે ચોમાસાની ઋતુ ચાલુ થાય છે કે તરત જ મીડિયામાં સમાચાર આવવા માંડે છે કે હજારો કરોડ ખર્ચીને રબનેલા એક્સપ્રેસ હાઈવે એક વરસાદમાં જ તૂટી ગયા છે.

મુંબઈ અને સુરત સહીત દેશભરમાં ભારે વરસાદને કારણે જનજીવન ઠપ થઈ ગયું છે. ગુરુગ્રામમાં થોડા વરસાદમાં જ મોટી મોટી બીલ્ડીંગો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈ - પૂણે એક્સપ્રેસ વે પર ૬૬૯૫ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો મીસીંગ લીંક એક્સપ્રેસ વે તૂટી પડયો છે.

આ બધું બનવા છતાં પણ કોઈ પણ કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે પગલા ભરવામાં આવતા નથી. લોકસભામાં કે વિધાનસભામાં આ બાબતે સરકારને પૂછવામાં આવે છે ત્યારે ગોળગોળ જવાબ મળે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, તૂટતા પુલો કે તૂટતા એક્સપ્રેસ હાઈવે માટે વરસાદને જવાબદાર ગણી શકાય નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વાહન વ્યવહાર મંત્રી નીતીન ગડકરી વચ્ચે ચાલી રહેલા ઠંડા યુદ્ધનો ભોગ તો આમ આદમી બની રહ્યો નથી ને?




મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એક વખત ગરમી આવી ગઈ છે. 'ઓપરેશન ટાઈગર' પછી હવે 'ઓપરેશન તૂતારી'ની ચર્ચા શરૂ થઈ ગઈ છે. એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવારએ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. એ પહેલા તેઓ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડે તેમજ એનસીપી (શરદ પવાર)ના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલને પણ મળ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં ચર્ચા ચાલી રહી છે કે શરદ પવાર એનડીએ સાથે ગઠબંધન કરી શકે છે. જોકે આ બાબતે પક્ષમાં નારાજગી હોવાનું કહેવાય છે. પક્ષના ધારાસભ્ય રોહિત પવાર કોઈપણ હિસાબે આ રાજકીય નિર્ણય સાથે સહમત નથી. શરદ પવાર મળવા આવતા હોવાના સમાચાર મળતા જ એકનાથ શિંદેએ પોતાની તમામ અગત્યની મીટીંગો રદ કરી હતી. એનસીપી (શરદ પવાર) પક્ષના કેટલાક નેતાઓ મહાવિકાસ અઘાડી સાથે રહેવાના પક્ષમાં છે.

પશ્ચિમ બંગાળમાં પક્ષ હાર્યો અને ત્યાર પછી પક્ષના સિનિયર નેતાઓ પક્ષ છોડી ગયા ત્યારે પણ મમતા ખાસ વિચલીત થયા નહોતા. જોકે હવે મમતા સામે નવી મુશ્કેલી આવતા તેઓ અકળાઈ ગયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ તૃણમુલ કોંગ્રેસના બેન્ક એકાઉન્ટમાં રહેલા ૪૪૦ કરોડ રૂપિયા ફ્રીજ કરી દીધા છે. આ માટે ઈડીએ એવું કારણ આપ્યું છે કે એવીએશન કંપની ફેરવેલ અને એની સાથે જોડાયેલી એક કંપનીના ખાતામાં ૨૦૨૩ થી ૨૦૨૬ સુધી ૧૬૦ કરોડ ટ્રાન્સફર થયા એ શંકાસ્પદ છે. ઈડી હવે નાણાકીય લેવડદેવડમાં છેતરપીંડીના એંગલની તપાસ કરી રહી છે. ઈડીની આ કાર્યવાહીને ટીએમસીએ રાજકારણથી પ્રેરીત અને ગેરકાયદેસર ગણાવી છે. ટીએમસીના કહેવા પ્રમાણે ખાતામાં રહેલા પૈસાની સંપૂર્ણ જાણકારી ચૂંટણી કમિશન અને ઈન્કમટેક્સને આપવામાં આવી હતી. પક્ષને મળેલા દાનની જાણકારી ચૂંટણી કમિશનને હંમેશા આપવામાં આવી છે. ચૂંટણી કમિશનની વેબસાઈટ પર આ જાણકારી સાર્વજનિક પણ કરવામાં આવી છે.

ભારતીય જાસુસી એજન્સીઓએ યુકે અને કેનેડામાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. મળતી ઈન્ટેલિજન્સ પ્રમાણે પાકિસ્તાનની જાસુસી એજન્સી આઈએસઆઈ અને ખાલિસ્તાનના સમર્થકો ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકો મનાતા લોકો પર હુમલો કરવાનું કાવતરૂ કરી રહ્યા છે. ઈન્ટેલિજન્સ અધિકારીના કહેવા પ્રમાણે હમણાના વર્ષોમાં યુકે અને કેનેડામાં રહેતા મૂળ ભારતીય લોકો વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકો દ્વારા ધૃણા ફેલાવીને હિંસક હુમલાઓની ઘટના વધી રહી છે. પહેલા આવી ઘટનાઓ છૂટીછવાઈ જોવા મળતી હતી, પરંતુ હવે સંગઠીત રીતે આવી ઘટનાઓ બની રહી છે. ભારતીય સમુદાય પર હુમલાઓ રોકવા માટે ભારતીય સુરક્ષા એજન્સીઓ પશ્ચિમના દેશોની સુરક્ષા એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે. ખાલિસ્તાન આંદોલનને સમર્થન આપનાર આઈએસઆઈએ યુરોપમાં સક્રિય નેટવર્કને યુકે અને કેનેડામાં ભારતીય લોકો પર હુમલા કરવાની સૂચના આપી છે.

બાંકીપુર વિધાનસભાની પેટા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. જનસુરાજ પક્ષના પ્રમુખ પ્રશાંત કિશોર અહીંથી પેટા ચૂંટણી લડી રહ્યા છે. પ્રશાંત કિશોર પોતાની ટીમ સાથે બાંકીપુર ક્ષેત્રમાં ઘરેઘરે ફરી રહ્યા છે. તેઓ લોકોને સમજાવવાની કોશિષ કરે છે કે ભાજપના અભિમાનને તોડવું પડશે. લાલુના ડરથી ભાજપને અને ભાજપના ડરથી લાલુને મત આપવાની પ્રથાનો અંત આવવો જોઈએ. એક તટસ્થ અને સારી વ્યક્તિને ચૂંટવા માટે એમણે કહ્યું હતું, પરંતુ જોવાનું રહ્યું કે લોકો એમની વાત કેટલી સ્વિકારે છે. બિહારની છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં પ્રશાંત કિશોરે જોરશોરથી પ્રચાર કર્યો હતો અને ઘણી મહેનત કરી હતી, પરંતુ એમને સફળતા મળી નહોતી. આ વખતે જોકે પ્રશાંત કિશોરને વિશ્વાસ છે કે એમના પ્રચારને કારણે ભાજપ ડરી ગઈ છે. એમણે જોકે લોકોને અપિલ કરી હતી કે લોકો એમની સાથે ફોટો પડાવવા માટે જોડાય નહીં, પરંતુ એમના પક્ષ માટે મતદાન પણ કરે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી યુદ્ધ ચાલુ થઈ ગયું છે. ૧૭મી જૂને યુદ્ધ વિરામ માટે બંને પક્ષ તૈયાર થયા હતા. એકાએક ફરીથી યુદ્ધ કેમ શરૂ થઈ ગયું? ઈરાને મંગળવારની સાંજે હોર્મુઝ ખાડીમાંથી પસાર થતા ટેન્કરોને નિશાન બનાવ્યા હતા. ત્યાર પછી અમેરિકાએ ઈરાન પર રાતોરાત કેટલાક હુમલા કર્યા હતા. નવાઈની વાત એ છે કે ઈરાને જહાજો અને ટેન્કરો પર એ વખતે હુમલા કર્યા હતા કે જ્યારે સુપ્રિમ લીડર અલી ખામેનેઈની અંતિમ ક્રિયા ચાલી રહી હતી. જે ત્રણ કોમર્શિયલ જહાજો પર ઈરાને હુમલા કર્યા હતા એમાંથી એક જહાજ કતરનું હતું જે એલએનજી લઈને જઈ રહ્યું હતું. એ સિવાય સાઉદી અરબનું કાચુ તેલ લઈને જતું ટેન્કર 'વેધ્યાન'ને પણ ટાર્ગેટ કરવામાં આવ્યું હતું. એમ મનાય છે કે ઘટતા તેલની કિંમતથી અકળાઈ ગયેલા ઈરાને યુદ્ધવિરામ ભંગ કરવાનું નક્કી કર્યું છે.

સામાન્ય રીતે વિરોધપક્ષના મુખ્યમંત્રીઓ એસઆઈઆર અભિયાનની આકરી ટીકા કરતા હોય છે. એમના મતે એસઆઈઆરને કારણે કેટલાક મતદારોને મતદાર યાદીમાંથી દુર કરવામાં આવે છે જેને કારણે વિરોધ પક્ષને નુકસાન થાય છે. જોકે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અલગ સુર આલાપી રહ્યા છે. એમના કહેવા પ્રમાણે સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે એસઆઈઆર અભિયાનમાં સહકાર આપવો જરૂરી છે. એમણે રાજ્યમાં ચાલી રહેલા વોટર લીસ્ટ પરીક્ષણને એટલે કે એસઆઈઆર અભિયાનને પૂરતો ટેકો આપવા અપીલ કરી છે. માનનું કહેવું છે કે એસઆઈઆરનો ઉદ્દેશ લોકશાહીને જમીનીસ્તર પર મજબૂત કરવાનો છે. રાજ્ય સરકાર આ માટે પુરો સહયોગ આપશે. એસઆઈઆરના ફોર્મ ભરવામાં કોઈને તકલીફ હોય તો આમ આદમી પાર્ટીના કાર્યકરો એમને મદદ કરશે. ખુદ આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલ સમજી શક્યા નથી કે, ભાજપે શરૂ કરેલા આ અભિયાનને માનએ એકાએક ટેકો કેમ આપ્યો.

# હોર્મુંઝમાં ફરી ભડકો : ઈરાનને પૈસા, અમેરિકાને આધિપત્યના ઓરતાં!

## આર્ટિકલ-૫ના કારણે જ ટ્રમ્પ મરવા-મારવા પર ઉતરી આવ્યા છે : જીદ, આડોડાઈ અને લાલચને પગેલ ઈરાન-અમેરિકા ડીલ અટવાઈ

અમેરિકાએ ઈરાન ઉપર વ્યાપક પ્રમાણમાં એર સ્ટ્રાઈક કરી. તેણે ૮૦ જેટલી ઈરાની સૈન્ય છાવણીઓ ઉપર હુમલા કરી દીધા. બીજી તરફ ગિન્નાયેલા ઈરાને પણ કુવૈત અને બેહરીન ખાતે આવેલી અમેરિકી છાવણીઓ સહિત ૮૫ જેટલી અમેરિકી સૈન્ય છાવણીઓને ટાર્ગેટ કરીને હવાઈ હુમલા કરી દીધા : અમેરિકાનો દાવો છે કે, હોર્મુઝ ઉપર ઈરાન દ્વારા જે હુમલો કરવામાં આવ્યો તો અયોગ્ય છે. બીજી તરફ ઈરાને જણાવ્યું કે, અમેરિકા દ્વારા કરારના નામે સતત ધમકાવવામાં આવે અને પીઠ પાછળ હુમલા કરવામાં આવે તે સ્વીકાર્ય નથી. જાણકારોએ અનિશ્ચિતતા અને અસમંજસના આ સમયમાં બંને દેશો વચ્ચે થયેલા યુદ્ધ વિરામના કરાર ઉપર સવાલ કરવામાં આવ્યા છે : અમેરિકા કરારના આર્ટિકલ ૫ ને પોતાના ફાયદાના હિસાબે ડીલ કરવા માંગે છે, જેમાં ઈરાનને વાંધો છે. તેને પોતાની રીતે બધું ગોઠવવું છે.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈની અંતિમ યાત્રા હજી તો છેલ્લાં પડાવમાં પહોંચી છે ત્યાં ઈરાન અને અમેરિકા ફરી શસ્ત્રો ઉઠાવીને આમને સામને આવી ગયા છે. ફેબ્રુઆરીમાં બંને વચ્ચે શરૂ થયેલું યુદ્ધ થોડા સમય પહેલાં અટક્યું હતું. બંને વચ્ચે યુદ્ધ વિરામ થયો હતો. આ ઉપરાંત ગત મહિને બંને દેશો વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં જે કરાર થયા ત્યારબાદ અધિકારિક રીતે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવી હતી. યુદ્ધ વિરામના નિર્ણયના ગણતરીના દિવસો જ પસાર થયા છે ત્યાં બંને ફરી આમનેસામને આવી ગયા છે. તાજેતરમાં ઈરાને હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા કેટલાક જહાજો ઉપર હુમલા કર્યા હતા. આ હુમલાથી અકળાયેલા અમેરિકાએ ઈરાનના અનેક વિસ્તારો ઉપર હવાઈન હુમલા કરી દીધા છે. આ ઉપરાંત ગન્નાનયેલા ટ્રમ્પે હવે યુદ્ધ વિરામના અંતની જાહેરાત કરી દીધી છે. તેની સાથે જ અમેરિકી સેના જંગી યુદ્ધ જહાજો અને હથિયારોની મદદથી મધ્યપૂર્વ ખાડી દેશોને ફરી હચમચાવી દીધા છે. ટ્રમ્પે રોષે ભરાઈને યુદ્ધ વિરામના અંતની જાહેરાત પણ કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકી પ્રમુખ દ્વારા આ જાહેરાત બુધવારે બપોરે કરવામાં આવી. ત્યારબાદ અમેરિકાએ ઈરાન ઉપર વ્યાપક પ્રમાણમાં એર સ્ટ્રાઈક કરી. તેણે ૮૦ જેટલી ઈરાની સૈન્ય છાવણીઓ ઉપર હુમલા કરી દીધા. બીજી તરફ ગિન્નાયેલા ઈરાને પણ કુવૈત અને બેહરીન ખાતે આવેલી અમેરિકી છાવણીઓ સહિત ૮૫ જેટલી અમેરિકી સૈન્ય છાવણીઓને ટાર્ગેટ કરીને હવાઈ હુમલા કરી દીધા. અમેરિકા દ્વારા ઈરાનના સીરિક, કેશ્મ દ્વીપ અને બંદલ અબ્બાસ ઉપર હુમલા કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ઈરાનની ડ્રોન લોન્ચ સાઈટ્સ અને આઈઆરજીસીની ૬૦ જેટલી મિલિટરી બોટ્સને પણ તોડી પાડવામાં આવ્યાના દાવા કરાયા છે. અમેરિકાનો દાવો છે કે, હોર્મુઝ ઉપર ઈરાન દ્વારા જે હુમલો કરવામાં આવ્યો તો અયોગ્ય છે. બીજી તરફ ઈરાને જણાવ્યું કે, અમેરિકા દ્વારા કરારના નામે સતત ધમકાવવામાં આવે અને પીઠ પાછળ હુમલા કરવામાં આવે તે ગ્રાહ્ય નથી. જાણકારોએ અનિશ્ચિતતા અને અસમંજસના આ સમયમાં બંને દેશો વચ્ચે થયેલા યુદ્ધ વિરામના કરાર ઉપર સવાલ કરવામાં આવ્યા છે. બધાને એવું લાગી રહ્યું છે કે, સમજૂતી કરાઈ હતી, કરાર કરાયા હતા તો પછી બંને દેશો દ્વારા એકબીજા ઉપર હુમલા શા માટે કરવામાં આવી રહ્યા છે.

ઈરાન અને અમેરિકાએ જે રીતે સમય લઈને ચર્ચાઓ કરીને યુદ્ધ વિરામની જાહેરાત કરી હતી તે જોતાં લાગતું હતું કે, હવે બંને ફરી હથિયારો નહીં ઉપાડે. વિવાદ રોકવા માટે આ બંને દેશોએ સમજૂતી કરી હતી. આ એક ઔપચારિક સમજૂતી હતી જેમાં ઘણા મુદ્દે એકબીજા દ્વારા સહમતી સાધવામાં આવી હતી. તેઓ યુદ્ધનો અંત લાવવા માટે વિચારણા કરી રહ્યા હતા. યુદ્ધ વિરામ કરીને યુદ્ધ રોકી દીધું હતું અને ત્યારબાદ સમજૂતીઓ દ્વારા યુદ્ધ કાયમી અટકાવી દેવાની વિચારણા કરવામાં આવે તેવી ઈચ્છા હતા.

આ સમજૂતીમાં ક્યાંય એવું સ્પષ્ટ નહોતું કે બંને એકબીજા ઉપર ફરી હુમલા નહીં જ કરે. આ દરમિયાન જો સામસામે કંઈક છમકલું થાય તો કઈ બાબતને હુમલો અથવા કઈ બાબતને આત્મરક્ષણ કહેવાશે તે પણ નક્કી નહોતું. બંને દેશોએ રાજકીય વાટાઘાટો વચ્ચે નાના નાના હુમલા ચાલુ રાખ્યા હતા જેથી



હોર્મુઝ મુદ્દે સ્થિતિ સ્પષ્ટ થાય અને બંને એકબીજાથી ડરતા નથી તેવું પણ પ્રસ્થાપિત થાય. કરાર દરમિયાન બંને દેશોની હોર્મુઝ સિવાય તમામ મુદ્દે સમજૂતી થઈ ગઈ હતી. ઈરાનને આ રસ્તા ઉપરથી પસાર થનારા જહાજો પાસેથી વસુલી કરવા હતી અને પૈસા કમાવા હતા જ્યારે અમેરિકા તેનો વિરોધ કરી રહ્યું છે. તે હવે ટોલ ટેક્સની સામે પોતાના આધિપત્ય ઉપર જીદે ભરાયું છે. બંને પોતાનો સ્વાર્થ જોઈને લડયા કરે છે અને સમગ્ર વિશ્વમાં ઉથલપાથલ કરાવ્યા કરે છે.

હાલમાં જે જંગની ફરીથી તૈયારીઓ શરૂ થઈ છે તેમાં અમેરિકા-ઈરાન વચ્ચેના કરારનો આર્ટિકલ-૫ ચર્ચામાં છે. એમઓયુનો આર્ટિકલ-૫ હોર્મુઝની ખાડી અને અહીંથી પસાર થનારા જહાજોની સ્થિતિ અંગે છે, જેને કારણે બંને દેશોના પોતાના દાવા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે અમે ઘણો વધારે સમય આપી દીધો અને હવે સીઝફાયર અટાવવામાં આવે છે. તેમણે કહ્યું કે ઈરાનીઓ જૂઠ્ઠા અને દગાબાજ છે અને તેમનું નેતૃત્વ ખોટા હાથમાં છે. કોઈ પણ કિંમતે ટ્રમ્પ તેમને પરમાણુ હથિયાર મેળવવા નહીં દે. બીજી તરફ ઈરાને પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે અમેરિકાનો સાથ આપનારાઓને તેઓ નિશાન બનાવશે.

ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ પણ શરત વગર ઈરાનના પરમાણુ અભિયાન અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝની ટોલનીતિના વિરુદ્ધમાં છે. અમેરિકા આ બે મુદ્દા પર સમજૂતી ન કરવા અડગ છે. ટ્રમ્પ તરફથી સીઝફાયર અંગે થયેલી જાહેરાત બાદ ફરી એકવાર દુનિયાભરના શેરબજાર ઉપર ખરાબ અસર પડી છે. જ્યારે ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલ અને અમેરિકા તરફથી ઈરાન પર પહેલીવાર એટેક થયો હતો, ત્યારથી જ સમુદ્રનો આ સાંકડો રસ્તો બંધ થઈ ગયો હતો. હવે ફરીથી યુદ્ધ શરૂ થવાની સ્થિતિમાં દુનિયા પર તેલ, ઊર્જા અને ગેસ સંકટનો દોર આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ઈરાન અને અમેરિકા વચ્ચે જે કરાર થયો હતો, તેમાં આર્ટિકલ-૫ મહત્વનો છે. જંગની વચ્ચે જે જહાજો હોર્મુઝની ખાડીમાં ફસાયેલા હતા, તેમની અવરજવર સુનિશ્ચિત કરવા માટે એમઓયુમાં ડીલ થઈ હતી. આર્ટિકલ ૫માં હોર્મુઝથી તાત્કાલિક જ કોમર્શિયલ જહાજોની મૂવમેન્ટ શરૂ કરવાની વાત કહેવામાં આવી હતી. ઈરાન પર આ જહાજોની સુરક્ષાની સાથે જ ઓછામાં ઓછા ૬૦ દિવસ સુધી એટલે કે બે મહિના સુધી કોઈ પણ પ્રકારનો ચાર્જ ન લેવાની વાત નક્કી થઈ હતી. આ સાથે જ ૩૦ દિવસની અંદર તમામ બારૂદી સુરૂંગો સાફ કરવાનું પણ કહેવામાં આવ્યું હતું.

મહત્વનો મુદ્દો એ છે કે એમઓયુના આર્ટિકલ ૫ ને કારણે અમેરિકા અને ઈરાનમાં ટકરાવની વાત સામે આવી રહી છે. આ મુદ્દે બંને પક્ષો પોતાના લાભની વાતો કરતા હવે જહાજોની મૂવમેન્ટના મુદ્દે એકબીજા પર આરોપ લગાવી રહ્યા છે. જેમ કે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી પસાર થનારા જહાજો પર ફી લગાવવાની વાત કહી.

જોકે અમેરિકા તરફથી આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો નથી. જાણકારો માને છે કે, ઈરાનને આ યુદ્ધને કારણે જે નુકસાન થયું છે તે કાયમી ધોરણે વસુલવા માટે રસ્તો જોઈએ છે અને તેથી હોર્મુઝની ખાડીમાં તે ટોલ નાખવા માગે છે. બીજી તરફ ઈરાન અને તેની આસપાસના દેશો ઉપર અમેરિકાને આધિપત્ય જોઈએ છે તેથી તે ઈરાનની આ વાત સાથે સહમત થતું નથી.

બીજી તરફ ઈરાનનું કહેવું છે કે હોર્મુઝથી પસાર થવા અંગે તે પોતાના હિસાબે વ્યવસ્થા ગોઠવવા ઈચ્છે છે. કદાચ આ જ કારણ હોઈ શકે કે જ્યારે ઓમાનના દરિયાકાંઠા પાસેથી જહાજો પસાર થવા લાગ્યા, ત્યારે ઈરાને અમેરિકાની ચાલ સમજીને આક્રમક પગલું ભર્યું હોય. બીજી તરફ અમેરિકા આ ખાડીમાં જહાજોની અવરજવરને પોતાના આયોજન પ્રમાણે વ્યવસ્થિત કરવા માંગે છે. ટ્રમ્પને આ કરારથી અન્ય કોઈ પ્રકારનો વિરોધ નથી. ઈરાન માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝનું પોતાનું વ્યૂહાત્મક મહત્વ છે. તે આ ખાડીને પોતાની સુરક્ષાત્મક ઢાલ તરીકે જુએ છે. તેમનું માનવું છે કે અમેરિકા કરારના આર્ટિકલ ૫ ને પોતાના ફાયદાના હિસાબે ડીલ કરવા માંગે છે. બીજી એક મહત્વની વાત આ રૂટ અંગે એવી છે કે, ઈરાન જૂના રસ્તેથી જ જહાજોની અવરજવર ઈચ્છે છે, જ્યારે અમેરિકાની એવી દાનત છે કે જહાજો ઓમાનના દરિયાકાંઠા પાસેથી નવા રૂટ પરથી પસાર થાય.

ખાસ વાત એ છે કે, સ્વિટ્ઝર્લેન્ડમાં થયેલા કરાર હેઠળ અમેરિકાએ ઈરાનને તેલના વેપાર માટે અસ્થાયી રાહત આપી હતી, જે હવે પાછી ખેંચી લેવામાં આવી છે. અમેરિકી નાણા મંત્રાલયના વિદેશી સંપત્તિ નિયંત્રણ કાર્યાલય (રૂંખછભ) એ તાજેતરના નિર્ણયમાં જનરલ લાઈસન્સ એક્સને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ લાઈસન્સ હેઠળ ૨૧ જૂન ૨૦૨૬ ની તારીખથી લઈને ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ઈરાની ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલની સાથે જ અન્ય પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના ઉત્પાદન, વેચાણ અને ડિલિવરીની મર્યાદિત મંજૂરી આપવામાં આવી હતી. હવે લાઈસન્સ રદ થવાની સાથે જ ઈરાનના તેલ વેપાર પર અમેરિકી પ્રતિબંધો ફરીથી એક્ટિવ થઈ ગયા છે.

ખરેખર, ઈરાન આ સમયે ખામેનેઈની દફનવિધિના શોકમાં ડૂબેલું છે. ૪ જુલાઈથી શરૂ થયેલી યાત્રા ૯ જુલાઈએ મશહદમાં દફનાવવામાં આવ્યાની સાથે જ પૂરી થઈ. આ દરમિયાન અમેરિકાના હુમલા અને ટ્રમ્પની જાહેરાત બાદ તણાવની સ્થિતિ વધી ગઈ છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે દક્ષિણ-પશ્ચિમ ઈરાનના કેટલાય ઠેકાણાઓ પર હુમલા કર્યા. કોઈપણ દેશો દ્વારા જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે સમજૂતી કરવામાં આવે અને ત્યારબાદ એકબીજા ઉપર હુમલા કરવામાં આવે તો વૈશ્વિક સ્તરે તેનો વિશ્વાસ ગુમાવવા લાગે છે. અન્ય દેશો તેનો વિશ્વાસ કરતા નથી. બંને દેશો એવું જ સાબિત કરવા માગે છે કે, તેમની ઉપર હુમલો થયો હતો અને તેમણે વળતો જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ નહોતો.

બીજી તરફ કેટલાક જાણકારો માને છે કે, આ એક યુદ્ધ નીતિ છે. તેમાં સંપૂર્ણ રીતે હથિયાર મુકી દેનારાને કાચો ખેલાડી માનવામાં આવે છે. તેમાં શસ્ત્ર છોડયા વગર વિરોધીને એ બાબતનો અનુભવ કરાવવામાં આવ છે કે, જો કરાર રદ કરવામાં આવ્યો કે કોઈ સમસ્યા આવી તો સૈન્ય હુમલા ફરીથી કરવામાં આવશે અને તેના વિકલ્પો હજી ખુલ્લા છે.

## તંત્રી લેખ

# ભરાયેલા વરસાદી પાણીનો રોજીંદા જીવન સાથે ખેલ: વહીવટી નિષ્ફળતા

કુદરતી પ્રકોપ સામે માનવજીવન લાચાર બની જાય છે. માનવજીવનનો વહીવટ કરતું સરકારી તંત્ર વારંવાર ભૂલો કરે છે અને પ્રજા પરેશાન થાય છે. ગરમી કે વરસાદ સહિતના કુદરતી કહેરને અટકાવી શકાતો નથી, પરંતુ તેનાથી રાહત મળે તેવાં પગલાં એડવાન્સમાં લઈ શકાય છે. ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓ કમિશનર પદે છે, તેમની સાથે પ્રજાના પ્રતિનિધિ સમાન ચૂંટાયેલા રાજકીય નેતાઓ છે, પણ પોતાના વિસ્તારમાં વરસાદમાં પાણી ક્યાં ભરાય છે અને તેનો નિકાલ કેવી રીતે કરવો, તેની સૂઝ કોઈ પાસે નથી.

કેટલાક વિસ્તારોમાં દાયકાઓથી પાણી ભરાય છે, તેનો કોઈ નિકાલ થતો નથી. પાણી ભરાયેલાં સ્થળો પર ગ્રાઉન્ડ રિપોટગ કરવા જતા પત્રકારોને સ્થાનિક લોકો પાણી ભરાવવાનાં કારણો અને તેનો નિકાલ પણ બતાવતા હોય છે. કોમનમેન પાસે પાણીના નિકાલની જે સૂઝ હોય છે, તે ઉચ્ચ અધિકારીઓ પાસે નથી હોતી તેનું આશ્ચર્ય થાય છે. વિકાસ માટેના નવા રોડ બને છે, ત્યારે વરસાદી પાણીના વહેણની દિશા અને નિકાલનું ભાગ્યે જ ધ્યાન રખાય છે.

વર્ષો જૂનાં નાળાં અને તળાવો પૂરીને વિકાસનાં કામો કરાય તે પ્રથમ નજરે આવકાર્ય, પરંતુ લાંબા ગાળે તે પરેશાન કરે છે. જ્યાં પાણીનું વહેણ રોકાય ત્યાં શરૂઆતથી જ મોટા પાઈપ નાખીને પાણીના નિકાલનું વિચારવા જેવું હતું. હાલની સુરતની દશા પાણીના નિકાલનું નહીં વિચારનારા લોકોનું પાપ છે. અમદાવાદ શહેરની ખાસિયત એ છે કે ગમે તેટલો વરસાદ પડે પણ જૂના અમદાવાદ, એટલે કે ગાંધી રોડ, રતનપોળ, ખાડિયા વગેરેમાં ભરાયેલાં પાણીએ ક્યારેય આતંક નથી સર્જતા, પરંતુ નવા વિકસિત અમદાવાદમાં પહેલા વરસાદથી જ પાણી ભરાઈ જાય છે.

શહેરમાં નવા વિસ્તારોમાં ઊભા થતા કોમશયલ કોમ્પ્લેક્સ અને ફ્લેટ કે ક્લબ જેવી સ્કીમોને ડેવલપ કરવાની આડેધડ પરમિશનો આપીને પછી વરસાદ આવે ત્યારે પસ્તાવો કરવાનો કોઈ અર્થ નથી. પહેલાં પાણીના નિકાલની વ્યવસ્થા કરવાની બેઝિક જરૂરિયાત પ્રત્યે આંખ આડા કાન થાય છે. વરસાદનાં ભરાયેલાં પાણી જોઈને એવી ટીખળ થાય છે કે હવે જે લોકો નવી રહેણાંકની સ્કીમો મૂકશે, તેમાં લખશે કે બેંકો અને મંદિરો ઉપરાંત પાણીના નિકાલની પણ વ્યવસ્થા છે. ફ્લેટો ખરીદનાર પણ પૂછશે કે પાણીના નિકાલની શું વ્યવસ્થા છે? જ્યાં પણ વરસાદી પાણી ભરાય છે, ત્યાં જ દર વર્ષે પાણી ભરાય છે. શા માટે ત્યાં પાણીના નિકાલનું કામ હાથ નથી ધરાતું? પ્રજા પાસે લાંબું વિચારવાનો સમય નથી, તેનો લાભ ચૂંટાયેલા લોકો ઉઠાવે છે.

વહીવટી કમિશનરોએ ખુદ પાણીમાં ઉતરવું પડશે અને લોકોના આઈડિયા જાણવા પડશે. સુરતમાં નિષ્ણાત એન્જિનીયરો નિષ્ફળ ગયા છે. કેટલાક ગામોમાં લોકોએ ભરાયેલાં પાણીના નિકાલ માટે આડે આવતા રસ્તા ખોદીને પાણીને જવાની જગ્યા કરી આપી હતી. ભરાયેલાં પાણીના નિકાલ માટે અનેક ઉત્સાહી લોકો સરકારી મદદની રાહ જોયા વિના જાહેર ગટરો પર ભરાયેલા કચરાને લાકડીથી સાફ કરી નાખે છે. મુંબઈમાં ભરાયેલાં પાણીના વિસ્તારોનો સર્વે કરાયો ત્યારે ખ્યાલ આવ્યો કે છેલ્લા પાંચ વર્ષથી એક જ સ્થળે પાણી ભરાય છે. પાણીના નિકાલ માટેનું કોઈ રોકેટ સાયન્સ નથી. સમયસરની ગટર વ્યવસ્થા અને ૧૦ ઈંચ વરસાદ પડે તો કેવી સવલતો જોઈશે, તે વિચારવાની દૂરંદેશી જ લોકોને વરસાદની મજા લેવા દેશે. ઉપરોક્ત અહેવાલો મોટાં શહેરો સાથે સંકળાયેલા છે, જ્યારે નાનાં ગામડા અને ટાઉન લેવલની દશા તો બહુ દયનીય હોય છે. ત્યાંનાં ખેતરોમાં ભરાયેલાં પાણી અઠવાડિયે પણ ઉતરતાં નથી. ખેતરોની માટી ખેંચાઈ જાય છે. ઊભો પાક સતત પાણીના કારણે બગડી જાય છે. શહેરોમાં લોકો ભરાયેલાં પાણીમાં મદદ માટે જોઈને મદદ માટે પોકારે છે, જ્યારે ટાઉન લેવલે અને ગામડાના લોકો 'અપના હાથ જગન્નાથ' સમજીને જાતે જ મદદ ઊભી કરી દે છે. વરસાદ નહોતો ત્યારે ઊભી થયેલી સમસ્યાઓ વરસાદ આવ્યા બાદ બીજી રીતે સામે આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બહુ આવકાર્ય છે, તેનાથી વિકાસ ગતિ પકડે છે. ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનવાનું સપનું જુએ છે.

લોકો સોશિયલ મીડિયા પર અલગ-અલગ વીડિયો શેર કરી રહ્યા છે. એક વીડિયોમાં એક વ્યક્તિએ પેટ્રોલ પંપ પર બોટલમાં E20 પેટ્રોલ લીધું, તે પેટ્રોલનો કલર ગુલાબી હતો. જેને જોઈને ત્યાં હાજર લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ઈથેનોલ મિક્સ કરવાને કારણે પેટ્રોલનો કલર બદલાઈ ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે : ૨૦૨૩માં ૧૧ રાજ્યોમાં એકસાથે E20 પેટ્રોલ લોન્ચ કરવામાં આવ્યું હતું. હવે ૨૦૨૬માં સમગ્ર દેશમાં E20 પેટ્રોલ ફરજિયાત બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે

# E20 પેટ્રોલ અને ઘટતી માઇલેજ : સરકારી ગતકડાંથી પ્રજા પરેશાન

## ક્રૂડના વિકલ્પના તૂતમાં ઈથેનોલ બ્લેન્ડેડ ગુલાબી રંગના આ ફ્યૂઅલના કારણે લોકોના વાહનોનું લાઈફ સ્પાન ઘટી રહ્યું છે અને ખર્ચા વધી રહ્યા છે




લોકો સોશિયલ મીડિયા પર અલગ-અલગ વીડિયો શેર કરી રહ્યા છે. એક વીડિયોમાં એક વ્યક્તિએ પેટ્રોલ પંપ પર બોટલમાં E20 પેટ્રોલ લીધું, તે પેટ્રોલનો કલર ગુલાબી હતો. જેને જોઈને ત્યાં હાજર લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ઈથેનોલ મિક્સ કરવાને કારણે પેટ્રોલનો કલર બદલાઈ ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે : ૨૦૨૩માં ૧૧ રાજ્યોમાં એકસાથે E20 પેટ્રોલ લોન્ચ કરવામાં આવ્યું હતું. હવે ૨૦૨૬માં સમગ્ર દેશમાં E20 પેટ્રોલ ફરજિયાત બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સરકારી આંકડા જ જોઈએ તો ૨૦૨૨માં દેશભમાં ટૂવ્હીલરની સંખ્યા ૨૧ કરોડથી વધારે હતી. બીજી તરફ ફોર વ્હીલરની સંખ્યા પણ ૭ કરોડની આસપાસ હતી. આ તમામ વાહનોની શું હાલત થશે અથવા થઈ રહી છે તેના વિશે કોઈ કશું જ બોલતું નથી : અભ્યાસમાં જોડાયેલા ૨૩ ટકા લોકોએ કહ્યું કે તેમના વાહનની માઈલેજ ૨૦ ટકાથી વધુ ઘટી ગઈ છે.

સરકાર દ્વારા E20 પેટ્રોલની જે રીતે ભલામણ કરાઈ રહી છે અને ક્રૂડના વિક્લપ તરીકે તેની પ્રસિદ્ધિ કરવામાં આવી રહી છે તે વાસ્તવિકત સ્તરે એટલી સાચી નથી. વિકાસના વાયદા જેવું આ E20 પેટ્રોલ પણ વર્ચ્યુઅલ જગતમાં જ ખૂબ જ ઉપયોગી અને સ્વચ્છ તથા સસ્તું અને ટકાઉ દેખાઈ રહ્યું છે, વાસ્તવિક દુનિયામાં લોકો તેનાથી પરેશાન છે. ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ એટલે કે E20 પેટ્રોલ મુદ્દે સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. સરકારની દલીલ છે કે E20 વાળા પેટ્રોલથી વાહનોને કોઈ સમસ્યા થઈ રહી નથી. બીજી તરફ સામાન્ય જનતા હજુ પણ ખૂબ જ મૂંઝવણમાં છે. લોકોની ચિંતાઓ દિનપ્રતિદિન વધી રહી છે. સોશિયલ મીડિયા પર લોકો સતત પોતાની ચિંતાઓ વ્યક્ત કરી રહ્યા છે. લોકો તેમની ચિંતા અને પરેશાની જણાવે છે કે તેમના વાહનોને E20 પેટ્રોલ દ્વારા વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. સરકાર તો ગુલાબ પેટ્રોલને પણ ફુલગુલાબી વિકાસની જેમ રજૂ કરીને જશ ખાટવા મથી રહી છે.

હાલમાં સોશિયલ મીડિયા ઉપર સ્થિતિ એવી છે કે, કોઈ ગુલાબી રંગના પેટ્રોલનો વીડિયો શેર કરી રહ્યું છે, તો કોઈ પીળા રંગના પેટ્રોલની તસવીરો બતાવી રહ્યું છે. કેટલાક લોકો તો ઈથેનોલ મિક્સ પેટ્રોલને 'રૂહ અફઝા' જેવું ગણાવી રહ્યા છે. જો બધું બરાબર જ હોય, તો આ વીડિયો પર સરકાર કે પ્રશાસને તેની નોંધ લેવી જ જોઈએ. જનતા વચ્ચે ફેલાયેલી ભારે મૂંઝવણને વહેલી તકે દૂર કરવી જોઈએ. સરકાર કોઈ મુંઝવણ દૂર કરવાના મૂડમાં જ નથી અથવા તો સરકારને તેમાં જરાય રસ જ નથી.

આશ્ચર્યની વાત એ છે કે, ઈથેનોલ મિક્સ પેટ્રોલ પર સૌથી વધુ ચર્ચા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીની થઈ રહી છે. નિતિન ગડકરીએ પોતે કહ્યું હતું કે બધું બરાબર છે, લોકોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. E20 પેટ્રોલને લઈને જે ભ્રમ ફેલાયો છે તેના પર ગડકરીએ પોતાનો પક્ષ રાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે એક લોબી તેમની પાછળ પડી ગઈ છે, જેના હિતો ઈથેનોલ મિક્સ પેટ્રોલ આવવાથી પ્રભાવિત થઈ રહ્યા છે. હવે સૌથી મોટો સવાલ એ જ છે કે આ લોબી આખરે કઈ છે? સરકારે તે લોબીને રોકવા માટે શું પગલાં લીધાં છે? તેના વિશે સરકાર કોઈ જવાબ આપવા તૈયાર નથી. આ વાતને માત્ર રાજકીય સ્ટંટ બતાવાઈ રહી છે પણ પ્રજા જે કહેવા માગે છે તેના તરફ કોઈની નજર નથી.

આ સિવાય વિપક્ષો પોતાની રીતે રાજકીય રોટલા શેકવામાં વ્યસ્ત થઈ ગયા છે. પ્રજાના વાહનો ચાલે કે ન ચાલે પણ રાજકારણીઓનો ધંધો આ E20 પેટ્રોલના નામે બરાબર ચાલે છે. આ મુદ્દે હવે રાજકારણ ખૂબ ગરમાયું છે. વિપક્ષ તરફથી સરકાર પાસે E20 પેટ્રોલ પાછું ખેંચવાની માંગ કરવામાં આવી રહી છે. હાલ દેશમાં સ્થિતિ ઘણી ગૂંચવાયેલી છે. E20 પેટ્રોલ પર જનતા ખૂબ જ કન્ફ્યુઝ છે. દેશમાં વાહન બગડવાના અને એન્જિન સીઝ થવાના અસંખ્ય દાવા કરવામાં આવી રહ્યા છે. આ તમામ દાવાઓનું સત્ય પણ લોકોની સામે તો આવવું જ જોઈએ. સરકારને કોઈ ખુલાસા કે તપાસમાં રસ જ નથી. પ્રજા બીજી તરફ હેરાનગતીના દેકારા કરી રહી છે અને ચારેતરફ મુંઝવણ, આક્રોશ અને ક્યાંક તંત્ર તરફથી અવગણનાનું વાતાવરણ ઊભું થયેલું છે.

ઉલ્લેખનીય છે કે, ઘણા વખતથી નિતિન ગડકરી સતત કહી રહ્યા છે કે E20 પેટ્રોલથી એન્જિન પર કોઈ ફરક પડતો નથી. જ્યારે બીજી તરફ સોશિયલ મીડિયા પર ઘણા બધા વાયરલ વીડિયો ઉપલબ્ધ છે જેમાં એન્જિનમાં સમસ્યા આવવાની વાતો કહેવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર જનતાનો ગુસ્સો સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેનો સીધો અર્થ છે કે, જનતા સાથે કંઈક તો ખોટું થઈ જ રહ્યું હશે. ઈથેનોલ પર સરકાર જે કહી રહી છે તે પોતાની જગ્યાએ સાચું હોઈ શકે છે. પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે જનતાની પોતાની ચિંતાઓ છે. જનતાની ચિંતા ઘટવાને બદલે સતત વધી રહી છે. સરકાર વારંવાર કહી રહી છે કે બધું બરાબર છે. જો બધું બરાબર જ હોય તો પછી એ એન્જિન ખરાબ થવાના, ગાડીને કાટ લાગવાના કે ગાડીના આંતરિક સ્પેરપાર્ટ્સ ખરાબ થવાના દાવા કરવામાં આવે છે તેમાં કેટલું સત્ય છે તેની ખરાઈ કરવી જોઈએ.

લોકોની કઠણાઈ પણ એવી છે કે, થોડા સમય પહેલાં સરકારે કહ્યું હતું કે E20 પેટ્રોલથી વાહનો બગડવાના કોઈ પુરાવા મળ્યા નથી. સરકાર માને છે કે આનાથી માઈલેજ ચોક્કસપણે ઓછી થાય છે, પરંતુ આની કોઈ નકારાત્મક અસર વાહનના એન્જિન પર થતી નથી. લોકોને વાહનોની માઈલેજ ઓછી થવાની ફરિયાદો જરાય ખોટી નથી. બીજી તરફ લોકો સોશિયલ મીડિયા પર અલગ-અલગ વીડિયો શેર કરી રહ્યા છે. એક વીડિયોમાં એક વ્યક્તિએ પેટ્રોલ પંપ પર બોટલમાં E20 પેટ્રોલ લીધું, તે પેટ્રોલનો કલર ગુલાબી હતો. જેને જોઈને ત્યાં હાજર લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ઈથેનોલ મિક્સ કરવાને કારણે પેટ્રોલનો કલર બદલાઈ ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

વાસ્તવિકતા ઉપર નજર નાખીએ તો સરકારી દાવા પ્રમાણે E20 પેટ્રોલને અનુકુળ વાહનોમાં આ પેટ્રોલ નાખવાથી કોઈ વાંધો આવવાનો નથી. સરકારનો દાવો છે કે ૨૦૨૩ પછી E20 પેટ્રોલને અનુકુળ હોય તેવા જ વાહનો બનાવવામાં આવી રહ્યા છે. સરકારની માહિતી પ્રમાણે કદાચ આ દાવા સાચા હશે પણ ૨૦૨૩ પહેલાં બનેલા વાહનોનું શું થશે તેના વિશે સરકારનું ભેદી મૌન છે. હકીકતે ૨૦૨૩ પહેલાં વાહનો ખરીદનારા લોકો જ સૌથી વધારે હેરાન થઈ રહ્યા છે. તેમના વાહનોનો વ્યાપક નુકસાન થઈ રહ્યું છે અને સરકાર વિકાસની ઉડાઉ વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. દેશમાં ૨૦૦૩માં પહેલી વખત ઈ૫ પેટ્રોલ લોન્ચ કરવામાં આવ્યું હતું. ત્યારે માત્ર પાંચ ટકા ઈથેનોલ બ્લેન્ડ થતું હતું. ત્યારબાદ ૨૦૦૮માં ઈ૧૦ પેટ્રોલની શરૂઆત કરવામાં આવી. લગભગ પંદર વર્ષ સુધી તેમાં ખાસ ફેરફાર ન આવ્યો અને ત્રણ વર્ષ પહેલાં ૨૦૨૩માં ૧૧ રાજ્યોમાં એક સાથે E20 પેટ્રોલ લોન્ચ કરવામાં આવ્યું હતું. હવે ૨૦૨૬માં સમગ્ર દેશમાં E20 પેટ્રોલ ફરજિયાત બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સરકારી આંકડા જ જોઈએ તો ૨૦૨૨માં દેશભરમાં ટૂવ્હીલરની સંખ્યા ૨૧ કરોડથી વધારે હતી. બીજી તરફ ફોર વ્હીલરની સંખ્યા પણ ૭ કરોડની આસપાસ હતી. આ તમામ વાહનોની શું હાલત થશે અથવા થઈ રહી છે તેના વિશે કોઈ કશું જ બોલતું નથી. લોકો બોલે છે પણ તંત્ર દ્વારા તેમને દબાવી દેવાય છે.

E20 કમ્પેટિબલ ન હોવા છતાં કરોડો વાહનો આજે E20 પેટ્રોલથી જ ચાલી રહ્યા છે, અને શક્ય છે કે આ જૂના વાહનોમાં જ સૌથી વધુ સમસ્યા આવી રહી હોય. આ વાહનો અને તેમના માલિકોના ભારે તણાવ વિશે પણ સરકારે વિચારવું પડશે. એટલે કે જે વાહનો E20 કમ્પેટિબલ નથી તેમાં રોજ નવી સમસ્યાઓ આવી રહી છે. ખુદ સરકારે પણ આ વાત કેટલીય વાર કહી છે. ૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સરકારે એક મહત્વની માહિતી આપી હતી. સરકારે સ્વીકાર્યું હતું કે E20ના કારણે કેટલાક જૂના વાહનોમાં રબર પાર્ટ્સ અને ગાસ્કેટ રિપ્લેસમેન્ટની જરૂર પડી શકે છે. આ પહેલા જૂન ૨૦૨૧ના નીતિ આયોગના રિપોર્ટમાં પણ આ જણાવવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, વાહનના પ્લાસ્ટિકની મજબૂતાઈ E20ના કારણે ઓછી થઈ શકે છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ઈથેનોલ બ્લેન્ડિંગથી મેટલ (ધાતુ)ના ભાગોમાં કાટ લાગી શકે છે.

વારંવાર બ્રાઝિલનો દાખલો આપવામાં આવે છે પણ બ્રાઝિલે ઘણા વર્ષોથી ટ્રાયલ અને એરર દ્વારા આ પાઠ શીખ્યો છે. બ્રિઝલમાં હાલમાં ઈ-૨૦થી માંડીને ઈ૧૦૦ સુધીના ફ્યૂઅલનો ઉપયોગ કરવામાં આવે છે.

તેમાં વાહનોનો એન્જિન એડવાન્સ લેવલે તૈયાર કરાય છે. અહીંયા એન્જિનમાં કોઈ સમસ્યા આવે તેવી સ્થિતિઓને પહેલેથી જ જાણીને તેનો નિકાલ કરાયો હતો. તેમાં સ્પેશિયલ રબર કાસ્કેટ, સ્ટીલની આયોનાઈઝ્ડ કરેલી એનલ્યુમિનિયમની વસ્તુઓ હોય છે જેને નુકસાન થતું નથી.

E20 પેટ્રોલના ઉપયોગથી જનતાને સૌથી વધુ ચિંતા પોતાના વાહનની માઈલેજની છે, કારણ કે ભારતમાં લોકો ફ્યુઅલ ઈકોનોમીને ખૂબ જ મહત્વ આપે છે. લોકોને એવું વાહન જોઈએ છે જે ઓછા ફ્યુઅલમાં વધુ કિલોમીટર ચાલે. આવામાં E20 પેટ્રોલથી વાહનોની માઈલેજ ઓછી થવાની વાતથી લોકો ખૂબ પરેશાન થઈ રહ્યા છે. વાહનોની માઈલેજને લઈને જૂન ૨૦૨૬માં એક મોટો સર્વે કરવામાં આવ્યો હતો.

આ સર્વેમાં ૨૦૨૩ પહેલા ખરીદેલા વાહનોના માલિકો સાથે વિગતવાર વાત કરવામાં આવી હતી. આ સર્વેના પરિણામો ચોંકાવનારા સામે આવ્યા છે. સર્વેમાં જોડાયેલા લોકોમાંથી ૬૬ ટકા લોકોએ કહ્યું કે ૨૦૨૫ પછી વાહનની માઈલેજ ૧૦ ટકા સુધી ઘટી ગઈ છે. બીજી તરફ આ અભ્યાસમાં જોડાયેલા ૨૩ ટકા લોકોએ કહ્યું કે તેમના વાહનની માઈલેજ ૨૦ ટકાથી વધુ ઘટી ગઈ છે. આ સિવાય ઘણા લોકો વધારે પરેશાન અને હેરાન થયેલા હતા. અંદાજે ૫૫ ટકા લોકોએ એન્જિન, ફ્યુઅલ ટેન્કમાં સમસ્યા અને ભારે રિપેરિંગની વાત કહી. આમ જોવા જઈએ તો પ્રજા નવા ફ્યૂઅલથી વધારે ખુશ નથી.

# મન જ છે બધા દુઃખનું મૂળ, સંતસંગ અમૃત છે,કુસંગ ઝેર છે, સંગની શક્તિથી ઘડાય છે જીવન અને મૂળથી કપાય છે વિકાર




વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


માણસ એકલો જન્મે છે,પણ એકલો જીવી શકતો નથી.જન્મ થી મૃત્યુ સુધી આપણે કોઈને કોઈની છાયામાં ચાલીએ છીએ. તે છાયાનું નામ છે ‘સંગ'. આપણે જે લોકો સાથે બેસીએ છીએ, જેની વાતો સાંભળીએ છીએ, જેના વિચારો આપણા કાનમાં પડે છે, તે ધીમે ધીમે આપણા રક્તમાં ભળી જાય છે.

ભલે આપણે રોજ ભક્તિગીત ગાઈએ, માળા ફેરવીએ, શાસ્ત્ર વાંચીએ, પણ જો આપણી આસપાસનો માહોલ ખોટો હોય તો તે બધું કાગળ પરના અક્ષર જેવું રહી જાય છે. જીવનમાં ઉતરતું નથી. કારણ કે સંગ એ બીજ છે. જે બીજ આપણે રોપીએ છીએ તેવું જ વૃક્ષ આપણા જીવનમાં ઉગે છે.

સંગ માણસને ઘડે છે, ભાંગે પણ છે.આપણા આચરણ, વિચાર અને સ્વભાવનો ૮૦ ટકા હિસ્સો આપણી આસપાસના પાંચ લોકોથી બને છે.સારો સંગ માણસને ઊંચે લઈ જાય છે અને ખરાબ સંગ તેને પાતાળમાં ધકેલી દે છે.

ખરાબ સંગની ખાસિયતએ છે કે તે ધીમે ધીમે આવે છે.પહેલા તે મજાક લાગે છે,પછી આદત બને છે,અને છેલ્લે સ્વભાવ બની જાય છે.જ્યારે આપણે ખોટા લોકો સાથે રહીએ છીએ ત્યારે આપણું મન એમના જેવું વિચારવા લાગે છે. આપણે ગમે તેટલું જ્ઞાન ભેગું કરીએ, ગમે તેટલા પ્રવચન સાંભળીએ, પણ જો વાસણ જ ગંદું હોય તો તેમાં રેડેલું ગંગાજળ પણ ગંદું થઈ જાય છે.

આથી જ શાસ્ત્રો કહે છે: ‘સત્સંગત્વે નિસ્સંગત્વં, નિસ્સંગત્વે નિર્મોહત્વ'સારા સંગ થી વૈરાગ્ય આવે છે,વૈરાગ્યથી મોહ જાય છે. આધ્યાત્મિક માર્ગમાં સંતસંગ અનિવાર્ય છે

જો તમારે ધન કમાવું હોય તો ધનવાનો સાથે રહો. રાજકારણ શીખવું હોય તો રાજકારણીઓ નો સંગ કરો. પણ જો તમારે ભક્ત બનવું હોય,શાંતિ મેળવવી હોય, ઈશ્વરને ઓળખવો હોય તો તમારે સંતો, મહાત્માઓ અને વૈષ્ણવોનો સંગ કરવો પડશે.

સંતનો સંગ એટલે અરીસા સામે ઊભા રહેવા જેવું છે. આપણી ભૂલો,આપણા અહંકાર,આપણી નબળાઈઓ આપણને તરત દેખાઈ જાય છે.સંતની એક વાત એક નજર,એક મૌન પણ હજારો પુસ્તકોથી વધારે શીખવાડી જાય છે.

દુષ્ટ વ્યક્તિ સાથે એક ક્ષણનો સંગ પણ વર્ષોની સાધનાને ધૂળ માં મેળવી શકે છે. જ્યારે સંતનો સંગ એક ક્ષણમાં જીવન બદલી શકે છે.

ઈતિહાસ સાક્ષી છે:સંગથી પરિવર્તન સંગની શક્તિના બે સૌથી મોટા ઉદાહરણ આપણા શાસ્ત્રોમાં મળે છે.વાલિયા લૂંટારા થી વાલ્મીકિ ઋષિ:વાલિયો લૂંટારો હતો. હત્યા કરવી તેનો ધંધો હતો.પણ સંતોના સંગમાં આવ્યો. ‘મરા મરા'નો જાપ કરતા કરતા તે વાલ્મીકિ બન્યો અને રામાયણ જેવો મહાગ્રંથ લખ્યો.

અંગુલિમલ નવસો નવાણું લોકો ની આંગળી કાપીને માળા બનાવ નારો ક્રૂર ડાકુ હતો.ભગવાન બુદ્ધ સાથેની માત્ર એક મુલાકાત,એક વાતચીતે તેનું હૃદય પીગળાવી દીધું.તે ભિક્ષુ બની ગયો.આ બંને કિસ્સા સાબિત કરે છે કે માણસ ખરાબ નથી હોતો, તેનો સંગ તેને ખરાબ બનાવે છે. અને જો સંગ બદલાય તો ભાગ્ય પણ બદલાય છે. દુષ્ટતાનું મૂળ કાપો,માત્ર ડાળી નહીં આ વાત એક વાર્તાથી વધારે સ્પષ્ટ થાય છે.

એક માણસના આંગણામાં એક ઝાડ ઉગ્યું.તેને ફળ આવ્યા. એક દિવસ કૂતરાએ ફળ ખાધું અને મરી ગયો.પછી એક છોકરા એ ફળ ખાધું અને તે પણ મરી ગયો માણસને સમજાયું કે ઝાડ ઝેરી છે. તેણે કુહાડી લઈને બધા ફળ કાપી નાખ્યા. થોડા દિવસમાં ફરીથી ફળ આવ્યા. તેણે ડાળી ઓ પણ કાપી નાખી. ફરીથી ફળ આવ્યા.

છેવટે પાડોશીએ કહ્યું,‘ભાઈ,તમે ફળ અને ડાળી કાપો છો પણ મૂળ તો છેજ.જ્યાં સુધી મૂળ છે ત્યાં સુધી ઝાડ ઉગતું રહેશે.' માણસે મૂળ કાપી નાખ્યું અને કાયમ માટે મુક્ત થયો.આપણા જીવનમાં પણ આવું જ છે. ગુસ્સો,લોભ,ઈર્ષા,જૂઠ,વ્યસન, ખરાબ સંગ આ બધા ઝેરી ફળ છે. આપણે ઉપર ઉપરથી તેને કંટ્રોલ કરવાનો પ્રયાસ કરીએ છીએ.થોડા દિવસ સારા રહીએ છીએ,પછી ફરીથી પડી જઈએ છીએ.કારણ કે આપણે મૂળનથી કાપ્યું.અને તે મૂળ ક્યાં છે? આપણા મનમાં. અને મનને ખરાબ કરનાર છે ખરાબ સંગ. જ્યાં સુધીખરાબ સંગ છે, ત્યાં સુધી મનમાં ઝેર ઉત્પન્ન થતું રહેશે.તો શું કરવું?

*સંગની ચાળણી વાપરો: દરેક વ્યક્તિને તમારા જીવનમાં પ્રવેશ ના આપો.જે લોકો તમારામાં શ્રદ્ધા,ધીરજ અને પ્રેમ વધારે છે તેની સાથે રહો.

*સત્સંગને ટેવ બનાવો: અઠવાડિયામાં એક વાર પણ સંતવાણી,ભજન,ધાર્મિક ચર્ચા માં બેસો.એકલા સાધના કરતા સત્સંગની સાધના દશ ગણી વધારે ફળ આપે છે.

*મનને મૂળથી શુદ્ધ કરો:રોજ દશ મિનિટ મૌન,પ્રાર્થના અને આત્મનિરીક્ષણ કરો. જુઓ કે મારા વિચારો ક્યાંથી આવે છે.

*છોડવાની હિંમત રાખો:જો કોઈ સંબંધ, કોઈ મિત્રતા તમને ઈશ્વરથી દૂર લઈ જાય છે તો તેને ‘ના' કહેવાની તાકાત રાખો. કામચલાઉ દુઃખ સહન કરવું સારું, પણ આખી જિંદગી ઝેર પીવા કરતા સારું છે.

જીવન એક ખેતર છે.તમે જે બીજ વાવશો તે જ લણશો. સંગ એ બીજ છે.ખરાબ સંગ વાવશો તો કાંટા ઊગશે. સારો સંગ વાવશો તો ફૂલ અને ફળ ઊગશે.

યાદ રાખો,આપણે આપણા સંગથી ઓળખાઈએ છીએ. દીવો અંધારામાં રહે તો પણ પ્રકાશ આપે છે કારણ કે તેનો સંગ અગ્નિ સાથે છે. કોલસો અગ્નિમાં રહે તો પણ ઠંડો રહે છે કારણ કે તેનો સ્વભાવ ઠંડો છે.

આજે નિર્ણય તમારા હાથમાં છે. તમારે વાલ્મીકિ બનવું છે કે વાલિયા રહેવું છે?અંગુલિમલ બનવું છે કે બુદ્ધનો શિષ્ય બનવું છે?મનને નિયંત્રિત કરો,અને તેના માટે સૌથી પહેલા તમારા સંગને નિયંત્રિત કરો.કારણ કે સંગ જ માણસનું ભવિષ્ય લખે છે.

# જેને પોતાની ભૂખની જ પડી છે, એ સ્વ ઉદર કેન્દ્રીય વૃત્તિ કબંધ છે!




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)


માનસ કબંધની ચોથા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે ત્રણ ફ્લાવર્સનો પ્રશ્ન છે કે, કબંધનું મુખ પેટમાં હતું, અને આંખ પણ પેટમાં હતી, તો આજના સંદર્ભમાં એનો કેવો અર્થ કરી શકાય?; દેશકાળ પ્રમાણે એનો અર્થ બદલી જાય છે, અને ન બદલે તો બદલવો પડે! કારણ કે દરેકમાં પરિવર્તન સ્વીકાર્ય હોવું જોઈએ. ગઈકાલે સાંજે અમે બેઠા હતાં અને પાંચ દસ લોકો સાથે હું વાત કરી રહ્યો હતો કે બુદ્ધ પુરુષના વચનોને અંતિમ ન સમજવા, આવતીકાલે એ બીજું સૂત્ર ઉઠાવશે!; જે નિત નૂતન હશે. મને મારા શ્રોતાઓ પણ રોજ નવા લાગે છે, અને તમે પણ એવી આંખથી જોશો તો વ્યાસપીઠ પણ રોજ નવી લાગશે.

કબંધ તો વેદકાલીન છે, એ જ સંબંધ વાલ્મિકી રામાયણમાં પણ છે, ક્યાંક ક્યાંક પુરાણમાં પણ એનો ઉલ્લેખ થાય છે. વેદકાલીન કબંધ સુમંતનો પુત્ર, મુની સ્થૂલસીરાનો શ્રાપ ભોગવતો કબંધ, ઈન્દ્રનો શ્રાપ ભોગવતો કબંધ અને દુર્વાસા દ્વારા દંડિત માનસનો કબંધ! પરંતુ આજે પણ આપણી સામે કબંધનું રુપ ભલે એ નથી, પણ વૃત્તિ દેખાય છે. આજના સંદર્ભમાં એનો અર્થ જેનું મુખ પેટમાં અને જેની આંખ પેટમાં! એટલે કે જે પોતાનાં પેટની ભૂખ જ જુએ છે, જેને પોતાની ભૂખની જ પડી છે, એ ઉદર કેન્દ્રીય વૃત્તિ કબંધ છે. જેની આંખ પેટમાં છે, એટલે કે ઘણાની દ્રષ્ટિ જ પોતાનાં લાભ પૂરતી સીમિત હોય, એ પણ કબંધ વૃત્તિ છે.

આપણી પાસે જે કંઈ છે એ વૈશ્વિક સંપદાનો હિસ્સો છે, એનો વિશ્વમંગલ માટે ઉપયોગ કરવો જોઈએ! તો આપણી કમાણી કોઈની સેવામાં કે ઉપયોગમાં ન આવે, તો આપણે કબંધ છીએ, અને વર્તમાન દેશકાળ અનુસાર કબંધનું આવું અર્થ ઘટન કરવું પડે. ભાગવત કથા એવો વિવેક આપે કે, આપણે કબંધ પણા માંથી બહાર આવીએ. માનસમાં જેનું વિકૃત વર્ણન છે. એ કબંધ હકીકતમાં વિશ્વાવસુ ગંધર્વ છે, એની માતાનું નામ શ્રી નામક અપ્સરા છે! જે માણસ સુંદર પણ છે, સંપત્તિ પણ ઘણી છે, સમજ પણ ઘણી ઊંચી છે, પ્રતિષ્ઠા પણ ઘણી છે, પરંતુ એ કેવળ પોતાનાં પેટનું જ વિચારે છે, અને એનો દ્રષ્ટિકોણ કેવળ પોતાના પૂરતો જ મર્યાદિત હોય, તો સમજવું કે માણસ કબંધ પણાથી શાપિત છે. એક બીજી વાત એવી પણ જાણવામાં આવી છે કે વિશ્વાવસુ વિષ્ણુનો ઉપાસક હતો, અને શિવ નિંદક, એનામાં માનસનાં કાગભુશુંડિ જેમ શિવ અને વિષ્ણુ માટે ભેદ બુદ્ધિ હતી. કબંધની કથા આપણને શીખવે છે કે, પરમ તત્વ માટે ક્યારેય ભેદ કરવો નહીં! એવું કરવાથી કબંધ પણું આવી જાય ! ક્યાં રુપવાન વિશ્વાવસુ ગંધર્વ, અને ક્યાં કબંધનું કુરુપ! પરંતુ એ જ વિશ્વાવસુ શાપિત થયો, રાક્ષસ બન્યો એટલે શિવ ઉપાસક બન્યો, અને વિષ્ણુ નિંદક! આમ વારંવાર ભેદ કરવો એ પણ કબંધ પણું છે.

માનસમાં દુર્વાસા ઋષિનાં શ્રાપની વાત આવે છે, અને ગંધર્વ રુપે એ સંગીતજ્ઞ હતો, ગંધર્વોનું ગાન ખૂબ પ્રખ્યાત છે. એક સંગીતની મહેફિલમાં વિશ્વાવસુ ગાન કરી રહ્યો હતો, અને ઋષિ દુર્વાસા પણ ત્યાં હાજર હતાં, પણ એમણે ગંધર્વને દાદ આપી નહીં! એને ખરાબ લાગ્યું, અને એણે કહ્યું કે જેને સંગીતનાં સૂરનું જ્ઞાન હોય એમણે સંગીતની મહેફિલમાં આવવું જોઈએ! ઋષિ હોવા છતાં દુર્વાસાનો સ્વભાવ જરાં તામસી હતો, અને એમણે વિશ્વાવસુને શ્રાપ આપ્યો, કે તું ગંધર્વ શ્રેણી માંથી અસૂર શ્રેણીમાં ચાલ્યો જઈશ, અને આમ એ અસૂર બને છે, પણ રામ ચરણનાં દર્શનથી આ શ્રાપ માંથી મુક્તિ મળશે. એક શ્રોતાનો પ્રશ્ન છે, બાપુ ઓશોને સાંભળું છું, અને એમના મુખે સાંભળ્યું છે કે સાધકને જ્ઞાન પ્રાપ્તિ માટે, સાધના દ્વારા પૂર્વ જન્મ સુધી લઈ જવામાં આવે છે, અને ઓશો એક મહિલાને પૂર્વ જન્મ સુધી લઈ ગયાં હતાં. બાપુ તો શું આવી પૂર્વ જન્મની કોઈ અવધારણા હોય છે? હાં પૂર્વ જન્મ હોય છે! કૃષ્ણ કહે છે પછી વાત ખતમ! ‘બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન'. અર્જુન તારાં મારાં ઘણાં જન્મો વીત્યા છે. સ્વર્ગ કલ્પના છે, ધરતી હકીકત છે, અને આપણે અનંત જન્મો લઈશું! ઓશો કહેતા કે એક ફકીરને કોઈએ પૂછ્યું કે આપ સ્વર્ગમાં જશો? એણે કહ્યું જરૂર જઈશ, આપ સ્વર્ગમાં માનો છો?; એણે કહ્યું માનતો નથી, પરંતુ હું જ્યાં જઈશ ત્યાં સ્વર્ગ બનાવી દઈશ. માટે હું પૂર્ણપણે પૂર્વ જન્મમાં અને પુનર્જન્મ માં માનું છું. બીજો પ્રશ્ન એક મહિલાનો છે, અને એ જણાવે છે કે એ ઓશોની સંન્યાસીની છે. આપનાં મુખેથી કોઈ સારો સંદેશો આપો! શું પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ પસંદ કરવામાં પતિની સ્વીકૃતિ? પુત્રની સંમતિ? કે સમાજની માન્યતાની મહોર મારવી આવશ્યકતા છે? બિલકુલ નહીં, જો તમારી મંઝિલ પરમાત્મા હોય તો પતિની સ્વીકૃતિ, પુત્રની સંમતિ, કે સમાજની માન્યતાની જરૂર નથી. પરંતુ શરૂ શરૂમાં આપણું લક્ષ્ય પરમાત્મા હોય છે, પણ વચ્ચે આપણે ભટકી જઈએ છીએ, માટે થોડું ધૈર્ય ધારણ કરો. મહાવીર સ્વામીએ સન્યાસ લેવાની બહુ જ જીદ કરી, ત્યારે એમની માતાએ કહ્યું કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી સંન્યાસ ન લે, તો એ રોકાઈ ગયા હતાં! મા નારાજ થશે! ભાઈઓ નારાજ થશે! એમ ધૈર્ય રાખો, ઉતાવળ ન કરો! આ કળિયુગ છે, બહેનોએ તો ખાસ આવા નિર્ણયો માટે ઉતાવળ કરવી નહીં. પરમાત્માની પ્રાપ્તિ ઈન્સ્ટન્ટ થતી નથી! પતિની સાથે રહેવાથી આપની પરમાત્મા પ્રાપ્તિની સાધનામાં કોઈ બાધા નહીં આવે, પરંતુ લક્ષ્ય પરમાત્મા હોવું જોઈએ! પરમાત્માને ભીતર પામી શકાય છે બહાર નહીં! આપણે બુદ્ધ નથી કે સુતેલા પુત્રને છોડીને નીકળી જઈએ, બુદ્ધને સાંભળી શકાય બુદ્ધની માફક જીવવું મુશ્કેલ છે, જો પરમાત્મા જ તમારું લક્ષ્ય હોય તો પરમાત્મા જ લેવાં આવશે! એ લઈ જશે! અને એવી કુચી મારા ગુરુજી ને હાથ છે. માનસમાં અંગદને પણ આવી જ લગની લાગી ગઈ હતી, અયોધ્યાનાં રાજ્ય સિંહાસન બાદ જ્યારે પ્રભુએ સૌને વિદાય આપી ત્યારે એમણે સ્પષ્ટ કહ્યું હતું કે મારે આપની સેવા સિવાય બીજું કંઈ ન જોઈએ!; મરતી વખતે મારો બાપ આપને સોંપીને ગયો હતો, પછી મને શું કામ વિદાય આપો છો! હે રાઘવ મારો પ્રભુ પણ તું છે, મારો ગુરુ પણ તું છે, મારી માં પણ તું છે, ને મારો બાપ પણ તું છે, આપના ચરણ કમળ છોડીને હું ક્યાં જાઉં! પ્રભુ પોતાનાં ગળાની માળા અંગદને પહેરાવે છે, અને કહે છે જ્યાં સુધી તારું કર્તવ્ય પૂરું થાય નહીં, ત્યાં સુધી કરતો રહે! માટે હવે તલગાજરડા કહે છે કે બેટા રાજસી, તામસી કે સાત્વિક એક પણ શ્રદ્ધાનો ત્યાગ ન કરો, જ્યારે શ્રદ્ધા ગુણાતીત થશે, ત્યાગ પરિપક્વ થશે, ત્યારે જ હું તને લેવા આવીશ!; થોડું ધૈર્ય રાખો. કથાનાં ક્રમમાં દક્ષ યજ્ઞમાં સતીએ પોતાનો પ્રાણ ત્યાગ કર્યો, એ વાતની જાણ શંકરને થઈ! અને આમ દક્ષ પુત્રી સતીનું ચરિત્ર સમાપ્ત થયું, અને ઉમાનુ ચરિત્ર આગળ વધશે, આમ કહી ચોથા દિવસની કથા અને વિરામ આપ્યો.

# નડિયાદ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત 1 હજાર પોષણ કીટનું વિતરણ કરાયું

## પોષણ કીટ ક્ષયના દર્દીઓના ઝડપી આરોગ્યલાભ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સંજીવની સમાન - રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા

**નડિયાદ, તા.10**



આ પ્રસંગે મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ જિલ્લા પ્રશાસન, આરોગ્ય વિભાગ, શ્રી મુનિ ચેરિટેબલ ફાઉન્ડેશન તથા તમામ નિક્ષય મિત્રોના માનવતાવાદી કાર્યને બિરદાવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ચાલી રહેલા 'ટીબી મુક્ત ભારત અભિયાન' હેઠળ વૈશ્વિક સમયમર્યાદા કરતાં પાંચ વર્ષ વહેલા ટીબીમુક્ત ભારતનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. 'જનભાગીદારી'ના મંત્ર સાથે શરૂ થયેલું આ અભિયાન આજે જનઆંદોલન બની ચૂક્યું છે. સરકાર પોતાના સ્તરે સતત કાર્યરત છે, પરંતુ સમાજની શક્તિ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકોના સહયોગથી કોઈપણ લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.

તેમણે જણાવ્યું કે, ટીબી એવો રોગ છે જેમાં માત્ર દવાઓ પૂરતી નથી, પરંતુ પોષણયુક્ત અને સંતુલિત આહાર પણ એટલો જ જરૂરી છે. આજે વિતરણ કરવામાં આવતી પોષણ કીટ માત્ર અનાજ કે કઠોળનો જથ્થો નથી, પરંતુ દર્દીઓના ઝડપી આરોગ્યલાભ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સંજીવની સમાન છે.

રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રામ પંચાયતોના માધ્યમથી આરોગ્ય સેવાઓ ઘર-ઘર સુધી પહોંચે અને પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ચાલતી 'નિક્ષય મિત્ર' યોજનાનો લાભ દરેક જરૂરિયાતમંદ દર્દીને મળે તે માટે વહીવટી તંત્ર સતત કાર્યરત છે.

તેમણે ખેડા જિલ્લાના નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું કે, ટીબી અંગે કોઈપણ પ્રકારનો સામાજિક કલંક કે ભય રાખવાની જરૂર નથી. સમયસર નિદાન અને નિયમિત સારવાર દ્વારા આ રોગને સંપૂર્ણપણે હરાવી શકાય છે. જ્યારે ખેડા જિલ્લો અને ગુજરાત સંપૂર્ણ ટીબીમુક્ત બનશે, ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. સ્વસ્થ નાગરિક જ સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

ખેડા લોકસભાના સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સીએસઆર હેઠળ આજે બે સંસ્થાઓ નિક્ષય મિત્ર બની આગામી છ માસ સુધી જિલ્લાના ક્ષય દર્દીઓને પોષણ સહાય પૂરી પાડશે. સરકાર સાથે જનભાગીદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. દર્દીઓએ પણ સારવારમાં સંપૂર્ણ સહકાર આપવો જોઈએ. પોષણ કીટ સાથે દર્દીઓએ પોતાની કુટેવોનો ત્યાગ કરીને સ્વસ્થ જીવનશૈલી અપનાવવી જોઈએ. દર્દી પોતે રોગમુક્ત થવાનો દૃઢ નિર્ધાર કરે તો સૌના સહકારથી ટીબીમુક્ત સમાજનું સ્વપ્ન ઝડપથી સાકાર થઈ શકશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, નિયમિત અને સંપૂર્ણ સારવાર લેવાની જવાબદારી સમાજ અને સરકાર જેટલી જ દર્દીની પોતાની પણ છે. જિલ્લામાં સીએસઆર હેઠળ વધુ ટીબીમુક્ત ગામો દત્તક લેવાય તે જરૂરી છે. તેમણે દર્દીઓ અને તેમના પરિવારજનોને તબીબોની સલાહનું સંપૂર્ણ પાલન કરવાની અને વડાપ્રધાનશ્રીના ટીબી મુક્ત ભારત અભિયાનને સફળ બનાવવામાં સહભાગી બનવાની અપીલ કરી.

જાહેર હિસાબ સમિતિના ચેરમેન તથા નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સરકાર સાથે દાતાઓ પણ મદદ માટે આગળ આવી રહ્યા છે ત્યારે આરોગ્ય કર્મચારીઓએ દરેક પાત્ર દર્દી સુધી પોષણ કીટ પહોંચાડવાની જવાબદારી નિભાવવી જોઈએ.

મહેમદાવાદના ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણે પોષણ કીટ વિતરણના આ સેવાયજ્ઞને બિરદાવતાં જણાવ્યું હતું કે, નાની મદદ પણ મોટી સેવા બની શકે છે. સૌ સાથે મળીને ટીબીમુક્ત સમાજના નિર્માણમાં સહયોગી બનીએ.

જિલ્લા કલેક્ટરશ્રી એન.વી. ઉપાધ્યાયે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ટીબીના દર્દીને યોગ્ય પોષણયુક્ત આહાર મળે ત્યારે જ સારવારની અસર વધુ સારી રીતે થાય છે. સરકાર દવા અને નાણાકીય સહાય તો આપે જ છે, પરંતુ પોષણયુક્ત આહાર પણ એટલો જ મહત્વપૂર્ણ છે. જિલ્લામાં વધુમાં વધુ નિક્ષય મિત્રો જોડાય તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તેમણે શ્રી મુનિ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા આગામી છ માસ સુધી ૧ હજાર પોષણ કીટ આપવાની તત્પરતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા માતર તાલુકાના ૧૦ ગામોને દત્તક લઈને ક્ષયમુક્ત બનાવવા માટે આપવામાં આવેલા સહયોગને પણ બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, નિક્ષય મિત્રો, દાતાશ્રીઓ, વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગના સંયુક્ત પ્રયાસોથી ખેડા જિલ્લાને સંપૂર્ણ ટીબીમુક્ત બનાવવાનો સંકલ્પ સાકાર કરવામાં આવશે.

ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના બ્રિગેડિયરશ્રી રાઠીએ જણાવ્યું હતું કે, કંપની પોતાની સામાજિક જવાબદારી અંતર્ગત ટીબી હારેગા, દેશ જીતેગા અભિયાનને સંપૂર્ણ સહયોગ આપશે.

શ્રી મુનિ ચેરિટેબલ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ડૉ. રઈસા આનંદે ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપતાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ ટીબી મુક્ત ભારત અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપશે. દર્દીઓને નિદાનથી લઈને સારવાર સુધી દરેક તબક્કે સહયોગ આપવાનો સંકલ્પ વ્યક્ત કરતાં તેમણે એક દિવસનો ખર્ચ ટીબી દર્દીઓ માટે સમર્પિત કરવાની પણ જાહેરાત કરી હતી.

# બેચરાજીના ધારાસભ્ય સુખાજી ઠાકોરે DRM અને CRS સાથે કરી બેઠક, ખારા પાણીની સમસ્યાના ઝડપી ઉકેલની ખાતરી આપી

- નાગરિકોએ ખુશી વ્યક્ત કરી, બહુચરાજી સુધી રેલ સંપર્ક માટે પ્રધાનમંત્રી અને રેલ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો

**અમદાવાદ, તા.10**



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અંતર્ગત કટોસણ રોડ-રાણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (સીઆરએસ) શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા કરવામાં આવી રહેલા સંરક્ષા નિરીક્ષણ દરમિયાન બહુચરાજીના ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સાથે મુલાકાત કરી.

સુરક્ષા નિરીક્ષણના બીજા દિવસે બહુચરાજી રેલવે સ્ટેશન પર ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે રેલવે સુરક્ષા આયુક્ત (સીઆરએસ) શ્રી ઈ. શ્રીનિવાસ અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સાથે સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા નાગરિકોની ઉપસ્થિતિમાં ચર્ચા કરી.

આ દરમિયાન, વિસ્તારના રહેવાસીઓએ કટોસણ રોડ-રાણુજ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ કરવાની દિશામાં થઈ રહેલી પ્રગતિ અંગે ખુશી વ્યક્ત કરી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સ્થાનિક નાગરિકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે રેલવે સંરક્ષા આયુક્ત ની મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ થવાથી દેશભરમાંથી આવતા શ્રદ્ધાળુઓને મા બહુચરાજી મંદિર સુધી વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક રેલ સંપર્ક ઉપલબ્ધ થશે. તેમજ આ વિસ્તારના વેપાર, પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને પણ નવી ગતિ મળશે. ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે પણ આ પરિયોજનાને વિસ્તારના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાવી પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા બહુચરાજી રેલવે સ્ટેશન તથા રેલવે કોલોનીનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે સ્ટેશન અને રેલવે કોલોનીમાં ખારા પાણીની સમસ્યા તરફ ધ્યાન દોર્યું. તેમણે જણાવ્યું કે આ સમસ્યાના કારણે રેલ મુસાફરો, રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને દૈનિક ઉપયોગમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ધારાસભ્ય શ્રી ઠાકોરે સ્થાનિક નગરપાલિકા સાથે સમન્વય સ્થાપિત કરી સમસ્યાના ઝડપી ઉકેલ માટે જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ સમસ્યાને ગંભીરતાથી ધ્યાનમાં લેતા આશ્વાસન આપ્યું કે તેના ઉકેલ માટે સ્થાનિક નગરપાલિકા તથા સંબંધિત વિભાગો સાથે સમન્વય સ્થાપિત કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને વધુ સારી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ મંડળ પ્રશાસનની પ્રાથમિકતા છે તથા સમસ્યાના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે તમામ સંભવિત પ્રયાસો કરવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન શ્રી વેદ પ્રકાશે રેલવે કોલોનીમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓની પણ સમીક્ષા કરી. ત્યારબાદ રેલવે કોલોની પરિસરમાં રેલવે સંરક્ષા આયુક્ત શ્રી ઈ. શ્રીનિવાસ અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## સ્વસ્થ જમીનથી ટકાઉ ભવિષ્યનો માર્ગ પ્રાકૃતિક ખેતી છે

# ખેડૂતોની સમૃદ્ધિ, સ્વસ્થ જમીન, પર્યાવરણ સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી જ અસરકારક અને વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત ઉપાય છે

**નડિયાદ, તા.10**

પ્રાકૃતિક ખેતી માત્ર પરંપરાગત કૃષિ પદ્ધતિ નથી, પરંતુ ટકાઉ કૃષિ અને આબોહવા પરિવર્તન સામે લડવાનો વૈજ્ઞાનિક માર્ગ છે. એમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા સંશોધનોએ આ વાતને વૈજ્ઞાનિક પુરાવા સાથે સાબિત કરી છે.

સંશોધન મુજબ પ્રાકૃતિક ખેતી અપનાવવાથી માત્ર પાંચ વર્ષમાં જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ 0.45 ટકાથી વધીને 0.93 ટકા થયું છે. વરસાદી/સિંચાઈનું પાણી જમીનમાં ઉતરવાનો દર 6.50 સે.મી./કલાકથી વધીને 14.50 સે.મી./કલાક થયો છે, જ્યારે ભેજ સંગ્રહ ક્ષમતા 12.75 ટકાથી વધીને 19.84 ટકા નોંધાઈ છે.

આ સાથે પ્રાકૃતિક ખેતી દ્વારા દર વર્ષે પ્રતિ હેક્ટર 4થી 8 ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ (tCOe) જેટલો આબોહવા સંબંધિત લાભ મળી શકે છે. આ સંશોધનના તારણોને લોકભવન ખાતે રાજ્ય સ્તરીય પ્રાકૃતિક ખેતી સમીક્ષા બેઠકમાં રજૂ કરાયા હતા, જેને માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ પણ મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં જમીનના નમૂનાઓનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને ઓર્ગેનિક કાર્બનની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. અભ્યાસમાં સૌરાષ્ટ્રની જમીનમાં સરેરાશ 0.57 ટકા ઓર્ગેનિક કાર્બન નોંધાયો હતો. સંશોધન દર્શાવે છે કે જે જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધુ છે ત્યાં જમીનની ફળદ્રુપતા, ભેજ સંરક્ષણ અને કૃષિ ઉત્પાદકતા પણ વધુ સારી છે.

વિવિધ ખેડૂતોના ખેતરોમાં કરાયેલા અભ્યાસમાં પ્રાકૃતિક ખેતીના નોંધપાત્ર પરિણામો સામે આવ્યા છે. પાંચ વર્ષ સુધી પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતના ખેતરોમાં જમીનની છિદ્રાળુતા 34.63 ટકાથી વધીને 41.08 ટકા થઈ હતી, જ્યારે જમીનની ઘનતા 1.42થી ઘટીને 1.36 Mg/m થઈ હતી. આ ફેરફારોના કારણે જમીનમાં હવા અને પાણીનો પ્રવાહ સુધરે છે, મૂળનો વિકાસ સારો થાય છે અને પાકની ઉત્પાદન ક્ષમતા લાંબા ગાળે જળવાઈ રહે છે.

સંશોધનનું વધુ એક મહત્વપૂર્ણ પાસું આબોહવા પરિવર્તન સાથે જોડાયેલું છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગમાં ઘટાડો, પાક અવશેષોનું પુનઃચક્રિયકરણ, જીવામૃત જેવા પ્રાકૃતિક ઈનપુટ્સનો ઉપયોગ તથા ઓછી ખેડ જેવી પદ્ધતિઓ જમીનમાં કાર્બન સંગ્રહ વધારવામાં મદદરૂપ બને છે. પરિણામે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે અને પ્રાકૃતિક ખેતી એક અસરકારક ક્લાઈમેટ-સ્માર્ટ એગ્રીકલ્ચર તરીકે ઉભરી રહી છે.

આજે જ્યારે જમીનના સ્વાસ્થ્યમાં ઘટાડો અને આબોહવા પરિવર્તન જેવા પડકારો સમગ્ર વિશ્વ સામે ઊભા છે, ત્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું આ સંશોધન સ્પષ્ટ સંદેશ આપે છે કે પ્રાકૃતિક ખેતી ખેડૂતોની સમૃદ્ધિ, સ્વસ્થ જમીન અને પર્યાવરણના સંરક્ષણ માટે અસરકારક તથા વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત માર્ગ છે. ભારતના વર્ષ ૨૦૭૦ના નેટ ઝીરો લક્ષ્યને હાંસલ કરવામાં પણ પ્રાકૃતિક ખેતી મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

# અમદાવાદ મંડળના રણુજ-કટોસણ રોડ રેલખંડ પર 11 જુલાઈએ 120 કિમી પ્રતિ કલાકની સ્પીડ ટ્રાયલ, જનતાને રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ

**અમદાવાદ, તા.10**



પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. મંડળ હેઠળના 63 કિમી લાંબા કટોસણ રોડ-રણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (CRS) દ્વારા સંરક્ષા નિરીક્ષણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની દિશામાં એક નિર્ણાયક પગલું છે.

CRS નિરીક્ષણ અંતર્ગત તા. 11 જુલાઈ, 2026ના રોજ આ રેલખંડ પર 120 કિમી પ્રતિ કલાકની ઝડપે એન્જિનની સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન રેલવે પ્રશાસન સ્થાનિક નાગરિકોને ખાસ અપીલ કરે છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ સંજોગોમાં રેલવે લાઇન પાર કરવાનો પ્રયાસ ન કરે તેમજ બાળકો અને પશુઓને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતરે રાખે. સ્પીડ ટ્રાયલ દરમિયાન થતી કોઈપણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે.

**પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વિકસાવવામાં આવેલ કટોસણ રોડ-બેચરાજી-રણુજ (63 કિમી) રેલ પ્રોજેક્ટ દેશના રેલવે અવસંરચના વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થયો છે. આ યોજના રેલ મંત્રાલય અને બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડ (BRCL)ના સંયુક્ત સાહસ (PPP મોડલ) હેઠળ વિકસાવવામાં આવી છે, જેમાં G-RIDE, GIDC અને MSILનો પણ સહભાગ રહ્યો છે. આ પરિયોજનાની સૌથી વિશેષ બાબત એ છે કે તેના દ્વારા ભારતની પ્રથમ ઓટોમોબાઈલ ઉત્પાદન એકમ માટે ઈન-પ્લાન્ટ રેલવે સાઈડિંગ વિકસાવવામાં આવી છે, જેના કારણે ફર્સ્ટ અને લાસ્ટ માઈલ સુધી અવિરત રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ છે. પરિણામે ઓટોમોબાઈલ પરિવહન વધુ ઝડપી, સુરક્ષિત અને ખર્ચ અસરકારક બન્યું છે.

કટોસણ રોડ-બેચરાજી-રણુજ (63 કિમી) ગેજ પરિવર્તન યોજનાને વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે 1000 કરોડના ખર્ચે રેલવે અને G-RIDEના સંયુક્ત સાહસ હેઠળ આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ રેલખંડ પર કુલ 14 રેલવે સ્ટેશનો વિકસાવવામાં આવ્યા છે. ઉપરાંત 9 મોટા પુલ, 100 નાના પુલ, 47 રોડ અન્ડર બ્રિજ (RUB/ LHS) તથા 16 વળાંકો (કર્વ)નો સમાવેશ થાય છે.

**બેચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ**

કટોસણ રોડ-રાણુજ રેલખંડનું મુખ્ય સ્ટેશન બેચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવે (GBR)નું વિસ્તરણ બેચરાજી સુધી કરાવ્યું હતું.

**વિસ્તારને મળશે નવી રેલ કનેક્ટિવિટી**

લાંબા સમય સુધી બેચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો અને ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ અને વધુ સારી પરિવહન સુવિધાની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ આ વિસ્તારને આધુનિક રેલ નેટવર્ક સાથે જોડવાની યોજના સાકાર થશે.

**ત્રણ દિવસીય CRS નિરીક્ષણ**

ત્રણ દિવસીય CRS નિરીક્ષણ દરમિયાન પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી, બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણ પૂર્ણ થયા બાદ રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા જરૂરી સુધારા અને ખામીઓ અંગે સૂચનો આપવામાં આવશે. તમામ જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ તથા સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થતાં આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

રેલવેનો પ્રયાસ છે કે તમામ ઔપચારિકતાઓ વહેલી તકે પૂર્ણ કરીને આ રેલખંડ પર મુસાફર ટ્રેનોનું સંચાલન શક્ય તેટલું વહેલું શરૂ કરવામાં આવે.

**પ્રાદેશિક વિકાસને મળશે નવી ગતિ**

આ રેલખંડ શરૂ થતાં મહેસાણા અને પાટણ જિલ્લાના મુખ્ય કેન્દ્રો જેવા કે બેચરાજી, ખાંભેલ અને ચાણસ્મા વધુ સારી રેલ કનેક્ટિવિટી સાથે જોડાશે. પરિણામે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓને સસ્તી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી ઉપલબ્ધ બનશે. સાથે જ વિશ્વવિખ્યાત બહુચર માતાજીના મંદિરે આવતા લાખો શ્રદ્ધાળુઓની યાત્રા વધુ સરળ બનશે.

આ રેલ પ્રોજેક્ટ વિસ્તારની કૃષિ, લઘુ ઉદ્યોગો, વેપાર અને સ્થાનિક અર્થવ્યવસ્થાને નવી ગતિ આપશે. તેના દ્વારા રોજગારની નવી તકો ઊભી થશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણ-અનુકૂળ, ટકાઉ અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. વધુ સારી પરિવહન સુવિધાથી દૈનિક મુસાફરો, પ્રવાસન અને વેપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે તેમજ પ્રાદેશિક આર્થિક એકીકરણ ને નવી મજબૂતી મળશે.

# ચકલાસીમાં આજે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો

## ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને નાગરિકોને કેમિકલમુક્ત ખેત પેદાશો ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો પ્રયાસ

**નડિયાદ, તા.10**




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક ખેતીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા સાથે પ્રાકૃતિક ખેત પેદાશોના સુવ્યવસ્થિત વેચાણ માટે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીની વિશેષ સૂચના મુજબ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની પેદાશોનું યોગ્ય અને પૂરતું મૂલ્ય મળી રહે તેમજ ગ્રાહકોને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગ વિના ઉત્પાદિત ગુણવત્તાસભર ખેત પેદાશો સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુસર રાજ્યના મહાનગરો, નગરપાલિકાઓ અને તાલુકા કક્ષાએ વેચાણ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી રહી છે. આ અનુસંધાને આજે તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે મુ.પો. ચકલાસી, તા. નડિયાદ ખાતે માર્કેટ યાર્ડ શોપિંગ સેન્ટર, દુકાન નં. ૧૫, ભારતીય વિનય મંદિર સ્કૂલ સામે આવેલ સ્થળે તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની ખેત પેદાશોના વેચાણ માટે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન ચકલાસી નગરપાલિકાના કોર્પોરેટરશ્રી પ્રશાંતભાઈ એસ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેચાણ કેન્દ્ર દ્વારા તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને શાકભાજી, અનાજ, કઠોળ, બાગાયતી અને ફળપાકો ઉપરાંત પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોની દૂધજન્ય પેદાશોનું યોગ્ય અને પોષણક્ષમ મૂલ્ય પ્રાપ્ત થશે. સાથે જ ચકલાસી અને આસપાસના વિસ્તારના નાગરિકોને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગ વિના ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશો સરળતાથી ઉપલબ્ધ બનશે. રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોને બજાર સાથે સીધા જોડવાના આ પ્રયાસથી ખેડૂતોની આવકમાં વધારો થશે તેમજ ગ્રાહકોને સ્વસ્થ, સુરક્ષિત અને કેમિકલમુક્ત ખાદ્ય પેદાશો ઉપલબ્ધ થવામાં મહત્વપૂર્ણ સહાય મળશે.

# સાબરમતી ખાતે કાર્યરત રેલવે ટ્રેક ઉપર અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટના 1,600 મેટ્રિક ટન વજનના પ્રીકાસ્ટ આર.સી.સી. પોર્ટલ બીમનું માત્ર 3 કલાકમાં સફળ પ્રક્ષેપણ

**અમદાવાદ, તા.10**



અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી ખાતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળના સાબરમતી વિસ્તારમાં કાર્યરત મુખ્ય રેલવે લાઇન ઉપર અત્યંત જટિલ અને ઉચ્ચ સ્તરની એન્જિનિરીંગ કાર્યને સફળતાપૂર્વક પાર પાડતાં, 1,600 મેટ્રિક ટન વજનના વિશાળ પ્રીકાસ્ટ આર.સી.સી. (RCC) પોર્ટલ બીમનું માત્ર 3 કલાકના નિર્ધારિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પ્રક્ષેપણ (લૉન્ચિંગ) કરવામાં આવ્યું હતું.

આ સિદ્ધિ ભારતીય રેલવેના માળખાકીય વિકાસમાં તકનીકી શ્રેષ્ઠતા, ચોકસાઈભર્યું આયોજન અને સુરક્ષિત અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે.

ઓપરેશનની મુખ્ય વિશેષતાઓ: આ પડકારજનક કાર્યને અત્યંત ચોકસાઈ સાથે સંપન્ન કરવામાં આવ્યું

અભૂતપૂર્વ ચોકસાઈ: સાબરમતી ખાતે કાર્યરત મુખ્ય રેલવે લાઇન ઉપર 34.5 મીટર + 5.5 મીટર + 4.5 મીટર કદના અને 1,600 મેટ્રિક ટન વજન ધરાવતા વિશાળ પ્રીકાસ્ટ પોર્ટલ બીમનું માત્ર 3 કલાકના મર્યાદિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ: આ ભારે કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે 2,200 ટન ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રોલર ક્રેન (Crawler Crane)નો ઉપયોગ કરવામાં આવ્યો.

શૂન્ય વિક્ષેપ (Zero Disruption): સમગ્ર કામગીરી અત્યંત સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી. કામગીરી દરમિયાન એક પણ અકસ્માત નોંધાયો નહીં અને સૌથી મહત્વની વાત એ રહી કે મુસાફર ટ્રેનોની નિયમિત અવરજવરમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ આવ્યો નહીં.

સમયસર પુનઃસ્થાપન: કામગીરી પૂર્ણ થતાં જ રેલવે ટ્રેક અને ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE)ને નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ સુરક્ષા અને ચોક્કસ એલાઈનમેન્ટ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા.

**એન્જિનિરીંગ કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ**

આ સિદ્ધિ અંગે વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આ ઉપલબ્ધિ રેલવેના એન્જિનિરીંગ કૌશલ્ય અને સલામતીના ઉચ્ચ ધોરણો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે. કાર્યરત રેલવે લાઇન ઉપર આટલા ભારે વજનના પોર્ટલ બીમને કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના સ્થાપિત કરવું એક મોટો પડકાર હતો, જેને અમારી ટીમે અસાધારણ આયોજન, સુમેળ અને ચોકસાઈ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.'

આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ ભારતીય રેલવેની તકનીકી કુશળતા અને કામગીરીની શ્રેષ્ઠતાને ઉજાગર કરે છે તેમજ ભવિષ્યમાં હાથ ધરાનારી મોટી માળખાકીય વિકાસ યોજનાઓ માટે એક નવો માપદંડ સ્થાપિત કરે છે.

# ઈંગ્લેન્ડ સામે કેપ્ટન શ્રેયસ અય્યરની આ એક ભૂલ ટીમ ઈન્ડિયાને ભારે પડી

**નવી દિલ્હી, તા.10**

ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચોની T20I શ્રેણીના ચોથા મુકાબલામાં પણ ભારતીય ટીમને 9 વિકેટે શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. આ મેચમાં ટીમ ઈન્ડિયાનું ટોપ અને મિડલ ઓર્ડર બેટિંગ લાઈન-અપ ખરાબ રીતે ફ્લોપ સાબિત થયું હતું. આ ઉપરાંત કેપ્ટન શ્રેયસ અય્યરના કેટલાક નિર્ણયો પણ ટીમ પર ભારે પડ્યા હતા, જે મેચનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયા હતા. શ્રેયસ અય્યરની શાનદાર અણનમ 80 રનની ઈનિંગ છતાં ભારત માત્ર 158 રનનો સ્કોર જ બનાવી શક્યું હતું. જોકે, આ સ્કોર T20Iના હિસાબે નાનો જરૂર હતો, પરંતુ અય્યરની એક વ્યૂહાત્મક ભૂલને કારણે ભારતીય બોલરો આ સ્કોરનો બચાવ ન કરી શક્યા.



મેચમાં જ્યારે ભારતીય ટીમ લક્ષ્યનો બચાવ કરવા ઉતરી ત્યારે ડાબા હાથના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરને માત્ર 13 રનના સ્કોર પર પેવેલિયન ભેગો કરીને ભારતને મોટી સફળતા અપાવી હતી. જોકે આ વિકેટ મળ્યા બાદ કેપ્ટન અય્યરે અર્શદીપ પાસે સતત બોલિંગ ન કરાવી અને તેમને બદલી નાખ્યા. કેપ્ટનના આ નિર્ણયનો ફાયદો ઉઠાવીને હોમ ગ્રાઉન્ડ પર રમી રહેલા હેરી બ્રુક અને ફિલ સોલ્ટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બિનઅનુભવી એવા પ્રિન્સ યાદવ અને પ્રસિદ્ધ ક્રિષ્નાની ઓવરોમાં તોફાની બેટિંગ કરીને રન ફટકાર્યા હતા. જેના કારણે ઈંગ્લેન્ડે પાવરપ્લેમાં 1 વિકેટે 62 રન બનાવી લીધા હતા અને ભારત અહીંથી જ મેચમાં પાછળ ધકેલાઈ ગયું હતું. ચોથી T20I મેચમાં પણ ટીમ ઈન્ડિયાના ઓપનર્સ અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા. અભિષેક શર્મા 16 રન અને વૈભવ સૂર્યવંશી 15 રન બનાવીને આઉટ થયા હતા. ત્રીજા નંબરે આવેલો ઈશાન કિશન પણ કંઈ ખાસ કમાલ કરી શક્યો નહોતો. જોકે, કેપ્ટન શ્રેયસ અય્યરે એકલા હાથે ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. અય્યરે પોતાની અણનમ 80 રનની ઈનિંગમાં 49 બોલનો સામનો કર્યો હતો, જેમાં 5 છગ્ગા અને 4 ચોગ્ગા સામેલ હતા. મિડલ ઓર્ડરમાં શિવમ દુબેએ 23 બોલમાં 22 રનનું યોગદાન આપ્યું હતું.

ઈંગ્લેન્ડની ટીમે 159 રનનો ટાર્ગેટ માત્ર 1 વિકેટ ગુમાવીને 37 બોલ બાકી રહેતા આસાનીથી હાંસલ કરી લીધો હતો. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે માત્ર 35 બોલમાં 8 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી તોફાની 79 રન ફટકાર્યા હતા. બીજી તરફ ફિલ સોલ્ટે પણ 42 બોલમાં 9 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી અણનમ 59 રનની ઈનિંગ રમી હતી. આ જીત સાથે જ ઈંગ્લેન્ડ પાંચ મેચોની આ શ્રેણીમાં 3-0થી આગળ છે.

# ફિફામાં 20 મેચ રમનારો સૌથી યુવા ખેલાડી બન્યો એમ્બાપ્પે, હવે ગોલ મામલે મેસીનો રેકોર્ડ ખતરામાં

**મોરોક્કો, તા.10**

ફ્રાન્સના સ્ટાર ફૂટબોલર કિલિયન એમ્બાપ્પેએ મોરોક્કો સામે રમાયેલી મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ ઈતિહાસ રચી દીધો છે. એમ્બાપ્પે ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં 20 મેચ રમનારો વિશ્વનો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. આ સાથે જ તે આ મેગા ઈવેન્ટમાં સૌથી ઝડપી 20 ગોલ કરનારો ખેલાડી પણ બની ગયો છે.



27 વર્ષીય એમ્બાપ્પેએ બોસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલા રોમાંચક મુકાબલામાં મોરોક્કો સામે ફ્રાન્સની 2-0થી થયેલી જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફર્સ્ટ હાફમાં પેનલ્ટી ચૂકી ગયા બાદ પણ તેણે હિંમત નહોતી હારી અને મેચની 60મી મિનિટે એક શાનદાર ગોલ કરીને ફ્રાન્સને લીડ અપાવી હતી. ત્યારબાદ તેણે પોતાના સાથી ખેલાડી ઓસ્માન ડેમ્બેલે માટે પણ બીજા ગોલની તક ઊભી કરી આપી હતી. આ શાનદાર જીત સાથે ફ્રાન્સે વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે.

એમ્બાપ્પે હવે ફ્રાન્સ તરફથી સૌથી વધુ વર્લ્ડ કપ મેચ રમનારા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે. તેણે 20 મેચો રમીને હ્યુગો લોરિસની બરાબરી કરી લીધી છે, જ્યારે એન્ટોન ગ્રીઝમેન, ઓલિવિયર ગિરોડ અને રાફેલ વરાન જેવા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. જોકે, વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ રમવાનો રેકોર્ડ આર્જેન્ટિનાના લિયોનલ મેસીના નામે છે, જેમણે 30 મેચ રમી છે.

ફિફા વર્લ્ડ કપ 2026માં પોતાના 8મા ગોલની સાથે એમ્બાપ્પેએ વર્લ્ડ કપ કરિયરમાં પોતાના કુલ ગોલની સંખ્યા 20 પર પહોંચાડી દીધી છે. તેણે વર્ષ 2018, 2022 અને 2026ના ત્રણ વર્લ્ડ કપ રમીને આ સિદ્ધિ મેળવી છે. તે વર્લ્ડ કપ ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનારા ખેલાડીઓની યાદીમાં લિયોનલ મેસીની ખૂબ જ નજીક પહોંચી ગયો છે. મેસીના નામે 21 ગોલ છે અને એમ્બાપ્પે તેનાથી માત્ર 1 ગોલ પાછળ છે.

વિશ્વ કપ 2026માં એમ્બાપ્પેએ જીતના મામલે પણ નવો રેકોર્ડ બનાવ્યો છે. સ્વીડન સામે ફ્રાન્સની જીત બાદ વર્લ્ડ કપ ઈતિહાસમાં તેની 15મી જીત હતી. ત્યારબાદ પેરાગ્વે અને હવે મોરોક્કો સામેની જીત બાદ એમ્બાપ્પેની કુલ જીતની સંખ્યા 17 થઈ ગઈ છે. આ મામલે પણ તેનાથી આગળ માત્ર લિયોનલ મેસી છે, જેના નામે વર્લ્ડ કપમાં 20 જીત નોંધાયેલી છે.

# 16 છગ્ગા, 28 બોલમાં સેન્ચુરી... દિગ્ગજ ઓલરાઉન્ડરના દીકરાનું ક્રિકેટના મેદાનમાં વિસ્ફોટક પ્રદર્શન

**અફઘાનિસ્તાન, તા.10**

અફઘાનિસ્તાનના દિગ્ગજ ઓલરાઉન્ડર મોહમ્મદ નબીના 19 વર્ષીય પુત્ર હસન ઈસાખિલે ક્રિકેટ જગતમાં પોતાની તોફાની બેટિંગથી સનસનાટી મચાવી દીધી છે. ઉઝબેકિસ્તાન સામે રમાયેલા એક મુકાબલામાં અફઘાનિસ્તાન XI તરફથી રમતા જમણા હાથના બેટ્સમેન હસન ઈસાખિલે માત્ર 34 બોલમાં 120 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. આ ઈનિંગ દરમિયાન તેણે 16 સિક્સર અને 4 ફોર ફટકારી હતી, એટલે કે 112 રન તો તેણે માત્ર બાઉન્ડ્રી (ચોગ્ગા-છગ્ગા) વડે જ બનાવી લીધા હતા.



ઈસાખિલની આ તોફાની સદી અને કેપ્ટન ઈમરાન મીર (32 બોલમાં 74 રન) સાથેની પ્રથમ વિકેટ માટે માત્ર 60 બોલમાં થયેલી 181 રનની ભાગીદારીના જોરે અફઘાનિસ્તાન XI એ 20 ઓવરમાં 7 વિકેટે 323 રનનો હિમાલય જેવો સ્કોર ખડક્યો હતો. આ વિશાળ લક્ષ્યાંક સામે ઉઝબેકિસ્તાનની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે માંડ 124 રન જ બનાવી શકી હતી અને અફઘાનિસ્તાન XI એ 199 રનથી ભવ્ય વિજય મેળવ્યો હતો. ઉઝબેકિસ્તાન તરફથી મેરાજુદ્દીન અને અમાનુલ્લાહે 2-2 વિકેટ લીધી હતી.

ઈસાખિલ હજુ 19 વર્ષનો છે અને તેણે અફઘાનિસ્તાનની અંડર-19 ટીમનું પ્રતિનિધિત્વ કર્યું છે, જોકે હજુ તેનું ઈન્ટરનેશનલ ડેબ્યુ બાકી છે. તેના પિતા 41 વર્ષીય મોહમ્મદ નબી હજુ પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સક્રિય છે અને તેમણે અફઘાનિસ્તાન માટે 333 મેચોમાં 6273 રન બનાવવાની સાથે 294 વિકેટ પણ ઝડપી છે. ક્રિકેટ વર્તુળોમાં એવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે કે આગામી સમયમાં આ પિતા-પુત્રની જોડી અફઘાનિસ્તાન માટે એકસાથે આંતરરાષ્ટ્રીય મેચ રમતી જોવા મળી શકે છે.

# સીરિઝ જીતીને પણ ઘમંડ ન બતાવ્યો: ઈંગ્લેન્ડના કેપ્ટને ટીમ ઈન્ડિયાના વખાણ કરી ફેન્સના દિલ જીત્યાં

**બ્રિસ્ટલ, તા.10**

બ્રિસ્ટલમાં ગુરુવારે રાત્રે રમાયેલી ચોથી T20 ઈન્ટરનેશનલ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને ખરાબ રીતે હરાવ્યું છે. ઈંગ્લેન્ડે આ T20I મેચમાં 37 બોલ બાકી રહેતા ટીમે ઈન્ડિયાને 9 વિકેટે માત આપી દીધી. પાંચ મેચોની આ T20I સિરીઝ ઈંગ્લેન્ડે જીતી લીધી છે, અને સિરીઝમાં 3-0 થી અજેય લીડ મેળવી લીધી છે. ભારત સામે T20 સિરીઝ જીત્યા પછી પણ, ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂક બિલકુલ પણ ઘમંડમાં આવ્યા નથી. હેરી બ્રૂકે ટીમ ઈન્ડિયાની મજાક ઉડાવવાને બદલે તેના જોરદાર વખાણ કર્યા છે.



ઈંગ્લેન્ડે પહેલીવાર ભારત સામે દ્વિપક્ષીય (બાયલેટરલ) T20 સિરીઝ (બે અથવા તેથી વધુ મેચ) પોતાના નામે કરી છે. ઈંગ્લિશ કેપ્ટન હેરી બ્રૂક ઈંગ્લેન્ડની ટીમના પ્રદર્શનથી ખૂબ જ ખુશ જોવા મળ્યા. હેરી બ્રૂકે ચોથી T20 માં મળેલી જીત બાદ કહ્યું, 'આ મેચમાં અમારું પ્રદર્શન શાનદાર રહ્યું. ભારતને હરાવવું હંમેશા ખાસ હોય છે. તે હંમેશાથી ખૂબ જ સારી ટીમ રહી છે. જે રીતે અમે પિચના હિસાબથી પોતાને ઢાળ્યા છે ,અને તે સપાટીનો સામનો કરવા માટે અલગ-અલગ સ્કિલ્સનો ઉપયોગ કર્યો છે, તેનાથી હું ખૂબ ખુશ છું. જોફ્રા અને ટંગ વચ્ચે ઘણું સારું બને છે. જોફ્રા સ્પિનરો સાથે પણ વાત કરે છે. બસ થોડી-ઘણી વાતચીતથી ઘણો ફરક પડે છે.'

ઈંગ્લેન્ડની ટીમ જો ભારત સામેની T20 સિરીઝની પાંચમી અને છેલ્લી મેચ જીતવામાં સફળ રહેશે, તો તે આ ફોર્મેટમાં દુનિયાની નંબર-1 ટીમ બની જશે. હેરી બ્રૂકે કહ્યું કે, નંબર-1 બનવું હંમેશા સારું હોય છે. તેમણે કહ્યું, 'જો અમે દુનિયાની નંબર-1 ટીમ બનીશું તો, તે અમારા માટે ગર્વની વાત હશે. અમારો ધ્યેય એ જ છે કે, આ સિરીઝમાં જે પ્રકારનું ક્રિકેટ રમી રહ્યા છીએ, તેને આગળ પણ ચાલુ રાખીએ અને અંતમાં ટ્રોફી જીતીએ.'

હેરી બ્રૂકે ચોથી T20 મેચમાં માત્ર 35 બોલનો સામનો કરીને 79 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. પોતાની બેટિંગ વિશે વાત કરતા ઈંગ્લિશ કેપ્ટને કહ્યું, 'પોતાની બેટિંગને લઈને હું ખુશ છું. મેચ પહેલા કોચ સાથે આ મેદાન પર બેટિંગની રણનીતિ અંગે સારી ચર્ચા થઈ હતી. ખુશી છે કે, હું ટીમ માટે કેટલાક મહત્વના રન બનાવી શક્યો. અમારી બેટિંગની સૌથી મોટી તાકાત તેની ઊંડાઈ છે. આજે અમે રેહાનને ટીમમાં સામેલ કર્યો, જે નંબર 8 પર આવીને મોટા શોટ્સ લગાવવાની ક્ષમતા રાખે છે. આનાથી અમારી બેટિંગ વધુ મજબૂત થાય છે, અને ટીમને વધારાનો ભરોસો મળે છે.'

# ટોક્સિકની 'તબાહી'માં યશ-કિયારા અડવાણીની કેમિસ્ટ્રી વખણાઈ

**મુંબઈ, તા.10**

પેન-ઈન્ડિયા સ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'ટોક્સિક: અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ'નું પહેલું ગીત 'તબાહી' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. યશ અને કિયારા અડવાણી પર ફિલ્માવવામાં આવેલા આ રોમેન્ટિક ગીતમાં બંને વચ્ચેની કેમિસ્ટ્રી અને ઈન્ટિમેટ પળોએ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. જોકે, ગીતનાં જ્યાં એક તરફ વખાણ થઈ રહ્યાં છે, ત્યાં બીજી તરફ કેટલાક દર્શકોએ ફિલ્મની વાર્તા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.



વિશાલ મિશ્રાએ ગાયેલું અને સંગીતબદ્ધ કરેલું 'તબાહી' ગીત યશ અને કિયારાના પાત્રો વચ્ચેના ગાઢ પ્રેમ અને એકબીજા પ્રત્યેના આકર્ષણને દર્શાવે છે. ગીતની શરૂઆતમાં યશ ચર્ચની બહાર કિયારાને પોતાની બાહોમાં ઉઠાવતો જોવા મળે છે. ત્યારબાદ સર્કસ, કાર, દરિયાકિનારો અને કાર્નિવલ જેવા વિવિધ લોકેશન પર બંને વચ્ચેના રોમેન્ટિક દ્રશ્યો રજુ કરવામાં આવ્યાં છે. ગીતના અંતે બંને ફેરિસ વ્હીલ પર જોવા મળે છે, જ્યારે કાર્નિવલમાં આગ લાગ્યાનાં દ્રશ્યો પણ દર્શાવવામાં આવ્યા છે. ગીતમાં યશનું ટ્રાન્સફોર્મેશન અને સિક્સ-પેક લૂક પણ ચર્ચામાં છે.

ગીત રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર મોટાભાગનાં દર્શકોએ યશ અને કિયારાની સ્ક્રીન કેમિસ્ટ્રીનાં વખાણ કર્યાં છે. કેટલાક યુઝર્સે લખ્યું કે આ ગીતમાં દર્શાવાયેલો રોમાન્સ માત્ર આકર્ષણ પુરતો નથી, પરંતુ તેમાં લાગણીઓ પણ સ્પષ્ટ દેખાય છે. અન્ય કેટલાકે કિયારાનાં લૂક અને બંનેની જોડીને ફિલ્મની સૌથી મોટી ખાસિયત ગણાવી છે. અનેક લોકોએ એવો પણ અભિપ્રાય વ્યક્ત કર્યો કે ગીત બોલ્ડ હોવા છતાં અશ્લીલ લાગતું નથી.

બીજી તરફ, કેટલાક દર્શકોને ગીતમાં વારંવાર દર્શાવવામાં આવેલા રોમેન્ટિક અને ઈન્ટિમેટ દ્રશ્યો પસંદ આવ્યા નથી. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સવાલ કર્યો કે ફિલ્મનાં અત્યાર સુધી જાહેર થયેલા પ્રચારમાં માત્ર રોમાન્સ અને શારીરિક આકર્ષણ પર જ ભાર મુકવામાં આવ્યો છે, જ્યારે ફિલ્મની મુખ્ય

વાર્તા વિશે હજુ સુધી બહુ કંઈ જાણવા મળતું નથી.

ગીત સાથે ફિલ્મ અંગેની ઉત્સુકતા પણ વધી છે. ગીતુ મોહનદાસના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મની વાર્તા યશે પોતે ગીતુ મોહનદાસ સાથે મળીને લખી છે. ફિલ્મમાં યશ અને કિયારા અડવાણી ઉપરાંત નયનતારા, હુમા કુરેશી, રુક્મિણી વસંત અને તારા સુતારિયા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

# 'ગોલમાલ 5'માં અજય દેવગન અને અક્ષય કુમાર સામે વિલન તરીકે પ્રિયામણી જોવા મળશે

**મુંબઈ, તા.10**

લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી 'ગોલમાલ' હવે તેની પાંચમી ફિલ્મ સાથે દર્શકોનું મનોરંજન કરવા તૈયાર છે. આ વખતે ફિલ્મમાં એક ચોંકાવનારું કાસ્ટિંગ સામે આવ્યું છે. આ અંગેના અહેવાલો મુજબ, 'ધ ફેમિલી મેન', 'આર્ટિકલ 370' અને 'યમદોંગા' જેવી ફિલ્મો અને સિરીઝથી જાણીતી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેત્રી પ્રિયામણી ફિલ્મમાં મુખ્ય વિલનની ભુમિકામાં જોવા મળશે.

ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરી 2026માં શરૂ થયું હતું. નિર્માતાઓએ એક ખાસ વીડિયો દ્વારા ફિલ્મની જાહેરાત કરી હતી, જેમાં અજય દેવગન, અર્શદ વારસી, શ્રેયસ તળપદે, તુષાર કપૂર અને કુણાલ ખેમુ ફરી એકવાર પોતાની ભૂમિકામાં જોવા મળશે.

આ સાથે જ પ્રથમ ફિલ્મ બાદ શરમન જોશીની ફ્રેન્ચાઈઝીમાં વાપસી થઈ રહી છે, જ્યારે અક્ષય કુમારનો સમાવેશ ચાહકો માટે





સૌથી મોટી સરપ્રાઈઝ બન્યો છે. હવે પ્રિયામણી વિલનની ભુમિકામાં જોવા મળતાં રોહિત શેટ્ટી તેનાં પાત્રને કેવી રીતે રજૂ કરે છે અને કોમેડીથી ભરપૂર આ ફિલ્મમાં કેટલો નવો રંગ ઉમેરે છે તે જોવાનું રહેશે. પરંતુ, આ પ્રિયામણીની અને રોહિત શેટ્ટી સાથે પહેલી ફિલ્મ નથી. અગાઉ તે શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની 'ચેન્નાઈ એક્સપ્રેસ'ના લોકપ્રિય ગીત '1 2 3 4 ગેટ ઓન ધ ડાન્સ ફ્લોર 'માં ખાસ ડાન્સ નંબર કરી ચૂકી છે. ઉપરાંત, તે 'મૈદાન'માં અજય દેવગન સાથે પણ સ્ક્રીન શેર કરી ચૂકી છે. ફિલ્મમાં મુખ્ય કલાકારો ઉપરાંત જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી અને અશ્વિની કાલસેકર પણ ફરી એકવાર જોવા મળશે, જે પોતાનાં કોમિક ટાઈમિંગથી ફિલ્મમાં વધુ મનોરંજન ઉમેરશે. હાલ 'ગોલમાલ 5'નું શૂટિંગ ચાલી રહ્યું છે અને નિર્માતાઓ ફિલ્મને 2027ની શરૂઆતમાં સિનેમાઘરોમાં રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે. આ વખતે અજય દેવગનની ટોળકી સામે પ્રિયામણીના વિલન અવતારથી કોમેડી અને ડ્રામાનો નવો અંદાજ જોવા મળશે.

# નવા મિત્રો મળતા સાચા મિત્રોને ભુલી જવાય છે : અહેમદ ખાન

**મુંબઈ, તા.10**

ફિલ્મ નિર્માતા અને કોરિયોગ્રાફર અહેમદ ખાને અભિનેતા શાહિદ કપૂર સાથેના લાંબા સમયથી ચર્ચામાં રહેલા મતભેદ અંગે પ્રથમ વખત ખુલીને વાત કરી છે. અહેમદે સ્વીકાર્યું કે હવે બંને વચ્ચે પહેલાં જેવી મુલાકાતો થતી નથી, પરંતુ ભવિષ્યમાં યોગ્ય સ્ક્રિપ્ટ અને વિચારો મેળ આવે એવું હોય તો સાથે કામ કરવાની શક્યતા યથાવત છે.

તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અહેમદ ખાને જણાવ્યું કે તેણે શાહિદના કારકિર્દીના શરૂઆતના મહત્વના પ્રોજેક્ટ્સમાં સાથે કામ કર્યું હતું. તેણે કહ્યું, "મેં શાહિદના મ્યુઝિક વીડિયો 'આંખોં મેં તેરા હી ચહેરા' કર્યો હતો. ત્યારબાદ તેની પ્રથમ ફિલ્મ ઈશ્ક



વિશ્કમાં કોરિયોગ્રાફી કરી. પછી મેં તેને લઈને ફૂલ એન્ડ ફાઈનલનું દિગ્દર્શન કર્યું અને પાઠશાલાનું નિર્માણ પણ કર્યું, જેમાં શાહિદે અભિનય કર્યો હતો."

અહેમદે જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બંનેની કારકિર્દીની દિશા અલગ થઈ ગઈ છે. તેણે કહ્યું, "શાહિદ હાલમાં જે પ્રકારની ફિલ્મો પસંદ કરી રહ્યો છે, તે મારી ફિલ્મોની શૈલીથી અલગ છે. જ્યારે અમારી સર્જનાત્મક વિચારસરણી ફરી એકવાર મેળ ખાતી થશે, ત્યારે ચોક્કસ સાથે કામ કરીશું."

શાહિદ સાથેની મિત્રતા અંગે અહેમદે કહ્યું, "અમે બાળપણના મિત્રો છીએ. હું 11 વર્ષનો હતો અને શાહિદ માત્ર 7 વર્ષનો હતો ત્યારે અમારી મિત્રતા શરૂ થઈ હતી. એટલે અમારી મિત્રતા 30 વર્ષથી પણ વધુ જૂની છે. પરંતુ આ ઈન્ડસ્ટ્રી એવી છે કે અહીં સતત નવા મિત્રો બનતા રહે છે અને ક્યારેક માણસ પોતાના સાચા મિત્રો પણ ભુલી જાય છે. હવે અમારી જીવનશૈલી પણ ઘણી બદલાઈ ગઈ છે." 2015માં બંને વચ્ચે મતભેદ હોવાના અહેવાલો સામે આવ્યા હતા. તે સમયે અહેમદે કહ્યું હતું, "અમારી વચ્ચે થોડા સમયથી મતભેદ ચાલી રહ્યા હતા, જે બાદમાં ખુલ્લા પડી ગયા.

# 'આલ્ફા'થી સંગીતકાર રોહાંશ અને અબીર પંડિતનું ફિલ્મમાં ડેબ્યુ

## તેઓ જાણીતા સંગીતકાર બંધુઓ જતિન-લલિતમાંના લલિત પંડિતના પુત્રો છે

**મુંબઈ, તા.10**

1990ના દાયકાથી લઈને 2000ના પ્રથમ દાયકાના સુધી હિન્દી ફિલ્મ સંગીત પર રાજ કરનાર લોકપ્રિય સંગીતકાર બંધુઓ જતિન-લલિત બાદ હવે તેમની આગામી પેઢીએ પણ યશ રાજ ફિલ્મ્સ સાથે પોતાની સફરની શરૂઆત કરી છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'આલ્ફા'નાં ગીતો અને બેકગ્રાઉન્ડ સ્કોરનાં સંગીતકાર રોહાંશ પંડિત અને અબીર પંડિત, લલિત પંડિતના પુત્રો હોવાનું હવે સામે આવ્યું છે.

ખાસ વાત એ છે કે ફિલ્મનાં ક્રેડિટ્સમાં બંનેના નામ માત્ર 'રોહાંશ' અને 'અબીર' તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેથી ફિલ્મ જોનારાં ઘણાં દર્શકોને તેઓ જતિન-લલિત પરિવાર સાથે જોડાયેલા છે તેની જાણ થઈ





નહોતી. આ માહિતી અભિનેતા અને નિર્માતા વિવેક વસવાણીએ પોતાની ફેસબુક પોસ્ટ દ્વારા જાહેર કરી હતી. તેમણે લખ્યું, "રોહાંશ પંડિત અને અબીર પંડિત જેવા પ્રતિભાશાળી ડેબ્યુ સંગીતકારોની જોડી સાથે 'આલ્ફા' જોવાનો અદ્ભુત અનુભવ રહ્યો. તેમની સાથે મીના પંડિત અને લલિત પંડિત પણ હાજર હતાં. ફિલ્મનું સંગીત સંપુર્ણપણે નવા યુગને અનુરૂપ છે, દમદાર છે અને હાઈ-ઓક્ટેન એક્શનને અસરકારક રીતે રજૂ કરે છે." તેમણે YRFના પ્રિવ્યુ થિયેટરમાં લલિત પંડિત સાથે રોહાંશ અને અબીરની તસવીર પણ શેર કરી હતી. 'આલ્ફા' રોહાંશ અને અબીર માટે ફિલ્મ સંગીતકાર તરીકેનું ડેબ્યુ છે. ફિલ્મનાં અનેક મહત્વના સીમ માટેનું બેકગ્રાઉન્ડ સ્કોર પણ તેમણે તૈયાર કર્યું છે, જેમાં રિતિક રોશનની ખાસ સિક્વન્સનું થીમ મ્યુઝિક પણ સામેલ છે.

રોહાંશ અને અબીરે 2023માં કિશોર વયે જ 'કમિંગ હોમ' નામનું શાંતિ સંદેશ આપતું ગીત તૈયાર કર્યું હતું, જેનું નિર્માણ વોર્નર બ્રધર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ગીત બાદ બંને સંગીતક્ષેત્રમાં ચર્ચામાં આવ્યા હતા. જ્યારે તેમના પિતાએ ભાઈ સાથે - જતિન-લલિતે 1991માં આવેલી 'યારા દિલદારા'થી સંગીતકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે 'જો જીતા વહી સિકંદર', 'ખિલાડી', 'રાજુ બન ગયા જેન્ટલમેન', 'કભી હાં કભી ના', 'ખામોશી: ધ મ્યુઝિકલ', 'યેસ બોસ', 'પ્યાર કિયા તો ડરના ક્યા', 'જબ પ્યાર કિસીસે હોતા હૈ', 'કુછ કુછ હોતા હૈ', 'સરફરોશ', 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની', 'કભી ખુશી કભી ગમ' અને 'ચાલતે ચાલતે' જેવી અનેક સુપરહિટ ફિલ્મોને યાદગાર સંગીત આપ્યું હતું.YRF સાથે તેમણે 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' (1995), 'મોહબ્બતેં' (2000), 'હમ તુમ' (2004) અને 'ફના' (2006) જેવી ચાર ફિલ્મોમાં કામ કર્યું હતું. આ તમામ ફિલ્મોનાં ગીતો આજે પણ શ્રોતાઓમાં લોકપ્રિય છે. 'ફના' જતિન-લલિતની સાથેની છેલ્લી ફિલ્મ હતી.

# 2026નો સૌથી મોટો IPO SBI ફંડ્સ લોન્ચ કરશે: પ્રાઇસ બેન્ડ ₹545-574 નક્કી, 14 જુલાઈથી ઈશ્યૂ ખુલશે

**નવી દિલ્હી, તા.10**

ભારતીય કોર્પોરેટ જગત અને રોકાણકારો માટે ખૂબ જ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. દેશના શેરબજારમાં આ વર્ષનો સૌથી મોટો આઈપીઓ ટૂંક સમયમાં દસ્તક આપવા જઈ રહ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સબસિડિયરી કંપની એવા SBI ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડે આ મેગા પબ્લિક ઈશ્યૂ લાવવા માટેની કાનૂની પ્રક્રિયા તેજ કરી દીધી છે. કંપનીએ બુધવારે મોડી રાત્રે માર્કેટ રેગ્યુલેટર સમક્ષ પોતાનો રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ એટલે કે આરએચપી ફાઈલ કરી દીધો છે. આ ભવ્ય પબ્લિક ઈશ્યૂ દ્વારા કંપની બજારમાંથી આશરે ૧૧,૬૯૩ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ એકત્ર કરવા જઈ રહી છે, જે આ વર્ષનો પહેલો એક બિલિયન ડોલર કરતાં મોટો આઈપીઓ સાબિત થશે.

રોકાણકારો માટે આ આઈપીઓ આગામી ૧૪ જુલાઈના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્લો મૂકવામાં આવશે. કંપની દ્વારા આ ઈશ્યૂ માટે પ્રતિ શેર ૫૪૫ રૂપિયાથી લઈને ૫૭૪ રૂપિયા સુધીની પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવી છે. આ પ્રાઈસ બેન્ડ જાહેર થતા પહેલા જ અનલિસ્ટેડ માર્કેટ એટલે કે ગ્રે માર્કેટમાં કંપનીના શેર પ્રત્યે ભારે આકર્ષણ જોવા મળ્યું હતું, જ્યાં તેનો ભાવ લગભગ ૮૩૦ રૂપિયા પ્રતિ શેરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. જો રોકાણકારો ઉપલી પ્રાઈસ બેન્ડના સ્તરે બોલી લગાવશે તો લિસ્ટિંગ સમયે કંપનીનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન અંદાજે ૧.૧૭ લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી જવાની સંભાવના છે.

આ આઈપીઓની સૌથી મહત્વની બાબત એ છે કે તે સંપૂર્ણપણે ઓફર ફોર સેલ હશે, જેનો અર્થ એ થાય કે કંપની બજારમાંથી કોઈ નવો ફંડ એકત્ર નથી કરી રહી પરંતુ તેના વર્તમાન પ્રમોટર્સ પોતાનો હિસ્સો વેચી રહ્યા છે. આ પ્રક્રિયા અંતર્ગત પેરન્ટ કંપની એસબીઆઈ પોતાનો ૬.૩ ટકા હિસ્સો એટલે કે આશરે ૧૨.૮૩ કરોડ શેર બજારમાં વેચશે. જ્યારે તેની જોઈન્ટ વેન્ચર પાર્ટનર કંપની અમુન્ડી ઈન્ડિયા હોલ્ડિંગ પોતાનો ૩.૭ ટકા હિસ્સો એટલે કે ૭.૫૬ કરોડ શેર ઓપન માર્કેટમાં ઓફલોડ કરવા જઈ રહી છે. હાલના સમયમાં એસબીઆઈ અને અમુન્ડી બંને સંયુક્ત રીતે આ કંપનીમાં લગભગ ૯૮ ટકા જેટલી પ્રચંડ ભાગીદારી ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે શરૂઆતના




સમયમાં અમુન્ડીનો આ હિસ્સો સોસિયેટે જનરલ એસએ પાસે હતો, જેને વર્ષ ૨૦૧૧માં અમુન્ડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

જો બજારના વર્તમાન સેન્ટિમેન્ટની વાત કરીએ તો વૈશ્વિક સ્તરે હલચલ જોવા મળી રહી છે. પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થયા બાદ ગયા મહિને ઘણી બધી કંપનીઓએ પોતાના આઈપીઓ ફાઈલ કર્યા હતા. જોકે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવારે ઈરાન સાથે સીઝફાયર ખતમ કરવા અંગે આપવામાં આવેલા નિવેદનને કારણે ભારતીય શેરબજાર પર તેની નકારાત્મક અસર જોવા મળી છે. આ વૈશ્વિક તણાવના લીધે બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ૨ ટકાથી વધુનો કડાકો બોલાઈ ગયો હતો, જે માર્ચ મહિના પછીનો દેશનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો હતો. આ બજારની અસ્થિરતા વચ્ચે પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવાશીષ મિશ્રાએ દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું છે કે બજાર હંમેશા અનિશ્ચિતતાઓથી ભરેલું રહેશે, પરંતુ અમારી કંપની પર લોકોનો ભરોસો અડગ છે. જો બજારની સ્થિતિ અત્યાર કરતાં પણ વધુ ખરાબ હોત, તો પણ આ આઈપીઓની ટાઈમલાઈનમાં કોઈ ફેરફાર ન થાત. આ પબ્લિક ઈશ્યૂથી કંપનીને બજારમાં એક નવી ઓળખ અને વિઝિબિલિટી મળશે, જેનાથી સિસ્ટમ વધુ જવાબદાર તેમજ પારદર્શક બનશે અને દેશના ખૂણે-ખૂણે મ્યુચ્યુઅલ ફંડની પહોંચ વધારવામાં મોટી મદદ મળશે.

નાણાકીય મોરચે આ કંપની અત્યંત મજબૂત સ્થિતિમાં છે. વર્ષ ૨૦૨૬ના વાર્ષિક અહેવાલના આંકડા દર્શાવે છે કે એસબીઆઈ ફંડ્સ દેશના મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસમાં ૧.૮ કરોડથી વધુ યુનિક રોકાણકારોને પોતાની સેવાઓ પ્રદાન કરે છે અને હાલમાં તે કુલ ૧૨૮ જેટલી અલગ-અલગ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સનું સફળ સંચાલન કરી રહી છે. કંપની કુલ ૨૯ લાખ કરોડ રૂપિયાથી વધુની જંગી સંપત્તિનું સંચાલન કરીને ભારતની સૌથી મોટી એસેટ મેનેજર કંપની તરીકે મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લા ત્રણ વર્ષની કમાણી પર નજર કરીએ તો નાણાકીય વર્ષ ૨૦૨૬માં કંપનીની રેવન્યુ ૨૨ ટકાના વધારા સાથે ૪,૩૯૦ કરોડ રૂપિયા રહી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૩,૫૮ કરોડ રૂપિયા હતી. આ સમયગાળામાં કંપનીનો ચોખ્ખો નફો પણ ૨૧ ટકા વધીને ૩,૦૬૭ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે, જે અગાઉના વર્ષે ૨,૫૪૦ કરોડ રૂપિયા હતો. તે જ પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦24માં કંપનીએ ૨,૬૯૧ કરોડ રૂપિયાની રેવન્યુ મેળવીને ૨,૦૭૩ કરોડ રૂપિયાનો નફો બુક કર્યો હતો.

આ મેગા આઈપીઓની મહત્વની તારીખો પણ જાહેર કરી દેવામાં આવી છે. રોકાણ માટે આ ઈશ્યૂ ખુલ્યા બાદ ૧૮ જુલાઈના રોજ શેરનું એલોટમેન્ટ ફાઈનલ થવાની પૂરેપૂરી સંભાવના છે. જે પણ રોકાણકારોને આ શેર લાગશે તેમના ખાતામાં શેર જમા થયા બાદ ૨૧ જુલાઈના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ બંને મુખ્ય એક્સચેન્જો પર કંપનીના શેરનું ભવ્ય લિસ્ટિંગ કરવામાં આવશે. શેરબજારની ભાષામાં સામાન્ય રોકાણકારો માટે એ જાણવું પણ જરૂરી છે કે આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ખરેખર શું હોય છે.

# ચાંદી 1,780 સસ્તી થઈ, આ મહિને ₹3,416 ઘટી: સોનું માત્ર ₹159 વધ્યું, જુલાઈમાં ₹2,183 મોંઘું થયું

**નવી દિલ્હી, તા.10**

આજના ઘરેલું બજારમાં કિંમતી ધાતુઓ એટલે કે સોના અને ચાંદીના ભાવમાં મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી છે. સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે એટલે કે આજે ૧૦ જુલાઈના રોજ ચાંદીના ભાવમાં નજીવો ઘટાડો નોંધાયો છે, જ્યારે સોનાની કિંમતોમાં તેજીનો સિલસિલો યથાવત રહ્યો છે. દેશમાં સોના-ચાંદીના સત્તાવાર ભાવ નક્કી કરતી સંસ્થા ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે આઈબીજેએ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આજે એક કિલોગ્રામ ચાંદીના ભાવમાં ૧,૭૮૦ રૂપિયાનો ઘટાડો થયો છે. આ ઘટાડા સાથે જ હવે એક કિલો ચાંદીની કિંમત ૨,૨૨,૦૧૪ રૂપિયા પર આવી ગઈ છે, જે આ પૂર્વે ગુરુવારે ૧,૪૩,૬૫૬ રૂપિયાના સ્તરે બંધ થઈ હતી.

બીજી તરફ, પીળી ધાતુ એટલે કે સોનાના ભાવમાં આજે ફરી એકવાર ઉછાળો જોવા મળ્યો છે. બજારમાં ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૫૯ રૂપિયા વધીને ૧,૪૩,૮૧૫ રૂપિયાની નવી સપાટી પર પહોંચી ગયો છે. આ અગાઉ ગઈકાલે એટલે કે ૯ જુલાઈના રોજ સોનાનો ભાવ ૧,૪૩,૬૫૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે બંધ રહ્યો હતો. એકંદરે ચાલુ મહિનાના ટ્રેન્ડ પર



નજર કરીએ તો, જુલાઈ મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં કુલ ૨,૧૮૩ રૂપિયાનો મોટો વધારો થઈ ચૂક્યો છે, જ્યારે તેનાથી વિપરિત ચાંદીની કિંમતોમાં આ સમયગાળા દરમિયાન ૩,૪૧૬ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. સરખામણી માટે જણાવી દઈએ કે ૧ જુલાઈના રોજ બજાર ખુલતી વખતે સોનાનો ભાવ ૧.૪૨ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદીનો ભાવ ૨.૨૫ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામના સ્તર પર હતો.

બજારમાં ચાલી રહેલી આ હલચલ વચ્ચે સામાન્ય ગ્રાહકો જ્યારે જ્વેલર્સ પાસે સોનાના દાગીના કે સિક્કા ખરીદવા જાય, ત્યારે તેમણે છેતરામણીથી બચવા માટે મુખ્યત્વે બે મહત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. સૌથી પહેલી બાબત એ છે કે ગ્રાહકે હંમેશા સર્ટિફાઈડ ગોલ્ડની જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ. સોનું ખરીદતી વખતે તેના પર બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે બીઆઈએસનો હોલમાર્ક લાગેલો છે કે નહીં તે અચૂક તપાસવું જોઈએ. આ હોલમાર્કિંગમાં એક વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક કોડ આપેલો હોય છે, જે ઉદાહરણ તરીકે AZ4524 જેવો દેખાઈ શકે છે. આ હોલમાર્ક કોડની મદદથી સોનું કેટલા કેરેટનું છે અને તેની શુદ્ધતા કેટલી છે તેની સચોટ માહિતી મળી જાય છે. આ સિવાય બીજી મહત્વની બાબત એ છે કે ખરીદી કરતા પહેલા સોનાની કિંમતને બજારના અલગ-અલગ સ્રોતો સાથે ક્રોસ ચેક કરી લેવી જોઈએ. ગ્રાહકોએ સોનાનું સાચું વજન અને ખરીદીના ચોક્કસ દિવસે ચાલી રહેલા સત્તાવાર ભાવોની વિગતો ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ પરથી ચકાસી લેવી જોઈએ, કારણ કે બજારમાં ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવ તેની શુદ્ધતાના આધારે તદ્દન અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 828 પોઈન્ટ વધીને 77,569 પર બંધ: નિફ્ટીમાં 244 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેંક અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી

**મુંબઈ, તા.10**

આજનો દિવસ ભારતીય શેરબજાર માટે ખૂબ જ શાનદાર રહ્યો છે. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર, ૧૦ જુલાઈના રોજ બજારમાં જોરદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. મજબૂત વૈશ્વિક સંકેતો અને સ્થાનિક ખરીદીના જોરે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સ લીલા નિશાન પર બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૮૨૮ પોઈન્ટ એટલે કે આશરે ૧.૦૮ ટકાના જંગી ઉછાળા સાથે ૭૭,૫૬૯ ના સ્તર પર બંધ આવ્યો હતો. આવી જ તેજી નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ જોવા મળી હતી, જે ૨૪૪ પોઈન્ટ એટલે કે ૧.૦૨ ટકા વધીને ૨૪,૨૦૬ ની સપાટી પર પહોંચી ગયો હતો. આજના આખા દિવસના કારોબાર દરમિયાન ખાસ કરીને બેંકિંગ અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં રોકાણકારોએ સૌથી વધુ રસ દાખવ્યો હતો અને ભારે ખરીદી કરી હતી, જેના કારણે બજારને આટલો મોટો ટેકો મળ્યો હતો. બીજી તરફ, દેશની અગ્રણી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ એટલે કે ટીસીએસ દ્વારા તેના ત્રિમાસિક પરિણામો જાહેર કરવામાં આવ્યા બાદ તેના શેરમાં પણ હલચલ જોવા મળી હતી.



નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરના પરિણામો અપેક્ષા મુજબના રહેતા આજે ટીસીએસનો શેર ૦.૯૦ ટકાના ઉછાળા સાથે ૨,૦૬૮ રૂપિયા પર બંધ થયો હતો. જોકે, લાંબા ગાળાના પ્રદર્શન પર નજર કરીએ તો આ શેર છેલ્લા કેટલાક સમયથી દબાણ હેઠળ રહ્યો છે, જેમાં છેલ્લા ૬ મહિનામાં કંપનીના શેરમાં લગભગ ૩૦ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા એક વર્ષના સમયગાળામાં તો તે આશરે ૪૦ ટકા જેટલો તૂટ્યો છે. જો કંપનીની નાણાકીય સ્થિતિની વાત કરીએ તો, ટીસીએસનો ચોખ્ખો નફો ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ૧૨,૭૬૦ કરોડ રૂપિયાની સરખામણીએ ૫ ટકા વધીને આ વખતે ૧૩,૩૪૯ કરોડ રૂપિયા રહ્યો છે. આ સાથે જ ઓપરેશન્સમાંથી થતી આવકમાં પણ વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો મોટો વધારો નોંધાયો છે અને તે ૭૨,૨૭૫ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સારા પ્રદર્શનને પગલે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે શેર દીઠ ૧૨ રૂપિયાનું વચગાળાનું ડિવિડન્ડ મંજૂર કર્યું છે, જેના માટે આગામી ૧૫ જુલાઈને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરવામાં આવી છે.

વૈશ્વિક બજારોની સ્થિતિ પણ ભારતીય બજારની આ તેજીને સપોર્ટ કરી રહી હતી. એશિયન બજારોમાં આજે સર્વત્ર લીલો રંગ જોવા મળ્યો હતો, જેમાં સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૧૮૪ પોઈન્ટ એટલે કે ૨.૫૨ ટકાના જબરદસ્ત ઉછાળા સાથે ૭,૪૭૬ પર બંધ રહ્યો હતો. જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ ૮૧૪ પોઈન્ટ એટલે કે ૧.૨૦ ટકા વધીને ૬૮,૫૫૮ પર પહોંચ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૧૪૫ પોઈન્ટ એટલે કે ૦.૬૦ ટકાની મજબૂતી સાથે ૨૪,૧૭૫ ના સ્તરે બંધ થયો હતો. આ પૂર્વે ગઈકાલે અમેરિકી બજારોમાં પણ સારો સુધારો જોવા મળ્યો હતો, જ્યાં ડાઉ જોન્સ ૧૩૯ પોઈન્ટ વધીને ૫૨,૪૮૭ પર, નાસ્ડેક ૩૩૬ પોઈન્ટના મોટા ઉછાળા સાથે ૨૬,૨૦૭ પર અને એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૬૧ પોઈન્ટ વધીને ૭,૫૪૪ ના સ્તરે બંધ રહ્યો હતો. બજારમાં રોકાણકારોના વલણની વાત કરીએ તો, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII દ્વારા ભારતીય બજારમાંથી ૫૩૩ કરોડ રૂપિયાના શેરની ચોખ્ખી વેચવાલી કરવામાં આવી હતી.

# TCSએ પ્રથમ ક્વાર્ટરમાં 9,200થી વધુ કર્મચારીઓ ઉમેર્યા: ચોખ્ખો નફો 5% વધીને ₹13,349 કરોડ થયો, કંપની શેર દીઠ ₹12 ડિવિડન્ડ આપશે

**નવી દિલ્હી, તા.10**

દેશની સૌથી અગ્રણી આઈટી સર્વિસિસ પ્રોવાઈડર કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ એટલે કે ટીસીએસ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦store૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. જૂન મહિનામાં પૂર્ણ થયેલા આ ક્વાર્ટરના આંકડા દર્શાવે છે કે કંપનીએ બિઝનેસ અને રોજગાર બંને મોરચે શાનદાર પ્રદર્શન કર્યું છે. આ સમયગાળા દરમિયાન ટીસીએસમાં કામ કરતા કુલ કર્મચારીઓની સંખ્યામાં પાછલા ત્રિમાસિક ગાળાની સરખામણીએ ૯,૨૦૦ કરતાં પણ વધુનો મોટો વધારો નોંધાયો છે, જેના કારણે હવે કંપનીનું કુલ હેડકાઉન્ટ વધીને ૫,૯૩,૭૯૮ ના સ્તરે પહોંચી ગયું છે. આ શાનદાર દેખાવની સાથે કંપનીનો વાર્ષિક ધોરણે કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ પણ આશરે ૫ ટકા વધીને ૧૩,૩૪૯ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે, જે કોર્પોરેટ જગતમાં કંપનીની મજબૂત પકડ દર્શાવે છે. કર્મચારીઓની સંખ્યામાં થયેલો આ વધારો ટીસીએસ માટે એક બહુ મોટું પુનરાગમન માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ પૂર્વે કંપની સતત ત્રણ ત્રિમાસિક ગાળા સુધી કર્મચારીઓની ઘટતી સંખ્યાનો સામનો કરી રહી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટરમાં કંપનીના કુલ કર્મચારીઓ ૫,૮૪,૫૧૯ હતા, જે હવે વધીને ૫,૯૩,૭૯૮ થયા છે. ઈતિહાસ પર નજર કરીએ તો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં કંપનીના સ્ટાફની સંખ્યા ૬,૧૩,૦૬૯ ના સર્વોચ્ચ શિખર પર પહોંચી ગઈ હતી, પરંતુ ત્યારબાદ આઈટી સેક્ટરમાં ચાલી રહેલી વૈશ્વિક મંદીના કારણે તે જ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટર સુધી સતત ઘટીને ૫,૮૨,૧૬૩ ના નીચલા સ્તરે આવી ગઈ હતી. હવે આ નવો ઉછાળો આઈટી સેક્ટરમાં ફરીથી રિકવરી આવી રહી હોવાના સ્પષ્ટ સંકેતો આપે છે.

કંપની દ્વારા જાહેર કરવામાં આવેલી ત્રિમાસિક ફેક્ટશીટ અનુસાર, બિઝનેસમાં કર્મચારીઓનો સ્વૈચ્છિક નોકરી છોડવાનો દર એટલે કે એટ્રિશન રેટ છેલ્લા ૧૨ મહિનાના આધાર પર ૧૩.૬ ટકા નોંધાયો છે, જેને કંપનીએ ગત ક્વાર્ટરની જેમ જ એક મર્યાદિત સ્તરે જાળવી રાખવામાં મોટી સફળતા મેળવી છે. આ સાથે જ કંપનીમાં વિવિધતા અને સમાનતાનું ઉત્તમ ઉદાહરણ જોવા




મળે છે, જ્યાં કુલ વર્કફોર્સમાં મહિલા કર્મચારીઓની ભાગીદારી આશરે ૩૫ ટકા જેટલી ઊંચી છે. આ સિવાય વૈશ્વિક સ્તરે વિસ્તરેલી આ કંપનીમાં વર્તમાન સમયમાં દુનિયાના ૧૪૮ અલગ-અલગ દેશોના નાગરિકો એકસાથે કામ કરી રહ્યા છે, જે તેને વૈશ્વિક સ્તરે એક આદર્શ એમ્પ્લોયર બનાવે છે.

કંપનીની આર્થિક પ્રગતિ પર નજર કરીએ તો, ટીસીએસનો ચોખ્ખો નફો ગયા વર્ષના સમાન ગાળાના ૧૨,૭૬૦ કરોડ રૂપિયાની સરખામણીએ ૫ ટકા વધીને ૧૩,૩૪૯ કરોડ રૂપિયા થયો છે. તે જ પ્રમાણે કંપનીની મુખ્ય કામગીરી એટલે કે ઓપરેશન્સમાંથી મળતી રેવન્યુમાં પણ વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો જોરદાર ઉછાળો જોવા મળ્યો છે અને તે ૭૨,૨૭૫ કરોડ રૂપિયાના વિશાળ આંકડા પર પહોંચી ગઈ છે. આ શાનદાર કમાણીનો સીધો લાભ કંપની પોતાના રોકાણકારોને આપવા જઈ રહી છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે શેર દીઠ ૧૨ રૂપિયાનું વચગાળાનું ડિવિડન્ડ મંજૂર કર્યું છે અને આ લાભ મેળવવા માટે આગામી ૧૫ જુલાઈને રેકોર્ડ ડેટ તરીકે જાહેર કરવામાં આવી છે.

વ્યવસાયિક મોરચે પણ કંપનીએ નવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે, જેમાં આ ચોક્કસ ક્વાર્ટર દરમિયાન કંપનીની કુલ ઓર્ડર બુક ૯.૫ બિલિયન ડોલર જેટલી મજબૂત રહી છે. આ ઓર્ડર બુકની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં એસકેએફ કંપની સાથે થયેલો ૮૦૦ મિલિયન ડોલરનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સોદો સામેલ છે. આ ઉપરાંત કંપનીએ ટેક્નોલોજી ક્ષેત્રની દિગ્ગજ કંપની સર્વિસનાઉ સાથે મલ્ટી-મિલિયન-ડોલરની વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે અને યુરોપ સ્થિત ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦ યાદીમાં સ્થાન ધરાવતી એક મોટી કંપની સાથે પણ લાખો ડોલરનો મોટો વેપારી કરાર કર્યો છે. કંપનીના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર સમીર સેકસરીયાએ આ પરિણામો અંગે પોતાના મંતવ્યો રજૂ કરતા જણાવ્યું છે કે કંપનીએ પોતાના કર્મચારીઓ માટે વાર્ષિક વેતન વૃદ્ધિ એટલે કે સેલેરી હાઈક સંપૂર્ણપણે લાગુ કરી દીધી છે. આ આર્થિક બોજ છતાં કંપનીએ પોતાની પાર્ટનર ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવી છે અને ભવિષ્યની બજારમાં લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા સુધારવા માટે યોગ્ય જગ્યાએ લક્ષિત રોકાણો પણ કર્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે કંપની પોતાની નફાકારકતા અને રિટર્ન રેશિયોને જાળવી રાખવાની સાથે-સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત નવી ક્ષમતાઓ વિકસાવવા, નવી ટેક્નોલોજી પ્રાપ્ત કરવા અથવા વૈશ્વિક સ્તરે મોટી ભાગીદારી કરવા પર પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સામાન્ય વાચકો અને શેરબજારના નવા રોકાણકારો માટે આ અહેવાલમાં વપરાયેલા બે મહત્વના શબ્દો સમજવા ખૂબ જ જરૂરી છે, જેમાં પ્રથમ શબ્દ છે એટ્રિશન રેટ. કોર્પોરેટ જગતમાં આ ટર્મનો ઉપયોગ કર્મચારીઓના નોકરી છોડવાના દરને માપવા માટે થાય છે અને તેની ગણતરી હંમેશા ટકાવારીમાં થાય છે. ઉદાહરણ તરીકે જો કોઈ કંપનીનો એટ્રિશન રેટ ૧૩.૬ ટકા હોય, તો તેનો અર્થ એ થાય છે.

# એર ઈન્ડિયા દુનિયાની ચોથી ઓન-ટાઈમ એરલાઈન બની: જૂનમાં 86.85% ફ્લાઈટ્સ સમયસર પહોંચી, સિંગાપોર એરલાઈન્સ અને એમિરેટ્સને પાછળ છોડ્યા

**નવી દિલ્હી, તા.10**

ટાટા ગ્રુપની માલિકીની વિમાની કંપની એર ઈન્ડિયાએ વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધારતા એક નવો ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. એર ઈન્ડિયા હવે દુનિયાની ચોથી સૌથી પંક્ચ્યુઅલ એટલે કે સમયની પાબંદ એરલાઈન્સ બની ગઈ છે. એવિએશન સેક્ટરના આંકડા જાહેર કરતી પ્રતિષ્ઠિત એનાલિટિક્સ ફર્મ સિરિયમ દ્વારા જૂન ૨૦૨૬ ના મહિનાનો લેટેસ્ટ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ એર ઈન્ડિયાની લગભગ ૮૬.૮૫ ટકા ફ્લાઈટ્સ એટલે કે દર ૧૦૦ માંથી ૮૭ વિમાનો બિલકુલ તેના નિર્ધારિત અને સાચા સમયે ગંતવ્ય સ્થાને પહોંચ્યા છે. ટાટા ગ્રુપે જ્યારે આ કંપનીની કમાન સંભાળી ત્યારથી તેમાં મોટા પાયે સુધારા કરવામાં આવી રહ્યા છે અને આ જ કારણ છે કે જૂન મહિના દરમિયાન કંપનીએ પોતાની કુલ ૧૫,૧૩૫ ફ્લાઈટ્સનું સફળતાપૂર્વક સંચાલન કર્યું છે. આ શાનદાર પ્રદર્શનના જોરે એર ઈન્ડિયાએ વૈશ્વિક સ્તરે સિંગાપોર એરલાઈન્સ અને એમિરેટ્સ જેવી દિગ્ગજ કંપનીઓને પણ પાછળ છોડી દીધી છે. એવિએશન સેક્ટરના આંતરરાષ્ટ્રીય નિયમો એવું કહે છે કે જો કોઈ ફ્લાઈટ તેના નક્કી કરેલા સમયથી ૧૫ મિનિટના ગાળામાં ઉડાન ભરી લે છે તો તેને રાઈટ ટાઈમ એટલે કે બિલકુલ સમયસર માનવામાં આવે છે.

સિરિયમ દ્વારા જાહેર કરવામાં આવેલી આ વૈશ્વિક રેન્કિંગની યાદી પર નજર કરીએ તો ગ્લોબલ લેવલે એર ઈન્ડિયા કરતાં આગળ માત્ર ત્રણ જ એરલાઈન્સ રહી છે. આ યાદીમાં સાઉદી અરેબિયાની સાઉદિયા એરલાઈન્સ ૯૨.૩૮ ટકાના ઓન-ટાઈમ રેટ સાથે દુનિયામાં પ્રથમ ક્રમે રહી છે. જ્યારે કોરિયન એર ૮૮.૫૬ ટકા સાથે બીજા સ્થાને અને એરોમેક્સિકો ૮૬.૯૪ ટકાના રેટ સાથે ત્રીજા સ્થાને રહી છે. ચોથા સ્થાને ભારતની એર ઈન્ડિયા આવ્યા બાદ દુનિયાની ટોપ-૧૦ એરલાઈન્સની બાકીની યાદીમાં સિંગાપોર એરલાઈન્સ, વેસ્ટજેટ, એમિરેટ્સ, ટર્કિશ એરલાઈન્સ, એસએએસ અને કતાર એરવેઝ જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે જે તમામ આ વખતે પંક્ચ્યુઆલિટીની બાબતમાં ભારતની કંપની કરતાં



પાછળ રહી ગઈ છે.

એર ઈન્ડિયાએ માત્ર સમય પાલન જ નહીં પરંતુ ઓપરેશન્સના ક્ષેત્રમાં પણ જોરદાર પ્રદર્શન કર્યું છે, જેમાં જૂન મહિનામાં કંપનીનો ઓન-ટાઈમ ડિપાર્ચર એટલે કે સમયસર વિમાનના પ્રસ્થાનનો દર ૮૬.૨૩ ટકા રહ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ સમયગાળા દરમિયાન એરલાઈનનો કમ્પ્લીશન ફેક્ટર ૯૯.૭ ટકા જેટલો ઊંચો નોંધાયો છે, જેનો સીધો અર્થ એ થાય છે કે જૂન મહિનામાં કંપની દ્વારા જેટલી પણ ફ્લાઈટ્સ શિડ્યુલ કરવામાં આવી હતી તેમાંથી લગભગ તમામ ફ્લાઈટ્સ કોઈપણ જાતના કેન્સલેશન એટલે કે રદ કર્યા વિના ઓપરેટ કરવામાં આવી હતી. આ સિવાય જો એશિયા-પેસિફિક રીજન એટલે કે એશિયા પ્રશાંત ક્ષેત્રની રેન્કિંગની વાત કરીએ તો પણ એર ઈન્ડિયા ચોથા સ્થાને રહી છે. આ ચોક્કસ ક્ષેત્રમાં તે જેજુ એર, કોરિયન એર અને સ્કૂટથી પાછળ રહી છે પરંતુ સિંગાપોર એરલાઈન્સની સાથે ભારતની જ બીજી મોટી કંપની ઈન્ડિગો કરતાં ઘણી આગળ નીકળી ગઈ છે.

આ અભૂતપૂર્વ સફળતા અને રેન્કિંગમાં થયેલા મોટા સુધારા અંગે એર ઈન્ડિયાના મેનેજમેન્ટે જણાવ્યું છે કે આ પરિણામો એરલાઈન દ્વારા ઓપરેશનલ રિલાયબિલિટી એટલે કે કામકાજની વિશ્વસનીયતા અને શેડ્યૂલ ઈન્ટિગ્રિટી પર સતત આપવામાં આવી રહેલા વિશેષ ધ્યાનનું પરિણામ છે. કંપનીએ આ વૈશ્વિક સુધારાનો સંપૂર્ણ શ્રેય ઓપરેશનલ રેઝિલિયન્સ, અત્યાધુનિક નેટવર્ક પ્લાનિંગ અને તેના સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય રૂટ્સના સંચાલનમાં બહેતર એક્ઝિક્યુશન માટે છેલ્લા કેટલાક સમયમાં કરવામાં આવેલા મોટા મૂડીરોકાણને આપ્યો છે. એરલાઈન હાલમાં તેના પંચવર્ષીય ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ હેઠળ કાર્યરત છે અને તેના કારણે જ આ પર્ફોર્મન્સ સતત સુધરી રહ્યું છે.

જોકે આ આંતરરાષ્ટ્રીય સ્તરના નેટવર્કને ચલાવવામાં કંપનીને કેટલાક સ્થાનિક પડકારોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. એર ઈન્ડિયાએ દેશના સૌથી મોટા હબ-એન્ડ-સ્પોક મોડલ પર ચાલતા નેટવર્કના સંચાલન અંગે વાત કરતા સ્વીકાર્યું છે કે દિલ્હી અને મુંબઈ જેવા દેશના સૌથી મોટા હવાઈ મથકો પર ભારે ભીડ એટલે કે કન્જેશન રહે છે. આ સાથે જ ઘણીવાર એર ટ્રાફિક કંટ્રોલ એટલે કે એટીસીના કડક પ્રતિબંધોને કારણે વિમાનોના સંચાલન પર સીધી અસર પડે છે. દિલ્હી અને મુંબઈ જેવા બે મુખ્ય હબ એરપોર્ટ પર થતા વિલંબની ચેઈન ઈફેક્ટ બાદમાં સમગ્ર દેશના અને આંતરરાષ્ટ્રીય નેટવર્કની બાકીની ફ્લાઈટ્સ પર પણ જોવા મળે છે. બીજી તરફ જો ભારતના સ્થાનિક ઉડ્ડયન નિયમનકાર એટલે કે ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) ના આંકડા જોઈએ તો તેની પાસે હાલમાં મે મહિના સુધીનો જ ડેટા ઉપલબ્ધ છે. ડીજીસીએ દ્વારા દેશના મુખ્ય ૧૦ એરપોર્ટ જેવા કે બેંગલુરુ, દિલ્હી, હૈદરાબાદ, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, અમદાવાદ, કોચી, ગુવાહાટી અને લખનૌ પર તમામ સ્થાનિક એરલાઈન્સની સમય પાબંદી એટલે કે ઓન-ટાઈમ પર્ફોર્મન્સને માપવામાં આવે છે.

# ઓપનએઆઈ કર્મચારીઓએ શેર વેચીને ઘર લીધા: પૈસા રિયલ એસ્ટેટમાં રોક્યા, સાન ફ્રાન્સિસ્કોમાં ઘરોના સરેરાશ ભાવ 17 કરોડ સુધી, નોન-ટેક પરિવારો શહેર છોડી રહ્યા છે

**સાન ફ્રાન્સિસ્કો, તા.10**

સાન ફ્રાન્સિસ્કોના ડુબોસે ટ્રાયેંગલ વિસ્તારમાં એક આલીશાન ફ્લેટની કિંમત લગભગ 30 કરોડ ડોલર (2,864 કરોડ) રાખવામાં આવી હતી. રસપ્રદ વાત એ હતી કે વેચનાર રોકડને બદલે ઓપનએઆઈ (OpenAI) અથવા એન્થ્રોપિક (Anthropic)ના શેર લેવા માટે પણ તૈયાર હતો. આ એકલો કિસ્સો નથી, પરંતુ AI થી આવી રહેલા પૈસાની અસર છે, જે આખા શહેરની તસવીર બદલી રહી છે. રિયલ એસ્ટેટ ફર્મ રેડફિન (Redfin) અનુસાર, મે મહિનામાં શહેરમાં ઘરોની સરેરાશ કિંમત રેકોર્ડ 17.6 લાખ ડોલર (16.8 કરોડ) સુધી પહોંચી ગઈ હતી, જ્યારે સમગ્ર અમેરિકામાં આ સરેરાશ માત્ર લગભગ 4 લાખ ડોલર (3.8 કરોડ) છે. માર્ચમાં શહેરના ઘરોની કિંમત 19% વધી, એપ્રિલ-મેમાં પણ 14%થી વધુની તેજી જળવાઈ રહી. રેડફિનના ચીફ ઈકોનોમિસ્ટ ડેરિલ ફેરવેધર (Daryl Fairweather) મુજબ, આ ઉછાળો સીધો AI કંપનીઓના કર્મચારીઓની સંપત્તિ સાથે જોડાયેલો છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ઓપનએઆઈના 600થી વધુ વર્તમાન અને પૂર્વ



કર્મચારીઓએ કુલ 63,000 કરોડના શેર વેચ્યા હતા, એટલે કે સરેરાશ 105 કરોડ પ્રતિ વ્યક્તિ. એન્થ્રોપિકમાં પણ કર્મચારીઓને લગભગ 57,000 કરોડના શેર વેચવાની મંજૂરી મળી હતી.

એજન્ટોનું કહેવું છે કે બોલીની લડાઈ હવે સામાન્ય બાબત બની ગઈ છે, જેમાં ઘણીવાર મકાનો પૂછવામાં આવેલી કિંમત કરતાં લાખો ડોલર વધુમાં વેચાય છે. રોકડ ચૂકવણીવાળી ડીલ્સ પણ ઝડપથી વધી રહી છે, ખાસ કરીને મોંઘા વિસ્તારોમાં. જોકે, દરેક જણ આ તેજીમાં સાથે નથી. બર્કલે યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી એનરિકો મોરેટીના મતે, હજુ AI બૂમનો પ્રારંભિક તબક્કો છે. મેટા જેવી કંપનીઓમાં થઈ રહેલી છટણી આ તેજી પર લગામ પણ લગાવી શકે છે. તેમનું એમ પણ કહેવું છે કે OpenAI અને Anthropic ના આગામી શેરબજાર લિસ્ટિંગથી થતી મોટાભાગની કમાણી કર્મચારીઓને નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા રોકાણકારોને મળશે.

આ દરમિયાન શહેરના બે પરિવારોની કહાની આ બદલાવનો બીજો પાસું દર્શાવે છે. એક પરિવાર, જેમાં એક સભ્ય OpenAI માં કામ કરે છે, શેર વેચીને પોતાના જ વિસ્તારમાં ઘર ખરીદી શક્યો. જ્યારે બીજો બિન-ટેક પરિવાર શહેર છોડીને બહારના વિસ્તારમાં જવા મજબૂર બન્યો. જોકે, ડુબોસ ટ્રાયેંગલવાળો ફ્લેટ આખરે 32 લાખ ડોલર (30.5 કરોડ) માં વેચાયો, જે પૂછવામાં આવેલી કિંમત કરતાં 1.9 કરોડ વધુ હતો. શું આ ડીલમાં AI શેર પણ સામેલ હતા, તે માહિતી ગુપ્ત રાખવામાં આવી છે. જે પરિવારને શહેર છોડવું પડ્યું, તેના વડા સાન ફ્રાન્સિસ્કોમાં જ એક મોટા સરકારી પદ પર છે, તેમ છતાં તેઓ શહેરમાં મકાન ખરીદી શક્યા નહીં. હવે તેઓ ભાડે રાખેલા ઘરમાં રહે છે, જ્યાંથી તેમને રોજ લાંબી મુસાફરી કરવી પડે છે. પરિવારની માતા કહે છે, 'જો શહેરમાં રહેવાની શક્યતા હોત તો અમે ક્યારેય ન જાત. આ જોઈને ખરાબ લાગે છે કે AIના પૈસા બાકીના બધાને બહાર ધકેલી રહ્યા છે.'

# CP સાથે ક્રાઈમ બ્રાન્ચનું રથયાત્રા રૂટ પર પેટ્રોલિંગ

## AMCના પદાધિકારીઓ-મંદિર ટ્રસ્ટીએ પણ નિરીક્ષણ કર્યું, ભયજનક મકાન પર પોલીસ-AMC કર્મચારી હાજર રહેશે

**અમદાવાદ, તા.10**

ભગવાન જગન્નાથની 149મી રથયાત્રા 16 જુલાઈના રોજ નીકળવાની છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં અને ભક્તો યોગ્ય રીતે દર્શન કરી શકે તેને લઈને અમદાવાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર તડામાર તૈયારીઓ કરી રહ્યું છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ સાથે રથયાત્રા રૂટ પર સુરક્ષાને લઈને પેટ્રોલિંગ કર્યું હતું. જ્યારે ભાજપના નેતાઓએ રૂટ ઉપર રોડ, ભયજનક મકાનો અને નાની મોટી વ્યવસ્થા અંગે રાઉન્ડ લઈને તૈયારીઓ અંગે સૂચના આપી હતી.




રથયાત્રા રૂટ પર સુરક્ષાને લઈને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. જેને કોમી એકતા યાત્રા નામ આપવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની આગેવાનીમાં ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલ, ડીસીપી અજીત રાજિયન તેમજ એસ.ઓ.જી અને સાયબર ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. કોઈપણ અફવા અને ભ્રામક માહિતી પર વિશ્વાસ ન રાખવા પોલીસે અપીલ કરી છે.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે 149મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ તૈયાર છે. રથયાત્રાની પૂર્વ તૈયારીના ભાગરૂપે શહેરમાં લોકોમાં સુરક્ષાની ભાવના અને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારવાનો પ્રયાસ છે. ક્રાઈમ બ્રાન્ચ, SOG, સાયબર સેલ અને મહિલા વિંગ દ્વારા સંયુક્ત ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. સરસપુર મંદિર સુધી આશરે 8 કિલોમીટરનું એરિયા ડોમિનેશન અને પેટ્રોલિંગ કરાયું છે. રથયાત્રા રૂટ પર લોકો સાથે સીધી વાતચીત કરીને વિશ્વાસ સ્થાપિત કરવામાં આવ્યો છે. રથયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ કટિબદ્ધ છે. નાગરિકોને પોલીસની સૂચનાઓનું પાલન કરવા અને પોલીસ અને લોકોના સહયોગથી રથયાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

રથયાત્રાને લઈને વહીવટી તંત્ર દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના તમામ પદાધિકારીઓ અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સંયુક્ત રીતે સમગ્ર રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે રથયાત્રાના રૂટ પર આવતા જર્જરિત મકાનો, રસ્તાના સમારકામ અને વૃક્ષોના ટ્રિમિંગ સહિતની તમામ કામગીરી સમય પહેલાં જ પૂર્ણ કરી લેવામાં આવી છે, જેથી રથયાત્રા દરમિયાન ભક્તોને કોઈ મુશ્કેલી ન નડે.

મેયર હિતેશ બારોટે જણાવ્યું કે, 16મી તારીખે નીકળનારી ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાના રૂટનું આજે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી મેયર, ચેરમેન અને ધારાસભ્ય કૌશિકભાઈની આગેવાનીમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન કરાયું છે, જેમાં રૂટ પરના તમામ જર્જરિત મકાનોને નોટિસ આપીને જે ઉતારવા જેવા ભાગ હતા તે ઉતારી લેવાયા છે અને સુરક્ષા માટે ત્યાં ગ્રીન કવર કે પતરા લગાડી દેવાયા છે. આ ઉપરાંત રથને કે શ્રદ્ધાળુઓને અડચણ ન થાય તે માટે મોટા વૃક્ષોનું નિરીક્ષણ કરી તેનું ટ્રિમિંગ કરવામાં આવશે. રથયાત્રાના દિવસે આવા જર્જરિત મકાનો પર લોકો એકઠા ન થાય તે માટે પોલીસ બંદોબસ્તની સાથે કોર્પોરેશનની ટીમ પણ ત્યાં ખાસ હાજર રહેશે.

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને કોર્પોરેશન અને પોલીસ વિભાગ દ્વારા ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. જમાલપુર મંદિરથી ભગવાનના મોસાળ સરસપુર રણછોડજી મંદિર સુધીના સમગ્ર રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં એક પણ જગ્યાએ એવી કોઈ ખામી જોવા મળી નથી. આ વખતે તંત્ર દ્વારા અગાઉ જ તમામ કામો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે, જેનો અમને ઘણો હર્ષ છે. કોર્પોરેશન અને પોલીસ દ્વારા સારી કામગીરી કરવામાં આવી છે.

# વસ્ત્રાપુરના પીજીમાં રહેતી યુવતીને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી

## કચ્છમાં નોકરી સમયે સાથે રહેતા યુવકે લગ્ન કરવા દબાણ કર્યું, બીજે લગ્ન નહીં થવા દે એવી ધમકી આપતા પોલીસ ફરિયાદ

**અમદાવાદ, તા.10**

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં પીજીમાં રહેતી અને સરખેજ ધોળકા રોડ પર કંપનીમાં નોકરી કરતી યુવતી ને તેના જ વતનના યુવક દ્વારા તેના ન્યૂડ ફોટા વીડિયો મોકલી અને હેરાન પરેશાન કરવામાં આવતો હોવા અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. યુવતી અગાઉ તેની સાથે રહેતી હતી અને મિત્રતા હતી પરંતુ ઝઘડાના કારણે તેનાથી અલગ થઈને વતન જતી રહી હતી. 8 મહિના પહેલા જ અમદાવાદ આવીને નોકરી પર લાગી હતી. ત્યારે યુવક તેને લગ્ન કરવા દબાણ કરી અને જો નહીં કરે તો બીજે ક્યાંય લગ્ન નહીં થવા દે અને ન્યૂડ ફોટા વીડિયો વાયરલ કરવાની ધમકી આપતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




મૂળ હિમાચલ પ્રદેશની 24 વર્ષીય યુવતી વસ્ત્રાપુરમાં પીજીમાં રહે છે અને સરખેજ ધોળકા રોડ પર આવેલી કંપનીમાં નોકરી કરે છે. 2022માં તેના જ વતનના આશિષ રાણા નામના યુવક સાથે તેની મિત્રતા થઈ હતી અને તેણે કચ્છ ખાતે નોકરી અપાવી હતી. એટલે ત્યાં બંને ત્યાં સાથે રહેતા હતા.

આ દરમિયાન અવારનવાર ઝઘડા થતા હતા. આશિષએ યુવતીનો ન્યુડ વીડિયો તેના માતા પિતાને મોકલી આપ્યો હતો. જેથી આ બાબતે તેને પોલીસ ફરિયાદ કરવા જણાવ્યું હતું. પરંતુ પોલીસે બંનેનું સમાધાન કરાવી દીધું હતું. ત્યારબાદ લગ્ન કરવા દબાણ કરતો તો જેથી યુવતી પોતાના વતન જતી રહી હતી. યુવતી વતન જતી રહી હોવા અંગેની જાણ થતા આશિષ રાણાએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર યુવતીના ન્યૂડ ફોટા વીડિયો અપલોડ કર્યાં હતા. જેથી આ બાબતે હિમાચલ પ્રદેશ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી ત્યારે પોલીસે તેને ફોન કરીને ફોટા અને વીડિયો ડીલીટ કરાવ્યા હતા. યુવતી તેના વતન ખાતે રહેતી હતી અને ત્યારબાદ ડિસેમ્બર 2025માં અમદાવાદમાં સરખેજ-ધોળકા રોડ ઉપર એક કંપનીમાં નોકરી મળતા પોતે પરત અમદાવાદ આવી હતી. અને શહેરના વસ્ત્રાપુરના પીજીમાં રહેતી હતી. ત્યારે કોઈપણ રીતે આશિષે યુવતીનો નંબર મેળવી લીધો હતો અને ત્યારબાદ અવારનવાર ફોન કરી હેરાન પરેશાન કરતો હતો. યુવતીને તેના મોબાઈલ ફોન પર અન્ય નંબર પરથી તેના ન્યુડ ફોટા મોકલતો હતો અને વોટ્સએપ ડીપીમાં પણ તેનો ન્યૂડ ફોટો રાખતો હતો. એટલું જ નહીં વારંવાર લગ્ન કરવા દબાણ કરતો હતો. યુવતી તેની સાથે લગ્ન નહીં કરે તો ફોટા વીડિયો વાયરલ કરવાની અને બીજે ક્યાંય લગ્ન નહીં થવા દે એવી ધમકી આપતો હતો. આ સમગ્ર મામલે યુવતીએ કંટાળીને સાઈબર હેલ્પલાઈનની મદદ લીધી હતી. ત્યારબાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે આશિષ રાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## 11 અને 12 જુલાઈ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના, રાજ્યમાં સામાન્ય કરતાં 13% ઓછો વરસાદ નોંધાયો

**અમદાવાદ, તા.10**

હવામાન વિભાગ દ્વારા 16 જુલાઈ સુધીની વરસાદની આગાહી જાહેર કરવામાં આવી છે. જેમાં આગામી 7 દિવસ ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે આજે અને આવતીકાલે સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. 12થી 16 જુલાઈ દરમિયાન આ દિવસો દરમિયાન મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગના જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ જોવા મળી શકે છે. રાજ્યમાં સામાન્ય કરતાં 13% ઓછો વરસાદ નોંધાયો છે.



દરિયાકાંઠાના વિસ્તારો અને માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાશે. પવનની સામાન્ય ગતિ 15 થી 20 નોટ્સ રહેશે, જે વધીને 25 નોટ્સ સુધી પહોંચી શકે છે.

11 અને 12 જુલાઈના રોજ માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે. 'સ્ટીપ પ્રેશર ગ્રેડિયન્ટ'ના કારણે તીવ્ર પવન ફૂંકાઈ શકે છે, જેની ગતિ 45 થી 55 કિમી પ્રતિ કલાક અને વધીને 65 કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે. અમદાવાદમાં મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેશે અને પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાવાની સ્થિતિ રહેશે.

રાજ્યમાં અત્યાર સુધીમાં 162.5 mm વરસાદ નોંધાયો છે, જ્યારે સામાન્ય વરસાદ 187.2 મીમી હોવો જોઈએ. આમ, સામાન્ય કરતાં 13% ઓછો વરસાદ નોંધાયો છે. હાલમાં ગુજરાત માટે કોઈ મોટી વેધર સિસ્ટમ સક્રિય નથી. અગાઉની લો-પ્રેશર સિસ્ટમ હાલ ઉત્તર પ્રદેશના મધ્ય અને ઉત્તરીય ભાગોમાં છે, અને ટ્રફ લાઈન ગંગાનગર તથા રોહતક થઈને પસાર થઈ રહી છે.

# દિયરની પ્રેમિકા પુત્રીને લઈને ફરાર: સરસપુરમાંથી પાંચ વર્ષની બાળકીનું અપહરણ કરી મહિલા ઝારખંડ લઈ જતી હતી, પોલીસે 3 કલાકમાં અમીરગઢ ચેકપોસ્ટ પાસેથી પકડી

**અમદાવાદ, તા.10**

અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાંથી પાંચ વર્ષીય પુત્રીનું અપહરણ કરીને ફરાર થયેલી મહિલાને પોલીસે માત્ર 3 કલાકમાં શોધીને પરિવારને સહી સલામત સોંપી છે. પુત્રીને લઈને મહિલા ખાવાનું માંગવા ગઈ હોવાનું માનીને તપાસ નહોતી કરી, પરંતુ મોડે સુધી ન આવતા શોધખોળ હાથ ધરી હતી અને પોલીસને જાણ કરી હતી. પોલીસે કાલુપુર રેલવે પોલીસ અને અલગ અલગ જિલ્લાની પોલીસને જાણ કરી હતી. મહિલા બસમાં બાળકીને લઈને ઝારખંડ જવા નીકળી હતી ત્યારે બનાસકાંઠા અમીરગઢ ચેકપોસ્ટ નજીકથી પાલનપુર એલસીબીએ બાળક સાથે ઝડપી લીધી હતી.



શહેર કોટડા પોલીસ સ્ટેશનના પીઆઇ વી. એન. ચૌધરીએ જણાવ્યું હતું કે સરસપુર વિસ્તારમાં રહેતી 30 વર્ષીય મહિલાએ ગઈકાલે 9 જુલાઈના રોજ સાંજે 6:30 વાગ્યે કંટ્રોલ મેસેજ કર્યો હતો કે તેની પાંચ વર્ષની પુત્રીનું તેના દિયરની પ્રેમિકા શાહીબાખાતુન નટ (રહે. મૂળ. સીમંડી, ઝારખંડ) અપહરણ કરીને ફરાર થઈ ગઈ છે. જેના પગલે તાત્કાલિક ધોરણે કાલુપુર રેલવે એલસીબી અને અલગ અલગ જિલ્લાની પોલીસને બાળકીના તેમજ જનાર મહિલાના ફોટા બ્રોડકાસ્ટ કરી દેવામાં આવ્યા હતા. મહિલા બાળકીને લઈને ટ્રેન અથવા રોડ મારફતે ઝારખંડ જવા નીકળી હોવા અંગેની શંકાને લઈ ટ્રેનો અને કાલુપુર ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ પાસે તપાસ કરવામાં આવી હતી.

મહિલાના મોબાઈલ ફોનનું લોકેશન તપાસવામાં આવ્યું હતું. જોકે મોબાઈલ ફોન પહેલા બંધ હતો ત્યારબાદ તેનું લોકેશન ઉત્તર ગુજરાત તરફ મળ્યું હતું જેના પગલે શહેરકોટડા પોલીસ સ્ટેશન દ્વારા પાલનપુર એલસીબીની ટીમને જાણ કરવામાં આવી હતી. મહિલા બાળકીને બસમાં લઈ જઈ રહી હોવાને લઈને માહિતી મળતા પાલનપુર એલસીબીની ટીમે અમીરગઢ ચેકપોસ્ટ પાસેથી આરોપી મહિલાને બાળકી સાથે પકડી લીધી હતી. બાળકીને લઈને પાલનપુર ખાતે આવ્યા હતા. બાળકી સાથે મહિલાને અમદાવાદ શહેર કોટડા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવી હતી.

8 જુલાઈના રોજ આરોપી મહિલા અને તેના પ્રેમીની પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી જે ઝઘડો થયા બાદ બીજા દિવસે સવારે 11 વાગ્યે આરોપી મહિલા બાળકીને લઈને નીકળી ગઈ હતી ત્યારે બાળકીની માતાને લાગ્યું હતું કે ખાવાનું માંગવા માટે બાળકીને લઈને જતી રહી હશે, પરંતુ મોડે સુધી પરત ન આવતા છેલ્લે સાંજે શહેર કોટડા પોલીસને જાણ કરી હતી અને પોલીસે તાત્કાલિક ધોરણે બાળકીને શોધવા માટે અલગ અલગ પ્રયત્નો શરૂ કર્યા હતા. ત્રણ જ કલાકમાં બાળકીને પાલનપુર અમીરગઢ ચેકપોસ્ટ નજીકથી સહી સલામત શોધી લેવામાં આવી હતી.

મહિલાની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનાથી બાળકીના કાકા સાથે કાલુપુર રેલવે સ્ટેશન ખાતે ઓળખાણ થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો જેથી પોતે તેમની સાથે રહેવા માટે ઘરે ગઈ હતી. બાળકીનું અપહરણ કરી અને ઝારખંડ ખાતે લઈ જવામાં આવનાર હતી, ત્યારે બાળકીનું શા માટે અપહરણ કર્યું અને ભીખ મંગાવવાના હતા કે કેમ. બાળકીનું અપહરણ કરવા જ અહીંયા રહેતી હતી કે કેમ વગેરે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# AMTS બસમાં મુસાફરોને નિશાન બનાવી ચોરી કરતી વૃદ્ધ ગેંગ ઝડપાઈ

**અમદાવાદ, તા.10**

અમદાવાદ શહેરમાં જાહેર પરિવહન સેવા સમાન AMTS બસોમાં સવારી કરતા મુસાફરોના દાગીના અને રૂપિયાની ચોરી કરતી એક શાતિર ગેંગનો પર્દાફાશ થયો છે. બસમાં ભીડભાડનો લાભ ઉઠાવી વૃદ્ધ મુસાફરોના પર્સમાંથી લાખો રૂપિયાની કિંમતી વસ્તુઓ સેરવી લેતી આ ગેંગના બે વૃદ્ધ સભ્યોને LCB ઝોન-1ની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી લાખો રૂપિયાની કિંમતનો ચોરીનો મુદ્દામાલ પણ રિકવર કરી લીધો છે.

આ ચકચારી ઘટનાની વિગતો મુજબ, તાજેતરમાં એક AMTS બસમાં મુસાફરી દરમિયાન ભીડનો લાભ ઉઠાવીને એક વૃદ્ધ મહિલાના પર્સમાંથી સોનાની બંગડીઓની ચોરી કરવામાં આવી હતી. આ અંગે વાડજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને એલસીબી ઝોન-1 ની ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને ગુપ્ત બાતમીદારોના આધારે તપાસ શરૂ કરી હતી, જેના પરિણામે આ ટોળકીને દબોચી લેવામાં સફળતા મળી હતી.



પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને બે આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓ પાસેથી ચોરી કરાયેલી 57.7 ગ્રામ વજનની ચાર સોનાની બંગડીઓ મળી આવી છે, જેની વર્તમાન બજાર કિંમત અંદાજે 7.29 લાખ રૂપિયા થાય છે. પોલીસની ત્વરિત અને સચોટ કામગીરીને કારણે ભોગ બનનાર વૃદ્ધાનો ચોરી થયેલો તમામ મુદ્દામાલ સુરક્ષિત રીતે પરત મેળવી શકાયો છે.

ભલાજી હીરાજી ઠાકોર (ઉંમર 60 વર્ષ): મૂળ ખેડાનો વતની અને હાલ ચાંદખેડા વિસ્તારમાં રહે છે. તે વ્યવસાયે રિક્ષા ચલાવે છે અને અગાઉ નારોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ (દારૂબંધીના કાયદા) હેઠળ પણ પકડાઈ ચૂક્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ ગેંગમાં મયુર ચમનભાઈ ડાભી નામનો અન્ય એક શખ્સ પણ સામેલ છે, જે હાલ પોલીસ પકડથી દૂર નાસતો ફરે છે. તેને ઝડપી લેવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ ગેંગ ખાસ કરીને ભીડભાડવાળી બસોમાં આયોજનબદ્ધ રીતે ચઢીને વૃદ્ધો અને મહિલાઓને જ નિશાન બનાવતી હતી. હાલ વાડજ પોલીસ અને LCBની ટીમ બંને આરોપીઓની સઘન પૂછપરછ કરી રહી છે, જેથી શહેરમાં બનેલી આ પ્રકારની અન્ય ચોરીની ઘટનાઓના ભેદ પણ ઉકેલાઈ શકે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




